Continuous Edition : 122
RNI No. : GUJBIL/2010/40422
Year of establishment : 2010
Postal Reg. No. GJN-194/2020-2022

# OSHWAL YOUTH

# TODAY AND TOMORROW

Vol. 12 - Issue - 01 - March 2021




Date of Publication : 1st March, 2021
Periodicity : Monthly

## OSHWAL EDUCATION TRUST


A Unit Of Oshwal Education Trust
HARIA GLOBAL SCHOOL
CBSE AFF. NO:. 430448
ADMISSION OPEN
KG TO GRADE X
2021-22
Assured revision of previous year's concepts.
~Focus on holistic development
~Qualified teaching staff
~ Affordable fees
~Personal attention
288-2567201, 2568201
Near Haria College, Ahead Of Oshwal Circle, Indira Gandhi Marg, Jamnagar.
99740 92562
info@hariaglobalschool.com
www.hariaglobalschool.com

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

## ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| ચેરમેન | - | શ્રી કાંતિલાલ એલ. હરિઆ |
| મેનેજીંગ ટ્રસ્ટી | - | શ્રી રમણીકલાલ કે. શાહ |
| માનદ્‌મંત્રી | - | શ્રી ચંદુલાલ આર. શાહ |
| ટ્રસ્ટી | - | શ્રી જયંતિલાલ એલ. હરિઆ |
| ટ્રસ્ટી | - | શ્રી મોહનલાલ જી. ગોસરાણી |
| ટ્રસ્ટી | - | શ્રી શાંતિલાલ ડી. નાગડા |
| ટ્રસ્ટી | - | શ્રી ભરતેષભાઈ કે. શાહ |
| ટ્રસ્ટી | - | શ્રી કેશવજી મેઘજી ગોસરાણી |
| ટ્રસ્ટી | - | શ્રી મનીષભાઈ કે. હરિઆ |
| ટ્રસ્ટી | - | શ્રીમતી અલ્કાબેન જે. મારૂ |
| ટ્રસ્ટી | - | શ્રી રમેશ કેશવજી શાહ |

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 12 - Issue - 01 - March 2021

## સંપાદક મંડળ

| | | |
|---|---|---|
| એડિટર | - | વ્યોમેશ એમ. વૈદ્ય |
| સબ એડિટર | - | બંસરી એમ. ભટ્ટ |
| સભ્યશ્રી | - | પ્રફુલભાઈ છેડા |
| સભ્યશ્રી | - | જીપાલ આર. પટેલ |

RNI No. : GUJBIL/2010/40422
Postal Reg. No. Jam/GJN-194/2020-2022

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 12 - Issue - 01 - March 2021

For subscription :
India :- Per copy ₹ 25.00
Annual :- ₹ 200.00
Foreign :- Annual $ 20.00 or £ 15.00

Phone : (0288) 256 1453, 256 0344
e-mail : oshwalyouth@gmail.com
oshwalyouth@oshwaleducationtrust.org
website : oshwaleducationtrust.org

**Monthly Magazine of Oshwal Youth March - 2021**

Printed by :
Mrs. Pritiben Pankajbhai Trivedi
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar

Published & Owned by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat

Printed at :
Shivajeet Stationers & Printers
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar.

Published by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat



**પ્રકાશકની કલમે...**

**શ્રી રમણીકલાલ કે. શાહ**

# કોવિડરૂપી કાતિલ દાનવ અને માનવજીવન

સમગ્ર વિશ્વએ આ આખું વર્ષ ખુબ જ પીડાતા પસાર કર્યુ. કોરોના નામની અણધારી બિમારીએ આખા જગતને જાણે બાનમાં લીધું હોય એમ સૌને બંધક બનવા મજબુર કરી દીધા. વિશ્વનાં મોટા ભાગનાં દેશ આ વ્યાધિથી ઘેરાયેલા રહયા. વૈશ્વિક અર્થતંત્ર આખુંય વર્ષ ખોરવાયેલું રહયું. જગત જમાદાર એવા અમેરીકાની પણ કરોડરજ્જું સમાન અર્થતંત્રની સાંકળ છિન્ન ભિન્ન થઈ ગઈ. વિશ્વ આખું, બેરોજગારી અને મંદીનાં ભરડા વચ્ચે પીસાયું. આખું વર્ષ દરેકનાં ચહેરા પર વ્યથાનાં વાદળો છવાયેલા રહયાં. દરેક વ્યકિતની વેદના અને વ્યથાઓ કાળજું કંપાવે એવી રહી. કોઈને સંપતિ ગુમાવ્યાની વ્યથા તો કોઈને સંતતિ ગુમાવ્યાની વેદના. કોઈએ પોતાનાં વ્હાલસોયા ગુમાવ્યા. હવે ધીરે ધીરે જયારે કોરોનાનાં વળતા પાણી થયા છે ત્યારે સૌએ હાશકારો અનુભવ્યો છે અને રાહતનાં શ્વાસ લીધા છે. જો કે હજુ પણ ઘણા દેશમાં કોરોનાનો કહેર યથાવત જ છે. લોકડાઉનને લંબાવવું પડયું છે અને હજુ પણ હજારો દર્દીઓ આ મહાવ્યાધિ સામે ઝઝૂમી રહયા છે ઘણાંય એવા દેશ છે જયાં હજી મૃત્યુદર પણ યથાવત જ છે. ભારતની વાત કરીએ તો હવે આપણે ત્યાં પણ કોરોનાનાં ઘેરાયેલા વાદળ હટયા છે. જનજીવન ધીરે ધીરે ધબકતું થયું છે અને બધું થાળે પડતું જાય છે. કોરોનાની આ વ્યાધિને પહોંચી વળવા માટે ભારત પહેલેથી જ સક્ષમ હતું. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કુનેહ, કોઠાસૂઝ અને ધૈર્યના કારણે, તેમને લીધેલા કેટલાક મહત્વનાં નિર્ણયોને કારણે વિશ્વના અન્ય દેશ કરતાં આપણે ત્યાં કોરોનાની બિમારી અંતર્ગત મૃત્યુદર પણ સદભાગ્યે ઘણો નીચો રહયો એ બાબતે વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને ધીરજનાં જેટલા વખાણ કરીએ એટલા ઓછા છે. કોરોનાની કપરી સ્થિતિ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની બાજ નજર દેશનાં બધાંજ રાજયો પર અને પ્રશાસનની ગતિવિધિઓ પર અનિમેષ મંડાયેલી રહી એ વાત પણ કાબીલે દાદ છે દેશની જનતામાં કોરોનાને નાથવા તેઓ સતત પ્રોત્સાહન પૂરતા રહયા. એનાં રાષ્ટ્રજોગ સંદેશમાં તેઓ વારંવાર 'મન કી બાત' માં લોકોને એક જ અપીલ કરતા રહયા કે ધૈર્ય રાખો, અને સરકારશ્રી તરફથી નક્કી કરેલી ગાઈડલાઈનનું પાલન કરો. આપણે આ પરિસ્થિતિને ચોક્કસ પહોચી વળીશું. આટલી વિશાળ જનસંખ્યા ધરાવતા દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવી એ કામ લોઢાનાં ચણા ચાવવા જેટલું મુશ્કેલ હતું, પરંતુ શ્રી મોદી સાહેબનાં સતત પ્રોત્સાહનથી ખરેખર સૌનો સાથ સૌનો વિકાસ અને સાથે સાથે કોરોના રૂપી દાનવનો નાશ અંતે થઈને જ રહયો. ગુજરાત સરકારે પણ સમયાંતરે અલગ અલગ ગાઈડ લાઈન અને લોક સંદેશ દ્વારા કોરોનાથી નિરાશ થયેલી પ્રજામાં જાણે પ્રાણ ફૂંકયા અને ફરીથી કોરોનાનાં વમળમાંથી નિકળીને ગુજરાત ખરેખર ગતિશીલ ગુજરાત બન્યું અને ભારતનાં ભાગ્યબળને કારણે આપણે ઘર આંગણે જ વેકસીનની શોધ કરીને વિશ્વને ખરા અર્થમાં આત્મનિર્ભરતાનો સંદેશ પૂરો પાડયો. ભારત વિશ્વને કશુંક કહીને નહીં, કરીને બતાવે છે એ મંત્ર પણ સાર્થક થયો. વિશ્વગુરૂ બનવાની દિશા તરફ ધીમાં પરંતુ મક્કમ પગલે, ચાલતા ભારત દેશે વિશ્વને બતાવી દીધું કે ભારત એટલે ભારત. **त्येन त्यक्तेन भुंजीथा:** - ઉકિત અનુસાર ત્યાગ એ ભારતિય સંસ્કૃતિનું ઉત્તમ પાસું છે. અન્યને આપવામાં કેટલો આનંદ છે તે પરંપરા તો આપણે ત્યાં પુરાતન કાળથી ચાલી આવી છે. હું ત્યારેજ સુખી થઈ શકું જયારે મારો પડોશી સુખી હોય આપણી આ ભારતીય પરંપરા અનુસાર વિશ્વનાં કેટલાય દેશોને ભારતે નિ:શુલ્ક વેકસીન આપીને દેશની ઉદારતાની મિસાલ ધબકતી રાખી છે. ભારતમાં ઘર આંગણે જ બનેલી વેકસીન એટલે જાણે કે નંદોત્સવ. જાહેર જીવન સાથે જોડાયેલા સરકારી કર્મચારીઓ અને પચાસ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને રસી આપવામાં પ્રાધાન્ય અપાયું છે એ વાત જ સૂચવે છે કે દેશનો રાજા કેટલો દુરંદેશી છે. આપણે સૌએ આ વેકસીન બાબતે પણ સરકારનો આભાર માનવો જ રહયો. કોરોના અને વેકસીન બાબતે કયાંક કયાંક સરકારે કરડી આંખ પણ કરવી પડી છે પણ એ જરૂરી હતું. કાયદો અને અનુશાસન વગર કોઈ વાતને લાગુ કરવામાં વધુ સમય વીતી જાય તો દેશને મોટું નુકશાન જાય તેમ હતું.

હવે બધું ઠરીઠામ થયું છે ત્યારે સૌનાં જીવમાં જીવ આવ્યો છે. ચાલો હવે ફરીથી ભારતનાં વિકાસ માટે આપણે આપણું યોગદાન આપીએ. કોરોના સિવાય પણ દેશમાં હજુ ઘણી સળગતી સમસ્યાઓ છે તેમાંથી દેશને મુકિત મળે તેવા કાર્ય કરવા તરફ અગ્રેસર રહીએ. દેશનો વિકાસ એજ ખરા અર્થમાં આપણો વિકાસ. દેશના સારા કાર્યો નું હંમેશા ગૌરવ લઈએ અને આન, બાન, અને શાનથી કહીએ કે,

**मुश्किलो से लडने की बस हमने दिलमे ठानी है।**
**रुप रंग और वेश अलग है, पर हम हिन्दुस्तानी है।**

From the Desk of Publisher
**Ramniklal K. Shah**



# COVID - the Monster and Human Life

The entire world has been at war with a monolith called the Corono virus, which has made everybody a hostage. This virus has buckled down several nations, created economic depression and shattered lives. Pain and suffering are writ on the faces of every human being. Such has been the ravages of this virus.

Nevertheless, after a year of battling, the virus is losing its hold and the people now heave a sigh of relief. However, some countries are still in the lockdown mode and fighting the virus. But in India the effect of the virus is waning and life is returning to normal.

Because of the quick decision of Shri Narendra Modi and his ability to find a way out in a difficult situation, India was able to counter the virus, control the pandemic situation and keep the death rate low. In this context the more we talk about Shri Modiji's foresight the less it is. He Kept an eagle's eye watch on all the states and controlled the situation, this is why the world looks up to India and its ability to fight the virus. He through his show "Man Ki Baat" appealed to the people to follow the government guidelines and not to let their guard down and even assured the citizens of India, that they would overcome the situation. Another example of our PM's farsightedness and concern is the phased manner in which the vaccine was administered, first to the government workers and then to senior citizens and so forth

Undoubtedly, to keep the virus at bay in such a populous country was a herculean task but by Shri Modi's motivation through his slogan "sab ka sath sab ka Vikas" India was able to tide over this monster called the corona virus. Besides the Gujarat Government has also been giving periodic guidelines to the public and because of all these efforts, Gujarat has evolved as a progressive state.

It is also the good fortune of India to be among the first to come up with a vaccine and proclaim to the world of our self-reliance, and of course the Launch of the Covid Vaccine was no less a celebration than Janmashtami. India has also demonstrated to the world that India can slowly but steadily achieve its goals and tell the world that India is India.

Our tradition teaches us that 'giving is better than receiving' and India once again proved this by donating free vaccine to neighboring countries.

Now, that the situation is getting better let us focus on other burning issues and work for the progress of the country.

Let's do good for the country and proclaim,

मुश्किलो से लडने की बस हमने दिलमे ठानी है।
रुप रंग और वेश अलग है, पर हम हिन्दुस्तानी है।

**Oshwal Youth Today & Tomorrow.**
**The Registration of Newspapers**
**( Central Rule No .8) 1956.**
**Information about Oshwal YouthToday & Tomorrow.**
**Form No 4 ( See Rule no . 8)**

1. **Place of Publication.**
   Oshwal Education Trust,
   Haria School Campus, Indira Gandhi Marg,
   Jamnagar - 361004 - Gujarat

2. **Periodicity of its publication .** MONTHLY

3. **Printer's Name :** Mrs Pritiben Pankajbhai Trivedi.
   **Nationality :** Indian.
   **Address :**
   Shiva Sadan 2, Cricket Bunglow street,
   B/H Gurudwara , Jamnagar, Gujarat.

4. **Publisher's Name** : Ramniklal K Shah
   **Nationality :** Indian
   **Address :**
   "SONIL" Bunglow, Summair club road,
   Jamnagar 361005- Gujarat.

5. **Editor's Name** : Vyomesh M. Vaidya
   **Nationality :** Indian
   **Address :**
   302, Nawanagar Avenue, Opp. Jain Derasar,
   Pavan Chakki Road, Jamnagar.

6. **Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital.**
   **Shri Ramniklal K Shah - Publisher**
   C/O Oshwal Education Trust
   Haria School Campus, Indira Gandhi Marg,
   Jamnagar 361004 – Gujarat.

I, Ramniklal K. Shah, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Ramniklal K.Shah**
**Publisher**

**Date 01/03/2021**

# LET THE LITTLE FEET RUN

Let the little feet run,
In the open Meadows,
Let them Play in Streets,
And bellow,
Let them splash
In the puddle of the lanes
Let them come,
Out of mundane.

Do not refrain,
From Shout, Scream
And clothes they Soil,
For the world is nothing.
But a place of turmoil.

These little feet will too,
Grow up one day,
No Meadows, no streets,
will be waiting on the way,

The streets will transform
In the hectic grounds,
The fields will adopt,
The lofty norms.

Before they learn,
To bear this pun,
Let them run,
Let them run,

**Dipal Meghani Asst. Teacher.**
**Shri L.G. Haria School**

# Appeal

Dear Readers,
Jai Jinendra,

Oshwal Youth Today & Tomorrow magazine managed by Oshwal Education Trust has completed eleven years journey of publication and has entered in twelfth year. The magazine which is published both in English and Gujarati language has gained much popularity amongst the people.

The magazine is acquainting readers by publishing news about our Trust and Oshwal Samaj. In addition regular sections like news of the nation, science, health corner, introduction of special person, woman's world, Dharma Darshan Jain Tatva Darshan Mahasagar Na Moti etc. are regularly published. For these sections, we are getting very good feed back from our valued readers. We require your support and co. operation to enable us to spread more knowledge amongst the people. Our magazine is also going in overseas countries like Kenya, Canada, Dubai, America, England etc.

The subscription charges are Rs. 200 /- for the period 01/04/2021 to 31/03/2022 i.e. for one year. If you wish to pay three year subscription at a time, you have to pay Rs. 500/- For our valued subscribers who are staying overseas are required to pay $ 20 Dollar or £ 15 Pound as one year subscription.

Indian subscribers can pay their subscription by cheque drawn in favour of Oshwal Youth Today & Tomorrow. Subscription can be sent by cheque / draft to our following authorised representatives also. Foreign subscribers can sent their payment by drawing cheque in favour of Oshwal Education Trust. Expecting your co-operation.

**Ramniklal K. Shah**
**Publisher**

# વિજ્ઞપ્તિ

સ્નેહી શ્રી,
જય જિનેન્દ્ર

ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સામયિક ઓશવાળ યુથ ટુ ડે એન્ડ ટુમોરો અગીયાર વર્ષ પૂર્ણ કરી બારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. અંગ્રેજી અને ગુજરાતી એમ બંન્ને ભાષામાં પ્રકાશીત થતું આ મેગેઝીન સારી એવી લોકચાહના મેળવી ચૂકયું છે.

સદર સામયિક અમારા ટ્રસ્ટની પ્રવૃતિઓ તેમજ ઓશવાળ સમાજનાં સમાચારોથી વાચકોને વાકેફ કરાવે છે. આ ઉપરાંત રાષ્ટ્ર, વિજ્ઞાન, મહાસાગરનાં મોતી, તેમજ વ્યકિત વિશેષનો પરિચય, નારી જગત, ધર્મદર્શન, જૈન તત્વ દર્શન વગેરે વિભાગો મેગેઝીનમાં નિયમિત આપવામાં આવે છે. જે વિભાગ વિશે અમોને વાંચકોના સારા પ્રતિભાવ મળી રહયા છે. અમારૂ મેગેઝીન વિશ્વનાં દશ દેશો જેવા કે કેનીયા, કેનેડા, દુબઈ, અમેરીકા, ઈંગ્લેન્ડ વિગેરે દેશોમાં વાચકોને મોકલીએ છીએ.

જ્ઞાનની આ પરબ સામાયિકરૂપે અમે ચાલુ કરી છે તે વધારે ને વધારે લોકોની જ્ઞાનની તૃષા છિપાવે તે માટે અમારે આપના સહયોગ અને સહકારની જરૂર છે. તા. ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ સુધી ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/- છે. અને જો આપ ત્રણ વર્ષનું લવાજમ સાથે ભરવા માંગતા હો તો રૂા. ૫૦૦/- છે. વિદેશમાં વસતા અમારા માનવંતા વાચકો માટે વાર્ષિક $ ૨૦.૦૦ ડોલર અથવા £ ૧૫.૦૦ પાઉન્ડ લવાજમનો દર છે.

ભારતીય વાચકો તેમનું લવાજમ ઓશવાળ યુથ ટુ ડે એન્ડ ટુમોરોનાં નામનો ચેક લખી મોકલી શકશે. લવાજમ ચેક / ડ્રાફટથી અમારા નીચે દર્શાવેલ પ્રતિનીધીશ્રીઓને મોકલી શકો છો. વિદેશમાં વસતા વાચકો તેમનું ચુકવણું ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં નામનો ચેક લખી મોકલી શકશે. આપના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**રમણીકલાલ કે. શાહ**
**પ્રકાશક**

## List of our recognized representatives.

| Sr No. | Place | Name & Address | Phone, Mobile No. & E-mail |
|---|---|---|---|
| 1 | Ville Parle | Shri Mohanlal G. Gosrani<br>501, Shriji Krupa, Bhagatsinh Road,<br>Ville Parle (west)<br>Mumbai – 400056 | (022) 26904551<br>(022) 26716664<br>M. 9869619088, 8830036587<br>aristoplast@gmail.com |
| 2 | Thane | Shri Ajey Gosrani<br>C/o. Shri Amritlal Hemraj Gosrani<br>Purshattam Kheraj Road,<br>706, Zemith Building, Mulund (w)<br>Laxmichand B. Shah<br>1/3, Damani Estate,<br>L.B.S. Marg, Naupada<br>Thane – 400602 | Resi. (022) 25904346<br>Off. 25334360<br>ajeygosrani@gmail.com |
| 3 | Kenya | Shri Motichandbhai H. Dodhia<br>Resi. A-7, Nirav Appartment,<br>Batu Batu Road,<br>2nd Parkland Avenue,<br>Nairobi – Kenya | (R) 020 – 375 1337<br>(M) 0733745108<br>dodhiamh@yahoo.com |
| 4 | America | Shri Chandulal Popatlal Shah<br>8924, Lakewood Dr. Irving, TX 75063 Texas, USA | (M) 972 – 402 – 8186<br>chandushah@att.net |
| 5. | Others | Shri Vyomeshbhai M. Vaidya<br>Editor,<br>Oshwal Youth Today & Tomorrow<br>Haria School Sankool,<br>Indira Gandhi Marg,<br>Behind Ranjitnagar,<br>Jamnagar – 361004 | (0288) 2560344<br>(0288)2561453<br>(M) 9327582852<br><br>vyomesh.vaidya@oshwaleducationtrust.org<br>oshwalyouth@gmail.com |

## નગરના શ્રેષ્ઠીને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ..

## 'જનની જણ તો ભગત જણ, કા દાતા કાં શુર, નહિતર રહેજે વાંઝણી મત ગુમાવીશ નૂર.'



આ દોહા દ્વારા વ્યકિતનાં ઉત્તમ ગુણોનો આપણને પરિચય મળે છે. આવા જ ગુણવાન અને નવાનગરનું નજરાણું કહી શકાય તેવા નગર શ્રેષ્ઠી શ્રી રમણીકલાલ કેશવજી શાહનો આજે ૭૯મો જન્મદિવસ છે ત્યારે સૌ પ્રથમ તો આ વિરલ વિભૂતિને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવીએ છીએ. ૧૦/૦૨/૧૯૪૨ નાં રોજ ચાંપાબેરાજા મુકામે જન્મેલ શ્રી રમણીકલાલ કેશવજી શાહની જીવન ઝરમર જોઈએ તો ગરીબીને કારણે ભણતર તો એસ.એસ.સી. સુધીનુંજ રહયું. પણ સમાજને અને નગરને સતત સહકાર આપવાના ઉમદા સ્વભાવથી લોક સંપર્ક ખુબ જ ઘટ્ટ રહયો, પરિણામે ભણતર કરતાં ગણતરનાં પાઠ શીખીને પ્રગતિનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું. પિતાની છત્રછાયા તો નાનપણથી જ ગુમાવી દીધી હતી. પરંતુ માતૃશ્રી પાનીબાઈએ માતા અને પિતા એમ બન્નેની જવાબદારી ઉપાડીને તેને નિભાવી. મજૂરી કામ કરીને માતાએ શ્રી રમણીકભાઈનો સંસ્કાર સીંચીને ખૂબ વ્હાલથી ઉછેર કર્યો. જીવનપથ આમ જ આગળ વધતો રહયો. શ્રી લીલાવતી બેનનાં પાવન પગલે શ્રી રમણીકભાઈનો જીવન ચંદ્ર સોળેય કળાએ ખીલી ઉઠયો. ધંધાકીય કારકિર્દીમાં એક પછી એક સફળતાનાં સોપાનો સર કરતા રહયા. સમાજને સતત સાથે રાખીને ચાલવાની નેમ ધરાવતા શ્રી રમણીકભાઈએ સમાજના કેટલાય મોભીઓ અને કેટલીય સંસ્થાઓને પોતાની કીર્તિ અને યશમાં ભાગીદાર બનાવ્યા. રમણીકભાઈ શાહની કારકિર્દીનો ઈતિહાસ તો ઘણો લાંબો છે. છતાંય એમના માતબર યોગદાનને આ તકે યાદ કરવું જોઈએ. શ્રી રમણીકભાઈ શાહ ધી નવાનગર કો. ઓપ. બેંક લી. જામનગર, જિલ્લા સમાજ કલ્યાણ સંઘ તથા કુંવરબાઈ જૈન ધર્મશાળાનાં ચેરમેન પદે ઝળહળી રહયા છે. આ ઉપરાંત શ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ, જૈન ભોજનાલય ટ્રસ્ટ, લાલજી નાંગપાર સમર્પણ નિધિ ટ્રસ્ટ આરાધનાધામ, આર. કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી, નાંગપાર રાયમલ ચેરીટેબલ ટ્રસ્ટ આરાધનાધામ, ચાંપાબેરાજા મિત્ર મંડળ, નેશનલ હાઈસ્કૂલ, ચંદ્રેશ્વર મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટ વિગેરે નામાંકિત સેવા સંસ્થાઓના ટ્રસ્ટી પદે પણ સેવા અર્પણ કરી રહયા છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ એમણે પોતાની અમૂલ્ય સેવાઓ આપી છે. એમની આ કારકિર્દી અને ધંધાકીય કોઠાસૂઝથી પ્રેરાઈને ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયાએ ૧૯૮૨માં શ્રી રમણીકભાઈ શાહને સાયકલ અને સાયકલના પાર્ટસનાં રિસર્ચ માટે સિંગાપુર, બેંગકોક, મલેશિયા વગેરે દેશમાં મોકલ્યા હતા જયાં શ્રી રમણીકભાઈએ ભારતનું નામ રોશન કર્યુ હતું. લગભગ ત્રીસ જેટલા દેશની સફર ખેડનાર આ વિરલ વિભૂતિનાં માર્ગદર્શન હેઠળ જામનગરનું ઘરેણું કહી શકાય એવા લીલાવતી નેચર કયોર એન્ડ યોગા રીસર્ચ સેન્ટર દ્વારા જામનગરની યશ કલગીમાં સફળતાનું એક ભવ્ય પીંછું ઉમેરાયું છે જેને નગરની શાન વધારી છે. જીવનની અડધી સદી એટલે કે લગભગ પચાસ વર્ષનો ધંધાકીય અનુભવ ધરાવતા શ્રી રમણીકભાઈને સમાજનાં ભામાશા કહીએ તો જરાય અતિશયોકિત નથી. સમાજની સાથે સતત ખભે ખભો મિલાવીને ખડે પગે હાજર રહેનાર એ મુઠ્ઠી ઉંચેરા માનવી હોવા છતાં પણ સમાજનાં સૌથી નાના અને જરૂરિયાતમંદ વ્યકિતઓના સુખ દુઃખ પૂછવા એ શ્રી રમણીકભાઈના સ્વભાવની વિશેષતા છે. જરૂરિયાતમંદ માટે એમનાં દરવાજા હંમેશા ખુલ્લા જ હોય. શ્રી રમણીકભાઈએ કોઈને કરેલી મદદ એટલે જમણા હાથે કરેલી મદદની ડાબા હાથને જાણ ન થાય એવી ગોપનીય. આવા નગર શ્રેષ્ઠીનો આજે જન્મદિવસ છે તો ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ ચાલતી તમામ સંસ્થાઓ વતી તથા ધંધાકીય અને સામાજિક રીતે તેઓશ્રીની સાથે જોડાયેલા સૌ વતી શ્રી રમણીકભાઈ શાહને જન્મદિવસની અનંત શુભકામનાઓ પાઠવીએ છીએ. શ્રી રમણીકભાઈને નિરામય અને સ્વસ્થ જીવનરેખા પ્રાપ્ત થાય તથા સમાજ માટે સદૈવ દીવાદાંડી બનીને નગર તથા સમાજના પથદર્શક બની રહે એવી કામના. યાવદ્ ચંદ્ર દિવાકરો તેમની કીર્તિ ચારેય દિશાઓમાં ફૂલની જેમ મહેકતી રહે એવી અભ્યર્થના સાથે શ્રી રમણીકભાઈ કેશવજીભાઈ શાહને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ....

# સ્વ. શ્રી લખમસીભાઈ હરિઆની ૧૧૦મી જન્મજયંતિની સાયુજયપૂર્ણ ઉજવણી.



તા. ૩૧ ડીસેમ્બર એટલે શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનાં સ્વપ્નદષ્ટા અને પરમપુરુષ શ્રી લખમશીભાઈ હરિઆનો જન્મદિવસ. લખમશીભાઈની ૧૧૦મી જન્મજયંતીનાં ઉપક્રમે શ્રી ઓશવાળ એજયુ. ટ્રસ્ટ અને શ્રી એલ.જી. હરિઆ સ્કૂલનાં સંયુકત નેજા હેઠળ શાળાનાં ઓડિટોરીયમમાં પૂજયશ્રીની ૧૧૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અવસરમાં  ઓશવાળ એજયુ. ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણિકભાઈ શાહ ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહ, ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવિધ કમિટિઓનાં સદસ્ય શ્રી ભાવેશભાઈ હરિયા, બિપિનભાઈ ઝવેરી, બિપિનભાઈ વાધર, શેતલબેન શેઠ તથા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિવિધ શાળા અને  કોલેજનાં આચાર્યશ્રીઓ શ્રીમતિ સ્નેહલબેન કોટક પલાણ, ડો. અજય શાહ, શ્રી હેતલબેન સાવલા, શ્રી મયંક ત્રિવેદી, શ્રી ધવલ પટ્ટ વગેરે સહર્ષ ઉપસ્થિત રહયા હતા.

આ અવસરની શુભ શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થનાગીતથી કરવામાં આવી હતી. પ્રાર્થનાને શાળાનાં સુપરવાઈઝર શ્રી દર્શના જોષી તથા શિક્ષકો શ્રી  અનિતા બાહરા અને શિલ્પા ચક્રવતીનો અવાજ સાંપડયો હતો. સ્વ. શ્રી લખમશીભાઈનાં ઉતમ સદગુણોને વર્ણવતા શાળાનાં શિક્ષિકા શ્રી ધરતી ત્રિવેદીએ લખમશી ભાઈનું જીવન ચરિત્ર પોતાનાં શબ્દોની માળામાં પરોવીને ઉપસ્થિત સૌને અભિભૂત કર્યા હતા. આ પાવન અવસરે ઓશવાળ એજયુ. ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ શાહે સ્વ. શ્રી લખમશીભાઈની કેટલાક સત્કાર્યોની મુકતકંઠે પ્રશંસા કરી હતી. તેમણે વધુમાં કહયુ હતું કે આવી દિવ્ય ચેતનાઓ ધરતી પર જવલ્લે જ જન્મ લે છે. શ્રી લખમશીભાઈનો શિક્ષણ તરફનો લગાવ 'ભણે તે જીવનની ઈમારત ચણે' જેવા મંત્ર દ્વારા શ્રી રમણીકભાઈએ સ્વર્ગસ્થની શિક્ષણની તાલાવેલી સૌને બતાવી હતી. શ્રી રમણીકભાઈ શાહની સાથે સૂર પૂરાવતા ઓશવાળ એજયુ. ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી ભરતેશભાઈ શાહે પણ લખમશીભાઈની કોઠાસૂઝ અને સામાજીક વ્યવહારનાં જ્ઞાનની સૌને માહિતી આપી હતી. સાથે સાથે હવેથી દર વર્ષ સ્વ. શ્રી લખમશીભાઈની જન્મતિથિને 'ઓશવાળ એજયુકેશન દિવસ' તરીકે ઉજવવાનો સંકલ્પ કર્યો હતો. શ્રી ભરતેશભાઈ શાહનો આ પાવન સંકલ્પ સૌએ તાળીઓનાં ગડગળાટથી વધાવી લીધો હતો. સ્વ. શ્રી લખમશીભાઈની વાતો કરતા કરતા શ્રી ભરતેશભાઈ શાહે ગદગદ કંઠે કહયુ હતું કે આ વિરાટ વ્યકિતત્વમાંથી જો બે ચાર ગુણનો પણ આપણે અમલ કરીએ તો જીવન ધન્ય બની જાય.

સ્વ. શ્રી લખમશીભાઈ જેવી વિરલ વિભૂતિઓ માત્ર દેહથી જ મૃત્યુ પામતી હોય છે. બાકી તો આવી ચેતના જગતમાં તેમના ઉમદા સ્વભાવ અને ઉમદા કાર્ય દ્વારા અમર થઈ જતી હોય છે. સ્વ. શ્રી લખમશીભાઈની પરમ ચેતના કાયમ ઓશવાળ એજયુકેશનની પથદર્શક બની રહેશે. સૌને સાથે લઈને ચાલનાર આ યુગ પુરુષનાં કાર્યોનો ઝળહળાટ આકાશનાં ધ્રુવ તારાની જેમ અહર્નિશ ચમકતો રહેશે અને  સૌને યાદ અપાવશે કે અન્ય માટે અગરબતી બનીને જીવવામાં જ માનવ જીવનની સાચી સાર્થકતા છે.

સમગ્ર કાર્યક્રમમાં શાળાનાં સ્ટાફને પણ  સ્વ. શ્રી લખમશીભાઈની જીવન ઝરમરમાંથી ઘણું શીખવા મળ્યું હતું. પધારેલા સૌ અતિથિઓનો આભાર માનતા શાળાનાં આચાર્યશ્રી  ધવલ પટ્ટે પણ સ્વ. શ્રી લખમશીભાઈની દિવ્ય ચેતના જયાં હોય ત્યાંથી દીવાદાંડી બનીને સૌને રાહ બતાવતી રહે એવી હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. સ્વર્ગસ્થનાં જન્મદિવસની મધુર ક્ષણોને સૌએ સાથે મળીને ગુલાબ જાંબુના સ્વાદ સાથે માણી હતી.

આ પાવન અવસરમાં શાળાનાં શિક્ષક શ્રી રાજ શાહે ઉદ્‌ઘોષકની જે ભૂમિકા નિભાવી એ કાબિલેદાદ રહી.

આમ, સ્વ. શ્રી લખમશીભાઈની ૧૧૦મી જન્મજયંતિનાં પાવન અવસરે સૌએ એમનાં જીવનમાંથી કશુંક શીખીને પોતાનાં જીવનને અજવાળવાનો શુભ સંકલ્પ કર્યો હતો.

OSHWAL EDUCATION TRUST

MANAGED

ENROL NOW

www.hariaschool.edu.in

# SHRI L. G. HARIA SCHOOL

(English Medium)

## ADMISSION OPEN 2021-22

FOR
PLAY HOUSE TO STD 12TH
(COMMERCE & SCIENCE)

Assured Revision of the Syllabus for the previous class

- Effective & Impressive Online Live Classes.
- Mapped revision before every Internal Exams.
- Entire Campus Under CCTV Surveillance.
- Well Equipped Library with 5000+ Books.
- The Best Labs in the City for Physics, Chemistry & Biology.
- Smart Board in Every Classroom with the Latest Digital Content.
- Sports & Co-Curricular Activities.
- Air Conditioned Classrooms for Commerce & Science.

FOR ADMISSION INQUIRY

0288 2561453, +91 8866561453 lghjam@gmail.com

Indira Gandhi marg, Jamnagar - 361004

March 2021 मार्च २०२१ Vol. 12 Issue - 01


HEALTH CORNER

# HEALTH
## IN SPRING SEASON

**Dr. Garima Dave**
**Ph.D. N. D.**
**Naturopathy Consultant**

Welcome the Spring Season- Undeniably most popular season of the year. Its beginning marks the end of harsh winter and its end marks the beginning of summer. Though the season is short-lived, it is called the king of all seasons. Spring is the season of rebirth and rejuvenation of nature. It awakens nature from deep slumber and nature becomes active again and brings a new life to earth. It brings happiness and joy after three long months of winter. As winter melts into spring the birds, bees, flowers, trees and human hearts are all nourished by more and more sunlight.

Spring season brings with itself many health benefits as well. One important benefit of this season is mental boost. Winter season can cause depression and anxiety in many people. Spring replaces those feelings with fresh and positive energy. People are able to come out of winter hibernation.

Spring season is healthy season as sunshine and fresh air enter indoor after a long winter season. People get to breathe high amount of fresh oxygen during spring season. Furthermore, ample sunshine during spring is good for the skin as sunlight is an excellent way to get Vitamin D. Spring is a time for eating diet food as after consuming winter comfortable foods during winter season many individuals put on weight. During spring season healthy fresh local food is available and above all, many vitamin rich vegetables reach their prime during spring. Some of these are Asparagus, Kale & Peas.

Undoubtedly Spring season is the best season anywhere on earth. But seasons changes also can bring health issues to the forefront as with the change in weather and climate, the temperature of our body also changes seasonal changes can stimulate some gene or immune changes as well. Some changes occur to our digestive system via the gut microbe. Which has a strong impact on our immune health. In warmer weather our appetite may reduce and we crave for lighter raw fresh foods.

Seasonal changes can cause a rise in allergy related disorders due to pollen in spring. As winter gives way to spring, people struggle to keep pace with the seasonal transition and the potential health risks posed by the change. The onset of a new season can be tricky, it can call for a change in routine a revamped diet and a new exercise regimen that suits the weather. The changing of the season is an excellent time to adopt new healthy habits or take control of any existing health problem triggered during this time.

So here are some tips to keep your health on the seventh heaved in the best season of the year:-

1. Rise early:- As the time changes and the sunrise gets earlier, hauling yourself out of bed early and getting outside can help boost your level of Vitamin D, most of which we get from sunlight on our skin. Rising early will also help to get a leg up on symptoms of depression.
2. Keep moving:- As the cold keeps us indoor during winter months, people often live a more sedentary lifestyle. But when spring arrives, there is no excuse not to walk. Try to step 10,000 steps a day. It can burn upto 400 calories. Except this, staying active can stop the symptoms of arthritis or joint pain worsening and help protect against osteoporosis by keeping joints moving and ensuring muscles around the area remain high. Exercising in the morning and warm baths can reduce stiffness. This season is a great time to add variety into exercise routine with activities such as hiking and running.
3. Protect your skin:- As you spend more and more time outdoor, it is important to take precaution to protect your skin by wearing sunblock.
4. Stay Hydrated:- In the colder months, heat sources from radiators and fireplaces can cause dry, itchy or damaged skin. Remedy this by using humidifiers, moisturizers, furthermore, increase your water intake and keep hydrated yourself by eating juicy fruits and vegetables.
5. Lighten up your food:- Spring is the time for expanding energy, not storing it. Therefore heavier slow cooked winter meals should increasingly by replaced with briskly cooked fresh ingredients. Instead of eating root vegetables, try eating more of the veggies that are popping up above the soil like beans and spring onions. Replace soups and roasts with lightly steamed or stir fried foods. Asparagus is high in protein, low in calories and rich source of various vitamins. It contains high levels of

continue on page 12

Continue from page 11

potassium which may help to control blood pressure. Spinach is rich in iron, which is key to helping red blood cells transport oxygen around the body. It is an excellent source of many vitamins, including Vitamin 'K', which can contribute to maintaining bone and cartilage. A lack of Vitamin K has been linked to osteoarthritis include some super foods to your diet such as walnuts blueberries, strawberries, kiwis, red bell peppers and broccoli to make your diet both healthy and exciting. Try to go for more locally grown seasonal foods because they can provide many benefits such as improving your immune system and digestion. Vitamin 'C', 'A' & 'Folate' all help build up your immune system.

6. Boost your Brain:- Use this new season to assess your diet and ensure you are getting enough of the right foods to aid brain and cognitive functions, as Bluberries for Antioxidants & vitamin 'C'. Black currants for vitamin 'C', Nuts & seeds for Vitamin 'E' and wholegrain foods such as brown pasta and bread to give the brain a steady supply of energy through slow glucose release.
7. Use the Flavors of Springtime:- Spring time is also a time to support your liver. Try adding some sour foods like vinegar and lemon into your dishes, also think about pungent flavors. Sprucing up your meals with mint. Spring onions, ginger, horseradish, mustard and pepper will leave you feeling bright and invigorated. Fend off the Brisk Spring winds with gently warming herbs like fennel, oregano, rosemerry, caraway, dill and bay leaves which will keep you thriving until the summer heats hits full force.
8. Remove Allergy Triggers:- Spring time is synonymous with plants being in full bloom, which also means that you can expect there to be more indoor and outdoor allergy triggers such as pollen and dust mites. You can control allergy symptoms by regularly washing linens and blankets, avoiding outdoor time when the pollen count is high and taking time to your doctor about any remedies that can alleviate your symptoms. To reduce peskey allergies, consume dark green juices and foods regularly for magnesium & calcium content, Orange colored fruits and veggies to support Vitamin 'A' consumption which will help to protect the mucus membrane, healthy fats to reduce inflammation.
9. Participate in a Cleansing or Detox Program for 1-3 weeks:- This is the season for true cleansing, and natural detoxification. SO you can go for simple Juice cleansing, the detox diet or basic elimination diets, such as a period off sugar, chocolate, salads, milk products, wheat or whatever you believe undermines your health.

So what to wait . . . . just follow the above points and enjoy your health in this season and also prepare your body for the coming summer season.

## શ્રી એલ. જી. હરીઆ સ્કૂલનાં ઝળહળતા તારલાઓનો શાનદાર સન્માન સમારોહ.

તા. ૮/૨/૨૧ ના રોજ શ્રી એલ. જી. હરીઆ સ્કૂલમાં ગુજરાત રાજય દ્વારા યોજાયેલ અલગ અલગ સ્પર્ધાઓમાં શાળાનું નામ રોશન કરનાર તેજસ્વી તારલાઓનો ઉમદા સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ ખાસ સહર્ષ ઉપસ્થિત રહયા હતા. રાજય સરકાર દ્વારા યોજવામાં આવેલ કલામહાકુંભ ઓનલાઈન સ્પર્ધા અંતર્ગત શાળાનાં વિદ્યાર્થી રેગમી અમિત કમલભાઈને સમગ્ર ગુજરાત રાજયમાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરવા બદલ, ભારત વિકાસ પરિષદ સોમનાથ વેરાવળ શાખા દ્વારા યોજાયેલ 'કંઠ ગુજરાતનો' સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિની પીપલીયા જીયા શૈલેષભાઈએ ગુજરાત રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ અને ગુજરાત ગૌરવ દિન નિમિતે ગુજરાત સરકાર દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં સમગ્ર જામનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ લિયા ક્રિશા ધર્મેશભાઈને શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ તરફથી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી ભરતેશભાઈ શાહનાં વરદ હસ્તે ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર સમારંભમાં ઝગમગતા આ સિતારાઓના ઉતમ દેખાવ બદલ શાળાનાં આચાર્યશ્રી ધવલ પટ્ટે પણ સમારંભમાં પધારેલા આ તારલાઓનાં વાલીશ્રીઓ ને તેનાં બાળકોની આ સિધ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા. શ્રી ધવલ પટ્ટે એનાં આગવા અંદાજમાં કહયું હતું કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. બાળકોમાં ઈતર પ્રવૃતિ પ્રત્યેનો વાલીઓનો સકારાત્મક અભિગમ સૌને ખુબ ગમ્યો હતો.

આ સમારંભમાં શાળાનાં આચાર્ય શ્રી ધવલ પટ્ટની સાથે ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં સી.ઈ.ઓ. શ્રી જીપાલ પટેલ, શાળાનાં એડમીનીસ્ટ્રેટર શ્રી વ્યોમેશ વૈદ્ય, પી. આર. ઓ. શ્રી બંસરી ભટ્ટ, પ્રાયમરી પ્રિન્સીપાલ શ્રી ભાવના શાહ, કે. જી. કોર્ડિનેટર શ્રી સસ્મિતા મોહંતી, સુપરવાઇઝર શ્રી કલ્પેશ પરમાર, નિશિત ગણાત્રા, શ્રી દર્શનાબેન જોષી અને અન્ય સ્ટાફગણ ઉપસ્થિત રહયો હતો. સમગ્ર કાર્યક્રમનાં ઉદઘોષક તરીકે શાળાનાં લોકપ્રિય શિક્ષક શ્રી રાજ શાહ રહયા હતા. આમ સમગ્ર સમારંભ સૌએ ખૂબ જ હર્ષ અને ઉલ્લાસભેર માણ્યો હતો.



# જૈન તત્વ દર્શન

## સાત તત્વ

– જયંતિલાલ ગુઢકા

(ગતાંકથી ચાલુ)

જાન્યુઆરીના અંકમાં જણાવેલ કે આગલા અંકમાં નિર્જરા અને મોક્ષ તત્વની વિચારણા કરશું. તે મુજબ તેના વિષે વિચારણા કરીએ છીએ.

નિર્જરા તત્વઃ જીવે પૂર્વે બાંધેલ કર્મના ઉદય કાળે સંવર પૂર્વક નિજ આત્મામાં લીનતા વધતા ઉદિત કર્મના ફળનો ભોગવટો કર્યા વગર અને તે કર્મ ઉદયથી નવું બંધ થયા વગર ખરવું થાય છે તેને નિર્જરા કહે છે. અહીં સંવર પૂર્વક કહેવાથી શરીર તેમ જ પર પદાર્થોથી જીવ નિજ આત્માની પરિણતીને વાળીને તેને આત્મસ્વભાવના જ્ઞાન-શ્રદ્ધાન-આચરણમાં સહજ એકાગ્ર કરે ત્યારે સ્વભાવમાં લીનતા થાય છે અને જયારે તે લીનતા અધિક સમય રહે ત્યારે પૂર્વે બાંધેલ કર્મો તેની સ્થિતીનો અંત સમય આવતાં ઉદયમાં તો આવે પણ જીવ તે ઉદય નિમિતે જે બાહ્ય સ્થિતી સર્જાય છે તેમાં ઓતપ્રોત ન થતાં તે કર્મો નવું બંધ કર્યા વગર ખરી જાય છે તેને નિર્જરા કહેવાય છે.

જે આત્માના સ્વભાવ પરિણામરૂપ ભાવથી કર્મરૂપી પુદગલ ફળ આપીને નાશ પામે છે તે તો ભાવનિર્જરા છે અને સવિપાક નિર્જરાની અપેક્ષાએ કાળલબ્ધિરૂપ કાળથી એટલે કર્મના ખરવાના નિશ્ચિત કાળે તથા અવિપાક નિર્જરાની અપેક્ષા તપથી જે કર્મરૂપ પુદગલોનું નાશ થવું તે દ્રવ્યનિર્જરા છે. અહીં જે તપ કહેલ છે તે નિશ્ચય તપ છે (જેમાં વ્યવહાર તપ કે જે બહિરંગ છ પ્રકારના અને અંતરંગ છ પ્રકારના એમ બાર પ્રકારના વ્યવહાર તપ છે તેના અભાવમાં) તે આત્મસ્વરૂપમાં લીનતા થતાં થાય છે અને તે તપ જ મોક્ષમાર્ગમાં સંવર-નિર્જરા-મોક્ષનું એક માત્ર કારણ છે.

સંવર પૂર્વક સ્વભાવના અવલંબને પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થાય તેને તથા અશુદ્ધતાનો વ્યય થાય તે બંન્નેને ભાવનિર્જરા કહે છે ને દ્રવ્યકર્મો ખરે તેને દ્રવ્યનિર્જરા કહે છે. ભાવનિર્જરા જીવમાં થાય અને દ્રવ્યનિર્જરા કહે છે. ભાવનિર્જરા જીવમાં થાય અને દ્રવ્યનિર્જરા પુદગલ કર્મોમાં થાય.

નિર્જરા બે પ્રકારની હોય છે. સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા. દરેક કર્મ તેની સ્થિતીના અંત સમયમાં ઉદય પામી ખરી જ જાય છે એટલે કે નિર્જરી જાય છે. ત્યારે જો જીવ તેના ફળમાં જોડાય તો નવિન કર્મના બંધને પામે છે અને તે નિર્જરાને સવિપાક નિર્જરા કહેવાય છે અને જીવ જયારે નિજના પુરૂષાર્થથી ઉદિત કર્મના ફળમાં ન જોડાતાં ત્રિકાળી સ્વભાવના આશ્રયમાં રહી નવિન કર્મના બંધને પામતો નથી ત્યારે તે નિર્જરાને અવિપાક નિર્જરા કહેવાય છે.

નિર્જરાના બીજા બે ભેદ પણ છે. (૧) અકામ નિર્જરા અને (૨) સકામ નિર્જરા.

(૧) અકામ નિર્જરા - અજ્ઞાની જીવ જે આત્મ સ્વભાવથી અજ્ઞાત, અનુભૂતી રહિત છે તેને શુભભાવથી પુણ્ય બંધ જ થાય છે તે સંસાર વૃદ્ધિનું જ કારણ થાય છે, કોઈ રીતે મોક્ષનું કારણ કહી શકાતું નથી. અજ્ઞાની મંદકષાયથી વ્રત, તપ, કરે છતાં આત્મ સ્વભાવના ભાન વિના તે મોક્ષમાર્ગના કામી ન હોવાથી તેમાં જે નિર્જરા થાય છે તેને અકામ નિર્જરા કહેવાય છે.

(૨) સકામ નિર્જરા - જ્ઞાની જીવ તે જ જીવ છે કે જેણે ત્રિકાળી નિજ શુદ્ધાત્માનો અનુભવ કરેલ છે. અને પર પદાર્થો પ્રત્યે તેનો મોહ-રાગ-દ્વેષ નષ્ટ થઈ ગયો છે. તે જયારે સ્વભાવ સનમુખ થાય છે ત્યારે ઉદયમાં આવતા કર્મોના ફળમાં ન જોડાતા તે નવિન કર્મબંધને ન પામતા તે કર્મનું ખરવું મોક્ષમાર્ગમાં ઉપયોગી એટલે કામનું હોવાથી તે નિર્જરાને સકામ નિર્જરા કહેવાય છે.

અજ્ઞાનિ જીવ બાહ્ય તપશ્ચર્ણથી પૂર્વે બાંધેલ કર્મની નિર્જરા કરે છે તે સવિપાક નિર્જરા છે કારણકે નિજ આત્માના અવલંબન વિના શુભભાવની ક્રિયા પુણ્ય બંધમાં નિમિત છે, તેને અવિપાક નિર્જરા માને છે. તે નિર્જરા તત્વની ભૂલ છે.

આપણે સંવરને સમજવા વહાણનો દષ્ટાંત લીધેલ. સંવરમાં નવા કર્મને આવતા અટકાવવાની પ્રક્રિયા થાય છે. નિર્જરામાં જે કર્મો પૂર્વે જીવે બાંધેલ છે તે નવિન બંધને ઉપજાવ્યા વગર ખરી જવાની પ્રક્રિયા છે. તેને સમજવા આપણે સમુદ્રમાં જેટલું જળ છે તેટલા જળ પ્રમાણ પાણીથી ભરેલ ટાંકીનું અનુમાન કરીએ. તેમાં ઉપરથી પાણી ભરવા નળવાળા બે અડધા ઈંચના પાઈપ અને પાણી કાઢવા માટે નીચે નળ વગરના એક ઈંચના પાઈપનું અનુમાન કરીએ. પાણી ભરવાના જે બે પાઈપ છે તેમાં એક પાઈપમાંથી પાપરૂપી પાણીનો પ્રવાહ આવે છે. અને બીજા પાઈપમાંથી પુણ્યરૂપી પાણીનો પ્રવાહ આવે છે. જીવને મોક્ષ પામવા બધા કર્મોનો નાશ કરવું અનિવાર્ય છે તે માટે પાણીની ટાંકીમાં ભરેલ પાણીમાં પૂર્વે બાંધેલ કર્મોની કલ્પના કરીએ. ટાંકીમાંથી પાણી કાઢવાના પાઈપથી જે પાણી વહે છે તે ટાંકીમાં થી કર્મરૂપી પાણીને કાઢવા પ્રમાણ છે જેને આપણે નિર્જરારૂપે જોઈએ. આ પ્રક્રિયા જીવ અનાદિ કાળથી કરતો આવે છે જેમાં ટાંકીમાં પાપ-પુણ્યરૂપી પાણીના નળ ખુલા રહેતાં પૂર્વે બાંધેલ કર્મો ટાંકીમાં એટલે કે જીવમાં આવ-જાવ કર્યા કરે છે તેથી તે ટાંકી કયારે પણ ખાલી નહીં થાય. તેનાં માટે પાપ-પુણ્યના બને નળ બંધ હોવા જરૂરી છે જેનાંથી સંવર થાય. તેનાથી નવા પાપ-પુણ્યરૂપી કર્મોનું આવવું અટકવું થાય અને ટાંકીમાં રહેલ પાણીની ટાંકીમાંથી પાણી નિકળવાની પ્રક્રિયા એટલે નિર્જરા ચાલુ રહેતાં યથા સમયે મોક્ષ અવસ્થાને પ્રાપ્ત કરવા સંપુર્ણ કર્મરૂપી પાણીથી ટાંકીનું ખાલી થવું શકય છે.

આગલા અંકમાં આપણે મોક્ષ તત્વ ઉપર વિચારણા કરશું.

.......ક્રમશ

# JAIN TATVA DARSHAN
## SAT TATVA

(Continued from previous edition)

-Jayantilal Gudhka

In January issue it was mentioned that in the next issue we will mull on the Nirjara and Moksh Tatva. Accordingly, let us mull on the same.

**Nirjara Tatva: -** At the time of the in play of the previously bonded Karma, with increase in the engrossment in one's own Soul along with manifestation of Sanvar, without the enjoyment of the fruits of the in play of these Karmas and the shading of the Karmas in play without bonding any new Karmas takes place, this is called **Nirjara**. Here, by saying 'along with manifestation of Sanvar' it is referred to the process of engrossment of Soul's state where one concentrates oneself naturally into its natural self along with the knowledge-faith and conduct as per the nature of the Soul along with its conscious turned away from its Body and all other Substances and when this engrossment continues for more than one moment, then previously bonded Karma comes into play when it attains it fruition time but the Jeeve does not engage itself with oneness in the situation that arise due to the in play of these Karmas, these Karmas are shed without Bonding a New Karma which is called **Nirjara.**

The notion of the Soul that prevails in the Nature of the Soul when the particles of Karmas are shed after giving the fruits of the Karmas in play is **Bhav Nirjara** and in context of the Savipak Nirjara (Nirjara that takes place at the maturity of the Karmas with simultaneous bondage of the new Karma) the Shading of the Karmas at the definite time of the shading of the Karmas as per its in play maturity time and in context with Avipak Nirjara (Nirjara that takes place without the bondage of New Karma that could have bonded) the shading of the Karmas with Penance is termed as **Dravya Nirjara**. Here the so called Penance is True Penance (where the so called Penance that takes place with Six types of outward and Six types of introvert Practiced Penance that lacks here) which takes place on engrossment within the nature of the Soul and only this Penance is only the One that is the cause of Sanvar-Nirjara-Moksh in the Path of the Moksh.

When an increment in the purity of the state of the Soul takes place with prop of the nature in association with Sanvar and contabescence in the impurity of the state of the Soul both of these are termed as Bhav Nirjara and the shedding of the material Karma is termed as Dravya Nirjara. Bhav Nirjara takes place in the Jeeve/Soul and Dravya Nirjara takes place in Pudgal (Matter) Karma.

Nirjara is of two types, Savipak Nirjara and Avipak Nirjara. Every Karma Particles shed by coming into play at the time of its predetermined maturity moment meaning becomes numb. At this juncture if Jeeve enjoys its fruit with its Sensory and Mental involvement then it bonds New Karma while the previously bonded Karmas are shed which is called Savipak Nirjara and when Jeeve does not perform as per the intended fruit of the in play of the previously bonded Karma with its own effort by taking abode in its permanent nature, does not bind new Karma and the resulting Nirjara is called Avipak Nirjara.

There are two other differentiae of Nirjara too. 1) Akam Nirjara and 2) Sakam Nirjara.

1) **Akam (Fruitless) Nirjara** – Mundane Jeeve binds pious Karmas only, with its Pious deeds being unaware and realization less of the nature of the Soul, which is the cause only for the extension of the Mundane World. This pious deed cannot be reckoned, in any way, to be the cause for the Moksh (Liberation). Though a Mundane Jeeve takes vow and perform penance, without being aware of the nature of the Soul, which are of pious nature but fruitless in the path of Salvation (Moksh) the Nirjara that takes place due to the shedding of the Old Karmas in this state, is termed as Akam Nirjara.

2) **Sakam (Fruitful) Nirjara** – Enlightened Jeeve is that Jeeve who has experienced the bliss of experiencing the permanent nature of its own Soul and have destroyed its illusion-attachment-aversion towards others and other substances. When it meditates by concentrating in its nature then by not interacting with the fruits of the in play of the previously bonded Karma does not attract the new Karma and do not bond new Karma while shedding the old Karma. The resulting Nirjara is helpful meaning useful in the path of Salvation, this Nirjara is called Sakam (Fruitful) Nirjara.

Ignorant Jeeve believes in shedding of previously bonded Karma with extrovert penance, which is Savipak Nirjara (as the act of pious deeds without taking any abode in the nature of the Soul is efficient cause of bondage of Pious Karma) but instead this is construed as Avipak Nirjara, which is a misconception of True Nirjara Tatva.

We had taken the example of a boat to understand Sanvar. The process of stoppage of the influx of Karmas takes place in Sanvar. In Nirjara, the process of shedding of previously bonded Karmas by Jeeve takes place without binding any new Karmas. To understand this let us imagine a water tank filled with water equivalent to the water present in an ocean. Let us imagine that there are two half inch inlet pipes with taps on the top and a pipe of one inch wide, without a tape for the outlet. There is one pipe that has a flow of water of Sin type and the other has a flow of water of Punya type out of the two inlet pipes. It is essential to destroy all Karmas for a Jeeve to attain Moksh for which let us imagine the water filled in the tank to be previously bonded Karmas. Let us imagine the flow of water from the outlet pipe of the tank to be removal of the Karma type water which is perceived as Nirjara. This process is carried out by the Jeeve since beginning less infinite time where due to the taps of Sin and Punya type water being turned on all the time, the coming and going of the previously bonded Karmas keeps happening, so this tank will never ever be emptied. For this it is necessary for the Taps of the Sin and Punya turned off which gives rise to Sanvar. With this the influx of the new Sinful and Pious Karmas gets blocked and the water that is stored in the water tank drains by the continuance of the process of outflow of the water (meaning Nirjara keeps on happening), then to achieve the State of Moksh it is possible for the tank to be emptied at an appropriate time..

We will mull on the Moksh Tatva in the next issue.

**To be continued...**

## ધર્મ દર્શન

# દેશભક્ત સુભાષચંદ્ર

લેખક : પૂ. આચાર્ય શ્રી મહાબોધિસુરિ મહારાજ



ઈમાનદારીની સુવાસ

સાબરકાંઠાના એક ગામમાં બનેલી આ સત્ય ઘટના છે.

આ ગામમાં એક શેઠ રહેતા. શેઠનું નામ છનાલાલ. એમનું સંપૂર્ણ નામ છનાલાલ ચંદુલાલ શાહ. ગામની બિલકુલ વચ્ચે શેઠની રાજમહેલ જેવી હવેલી આવેલી. આખા ગામમાં શેઠના નામનો વટ પડે.

શેઠના બે દીકરા હતા. એકનું નામ નીરજ. બીજાનું નામ ધીરજ. બેય દીકરા શેઠે ભણવા માટે અમેરીકા મોકલ્યા. બંને ગયા તે ગયા. ભણી-ગણીને અંતે પરણીને બેય ત્યાં જ ઠરીઠામ થઈ ગયા.

પુણ્યના ઉદયે બંને દીકરાનો ત્યાં ધંધો પણ જામી ગયો. ચિકાર સંપતિ કમાવા લાગ્યા. પણ હા, એની વચ્ચેય તેઓ પોતાના માતા-પિતાને ભૂલ્યા ન હતા. મા-બાપ ઉંમરલાયક થઈ ગયેલા. બંનેને પરદેશ માં રહી માતા-પિતાની ચિંતા તો થતી જ હતી.

પણ એક વાતે તેમને નિરાંત હતી. પોતે ભલે મા-બાપની સેવા કરી શકતા ન હતા, મા-બાપની સેવામાં ગામના જ એક કપલને ગોઠવી દીધું હતું. લાલજી અને રૂપા એમના નામ. બંને ભાઈઓએ આ દંપતિને દીલ દઈને સેવા કરવા માટે સૂચના કરી હતી. અને એ બંને પણ શેઠ-શેઠાણીના પુત્ર-પુત્રવધુ હોય તેમ સેવા કરતા.

એ બંનેયનો એક જ જીવનમંત્ર હતો:

**यही इबादत है, यही है इमान,**
**कि काम आये दुनिया में इन्सान के इन्सान**

શેઠ કે શેઠાણી બીમાર હોય તો લાલજી ને રૂપા બેય ખડેપગે હાજર રહેતા. રૂપા શેઠાણીબાનું માથું દબાવે. ટાઈમ થાય એટલે દવાઓ આપે. એમને નવડાવે. માથું ઓળી આપે. માથામાં તેલ નાંખે. અરે, એમ કહીએ તો ચાલે....

કે રૂપાને પોતાના ધણી લાલજીની જેટલી કાળજી ન'તી રાખતી, એથી વધુ ધ્યાન એ શેઠાણીનું રાખતી.

તો લાલજી માટે તો શેઠ ભગવાન બરાબર હતા. એક વાર શેઠ પડી ગયા તો લાલજીએ બુમાબુમ કરી નાંખી હતી. ડોકટરને બોલાવી આવ્યો હતો. શેઠના પગ દબાવવામાં એ પાછો ન પડે. સગા દીકરાની જેમ સેવા કરે.

એક દિવસ શેઠાણી ભારે બીમાર થઈ ગયા. ડોકટરોએ ખૂબ ઉપચારો કર્યા. બીમારી તો ન ગઈ પણ શેઠાણી પોતે જ પરલોક ચાલ્યા ગયા.

દીકરાઓ દોડતા ઈન્ડિયા આવી ગયા. બાનું અંતિમકાર્ય પતાવી દીધા પછી બાપુજીએ કહ્યું : બેટા ધીરજ ! બેટા નીરજ ! તારી બા તો ગઈ ને હું ય કંઈ અમરપટ્ટો લખાવીને નથી આવ્યો. માંડ હવે બે-ત્રણ વર્ષ કાઢું. પણ મારું જ્યારે અવસાન થાય ત્યારે કારજપાણી પત્યા પછી મેં ચાંદીની એક પેટી તિજોરીમાં મૂકી છે, એને ખોલજો. એમાં મારો પત્ર પણ હશે. એમાં લખેલી સૂચનાઓ પ્રમાણે વર્તજો.

ભલે બાપુજી ! કહી છોકરાઓ પાછા અમેરિકા ઉડી ગયા. પણ ચલયોગમાં અમેરિકામાં પ્રવેશ કર્યો હશે..... જેથી પંદર જ દિવસમાં એમને ઈન્ડિયા પાછું ફરવું પડયું. કારણકે બાના ગયા પછી પંદર જ દિવસમાં બાપુજી પણ ફાની દુનિયા છોડીને રવાના થઈ ગયા.

આ વખતે તો બેય દીકરા પોતાના પૂરા પરિવાર સાથે દેશમાં આવી ગયા. પિતાજીની ઉત્તરક્રિયા કરવા માટે દીકરાઓ દોડાદોડી કરતા હતા. બા-બાપુજીની ફુલ સાઈઝની તસ્વીર ઘરના બેઠકખંડમાં લગાવવામાં આવેલી. બધી જ વિધિઓ સારી રીતે પૂરી થઈ.

પિતાજીના નામે શહેરની પાંજરાપોળમાં એક લાખ રૂપિયા પણ આપ્યા. એ સિવાય પણ નાની મોટી અનેક સંસ્થાઓમાં જરૂરિયાત મુજબ પિતાજીના નામે સખાવત કરી.

બધા જ કાર્યો પૂરા થઈ ગયા હતા. આખો પરિવાર અને ગામના અગ્રણીઓ સ્વંગસ્થ શેઠની હવેલીમાં બેઠા હતા. બધાની નજર સામે બેઠેલા બે જણ પર ચોંટી હતી. એ બે જણ હતા લાલજી અને રૂપા.

બેયના ચહેરા પર ઉદાસી લીંપાયેલી હતી. બેયની આંખોમાંથી ટપટપ આંસુઓ સરકે જતા હતા. જાણે સગા મા-બાપે આ ધરતી પરથી વિદાય લીધી હોય એવો શોક આખા શરીર પર વર્તાતો હતો. શેઠ-શેઠાણીના જવાથી એક રાતમાં જાણે એમની ઉંમર દશ વર્ષની વધી ગઈ હોય એવું લાગતું હતું.

સહુને આ બંનેયની ચિંતા થતી હતી અને થાય જ ને. કારણ કે જ્યારથી તેઓ આ ઘરમાં આવેલા..... ત્યારથી શેઠ-શેઠાણીનો એવો વિશ્વાસ જીતી લીધેલો.... જેથી તેઓ પરાયા મટીને ઘરના બની ગયેલા. એટલું જ નહિ, એમની નોકરી દરમિયાન ઘરની એક નાનીશી ચીજ-વસ્તુ પણ આઘી-પાછી ન'તી થઈ.

હા, એક વખત એવું બનેલું... કે લાલજીને ઝાડુ વાળતા એક લાલ કલરની ભારે કોથળી મળેલી. લાલજી લઈને સીધો દોડયો'તો શેઠ પાસે. શેઠે કોથળી ખોલી તો અંદરથી ૨૫ તોલાના સોનાના દાગીના નીકળ્યા. બેઠેલા સૌની આંખો પહોળી થઈ ગઈ.

આ કોથળીમાં શું છે, જાણે છે?

મારે શું કામ જાણવું પડે? કોથળી તમારી છે. એટલે એમાં શું છે એ જોવાનો મારો અધિકાર નથી. લાલજીએ માથું નીચું રાખીને કહ્યું.

વાહ ! ઈમાનદારી તે આનું નામ !

શેઠે કોથળી બંધ કરીને લાલજી તરફ લંબાવી, પછી કહ્યું : લે, રાખ કોથળી.

તિજોરીમાં મૂકું, માલિક ?

ના.

તો?

તારી પાસે રાખ. આજથી એ કોથળી તારી, હું ખુશ થઈને આપું છું.

ના, માલિક ! મારાથી એ ન લેવાય. મારા માટે અણહકની રકમ ધૂળ બરાબર છે. માલિક ! કોથળી લઉં તો મને પરાયા ધનનો ચસકો લાગી જાય.

પણ આ તો ખુશીથી...

પણ કોથળી મારી તો નથી જ ને !

કોથળી એણે ન લીધી તે ન જ લીધી.

બેય દીકરાને આ વાતની ખબર હતી.

બા-બાપુજીની જેમ એમને પણ આ બેય પર પૂરેપૂરો ભરોસો હતો. એમાંય એક બાજુ બા-બાપુજીની ગેરહાજરી હતી અને બીજી બાજુ લાલજી-રૂપાની પણ ઉંમર થઈ ચૂકી હતી.

નીરજથી બોલાય ગયું : હવે?

એના જવાબમાં ધીરજ ઉભો થયો. અંદરના ખંડમાં ગયો. તિજોરીમાંથી ચાંદીની પેટી લઈ આવ્યો. આખો પરિવાર બેઠો હતો. એમાં ધીરજે કહ્યું :

રૂપાબા !

બોલો, દીકરા !

આ પેટી તમારા હાથે જ ખોલો.

રૂપાબા ઉભા થયા. ધીરજે આપેલી ચાવીથી પેટી ખોલી. સહુની નજર પેટીની અંદર પડતાજ પહોળી થઈ ગઈ. પેટીમાં સોનાની લગડીઓ ઠાંસોઠાંસ ભરી હતી. તેના ઉપર એક ગડી વાળેલો કાગળ હતો.

ધીરજે કાગળ મોટાભાઈના હાથમાં મૂકયો.

વાંચો મોટાભાઈ ! બાપુજીનો આ કાગળ.

નીરજે વાંચવા માંડયું.

દીકરાઓ ! હવે તો હું આ દુનિયામાં નથી. પણ મારી આજ્ઞા પ્રમાણે તમારે વર્તવાનું છે. આ પેટીમાં સોનાની લગડીઓ છે. એ તમારે મારી સેવા-ચાકરી કરનાર લાલજી અને રૂપાને આપી દેવી.

વળી આપણી આ હવેલી પણ એમના નામે કરી દેવી.

મારા ખાતામાં જે ૫૦ લાખ રૂપિયા પડયા છે તે પણ લાલજી-રૂપાના ખાતામાં ટ્રાન્સફર કરી દેવા.

તમારી પાસે તો લખલૂટ રૂપિયા છે, પણ અમારી પાછલી જિંદગીમાં અમારી પડખે રહેનાર લાલજી-રૂપાનું ઋણ અદા કરવા માટે હું આટલી આજ્ઞા કરું છું.

લિ. છનાલાલ શેઠ

કાગળ વાંચી ધીરજે કહ્યું : લાલજી બાપુ ! મારા પિતાજીની આજ્ઞા પ્રમાણે આ પેટી સ્વીકારો ને હવેલી પણ સ્વીકારો.

ના બેટા ! આ બધું મને ન ખપે. અમે તો નિઃસ્વાર્થ ભાવે જ સેવા કરી છે. સેવાના બદલામાં આટલો બધો લાભ મારાથી ન લેવાય. લઉં તો શેઠ-શેઠાણીની મેં કરેલી સેવા લજવાય. ના હોં, બેટા ! મને એવા દિવસ ઉપરવાળો કદી ન બતાવે કે જ્યારે હું મારા મનને મેલું કરું ને પરાયા ધન પર હાથ મૂકું.

પણ બાપુજીની આજ્ઞા છે.

બરાબર છે. પણ મારા આતમરાયની આજ્ઞા જુદી છે. મારો માંહ્યલો કહે છે કે લાલજી, કસોટીની ઘડી આવી છે. જોજે મન બગાડતો ! ના દીકરા, ના ! મને લાલચના ગંદા ખાબોચીયામાં ન નાખશો. નહિતર મારું ઉજળું જીવતર મેલું મસોતું બની જશે. મારી આ ગંગાજળ જેવી જિંદગી ગંધાતી ગટર બની જશે.

લાલજી/રૂપા પોતાની વાતને વળગીને ઉભા રહ્યા. બેય દીકરા બંનેને સમજાવવાના ભરચક પ્રયત્નો કરતા હતા.... ત્યાં જ ગામના સરપંચ, સ્કૂલના આચાર્ય અને ગામના બે-ત્રણ આગેવાનો હવેલીમાં પ્રવેશ્યા. બેય ભાઈઓએ આગતા સ્વાગતા કરી. પછી સરપંચ બોલ્યા: ગામમાં સ્કૂલનું જૂનું મકાન પાડી નવું બનાવવું છે. રકમ મોટી જોઈએ. ગામનું ગજું નથી. મોટી આશાએ આવ્યા છીએ.

કેટલી જરૂર છે?

પચાસ લાખની.ધીરજ અને નીરજે અંદર અંદર મસલત કરી. બેયને પાક્કી ખબર હતી કે સોનું દેખીને હજી મુનિવર ચળી જાય, પણ રૂપા-લાલજી તો નહિ જ ચળે. બેય ધણી-ધણીયાણી જયારે રૂપિયાને હાથ લગાવવા તૈયાર જ નથી ત્યારે આ રૂપિયા આપણાથી પણ ન વપરાય. કારણકે પિતાજીના કહેવા મુજબ આ રૂપિયાના આપણે માલિક નથી. ત્યારે આવેલા મહેમાનોની માંગણી સંતોષવી એજ આની ઉચિત વ્યવસ્થા છે.

બંને ભાઈઓએ સરપંચ, સ્કૂલના આચાર્ય વગેરેની સામે જોઈને કહ્યું : જુઓ, વડિલો ! પચાસ લાખમાં જોઈએ એવું મકાન ન બને. લખી લો, અમારા તરફથી એક કરોડ રૂપિયા. પીરવારની અને લાલજી-રૂપાની સમ્મતિ લઈ સ્કૂલ માટે એક કરોડ રૂપિયા ગણીને આપી દીધા.

ટૂંક સમયમાં જ એક અદ્યતન સ્કૂલ તૈયાર થઈ ગઈ. જયારે ઉદઘાટન થયું ત્યારે સંકુલ પર મોટા અક્ષરમાં લખાયેલા દાતાઓના નામ વાંચીને સહુ ચોંકી ગયા.

નામ હતું:

સ્વર્ગસ્થ ગુણવંતીબેન છનાલાલ શેઠ અને

શ્રીમતી રૂપાબેન લાલજીભાઈ પ્રજાપતિ.

આજે પણ આ સ્કૂલ એ ગામડામાં ઉભી ઉભી શેઠ-શેઠાણીની સાથેસાથે ઈમાનદાર લાલજીભાઈ-રૂપાબેનની ઈમાનદારીની સ્મૃતિ કરાવે છે.

(ઘટના સત્ય છે. ઘટનાના પાત્રોના નામ બદલ્યા છે.)

# શ્રી એલ.જી. હરિઆ સ્કુલમાં સરસ્વતીપૂજાની ભવ્ય ઉજવણી



તા. ૧૬/૦૨/૨૦૨૧નાં રોજ મંગળવારે વસંતપંચમીનાં ઉપલક્ષમાં શ્રી એલ.જી. હરિઆ સ્કૂલમાં સરસ્વતી પૂજાનું ભવ્ય આયોજન અને ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહયા હતાં. કાર્યક્રમનો પ્રારંભ શ્રી ભરતેશભાઈ શાહનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય બાદ શાળાનાં શિક્ષિકા અને પ્રાયમરી સુપરવાઈઝર શ્રી દર્શનાબેન જોષીએ પોતાના મધુર અવાજમાં હિન્દી ભાષાનાં પ્રસિધ્ધ કવિ શ્રી સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા' લિખીત સરસ્વતી પ્રાર્થના 'વિણાવાદિની વર દે' રજુ કરી હતી. શ્રી દર્શનાબેન જોષીની ગાયેલી પ્રાર્થનાથી સૌ મંત્રમુગ્ધ બની ગયા હતાં. પ્રાર્થના પછી શાળાનાં શિક્ષિકા શ્રી ઉર્મિલા સવસાણીએ વસંતપંચમી એટલે માં સરસ્વતીનો પ્રાગટ્ય દિન જ નહીં, પણ આપણ દરેકની અંદર સતત નવુ નવુ પ્રગટી શકે, સતત સકારાત્મકતાનાં રંગોની ફણગફુટ ચાલ્યા કરે એવા વિશાળ અર્થમાં વસંતપંચમીને મૂલવી હતી. કાર્યક્રમને આગળ વધારતા શાળાનાં આચાર્ય શ્રી ધવલ પટ્ટે પણ મા સરસ્વતીનાં આ સૃષ્ટિ ઉપરનાં અનંત ઉપકારોને ગણાવ્યા હતાં. સંસારમાં શબ્દો અને ભાષાનું સૌષ્ઠવ આપણને મા સરસ્વતીની કૃપા હોય ત્યારે જ પ્રાપ્ત થાય એવું એમનું સ્પષ્ટ મંતવ્ય હતુ.

સમગ્ર કાર્યક્રમ ઉદઘોષક તરીકે રાજ શાહ રહયા હતા. કાર્યક્રમ માટેની શાબ્દિક આભાર વિધિ પણ એમણે જ કરી હતી.

મા શારદાનાં પૂજનનાં આ શુભ અવસરમાં શ્રી એલ.જી. હરિઆ સ્કૂલનાં એડમીનીસ્ટ્રેટર. શ્રી વ્યોમેશ વૈદ્ય, પી.આર.ઓ. બંસરી ભટ્ટ, પ્રાયમરી વિભાગના આચાર્ય શ્રી ભાવના શાહ, કે.જી. વિભાગનાં કોર્ડિનેટરશ્રી સસ્મિતા મોહંતી, શાળાનાં સુપરવાઈઝરો શ્રી કલ્પેશ પરમાર, શ્રી નિશિત ગણાત્રા, શ્રી દર્શના જોષી વગેરે સહર્ષ ઉપસ્થિત રહયા હતા.

આ આખોય કાર્યક્રમ ત્યાં ઉપસ્થિત દરેકની ભીતર એક નવી જ આભા પ્રદાન કરનારો રહયો હતો.



## શ્રી એલ. જી. હરિઆ સ્કૂલના ઝળહળતા તારલા



ગુજરાત સરકાર આયોજીત કલા મહાકુંભ ૨૦૨૦ અંતર્ગત શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં ધોરણ ૭માં અભ્યાસ કરતા ચિ. અમિત કમલભાઈ રેગામીએ સુગમ સંગીતની સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરીને જામનગર શહેર તથા શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનું ગૌરવ વધાર્યુ છે. ચિ. અમિતનું આવનાર ભવિષ્ય પણ ઉતરોતર પ્રગતિમય બની રહે એવી અભ્યર્થના સાથે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ તથા શ્રી એલ. જી. હરિઆ શાળા પરિવાર તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ભારત વિકાસ પરિષદ (સોમનાથ શાખા, વેરાવળ) દ્વારા આયોજીત 'કંઠ ગુજરાતનો' સ્પર્ધા અંતર્ગત શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં ધોરણ ૪માં અભ્યાસ કરતી કુ. જીયા શૈલેષભાઈ પીપળીયાએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જામનગર શહેર તથા શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

ચિ. જીયાનું આવનાર ભવિષ્ય પણ ઉતરોતર પ્રગતિમય બની રહે એવી અભ્યર્થના સાથે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ તથા શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ તેણીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.





ગુજરાત ગૌરવ દિન નિમિતે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં જામનગરની શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં ધોરણ - ૪ માં અભ્યાસ કરતી લિયા ક્રિશા ધર્મેશભાઈએ જામનગર જીલ્લામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળા પરિવાર તથા જામનગરનું ગૌરવ વધાર્યુ છે. ચિ. ક્રિશાનું આવનાર ભવિષ્ય પણ ઉતરોતર પ્રગતિમય બની રહે એવી અભ્યર્થના સાથે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ તથા શ્રી એલ. જી. હરિઆ શાળા પરિવાર તેને ખૂબ ખૂબ શુભકામનાઓ અને અભિનંદન પાઠવે છે.

# तमसो मा ज्योतिर्गमय



વાચક મિત્રો, સંસ્કૃતમાં એક ઉકિત છે "**तमसो मा ज्योतिर्गमय**" અર્થાત હે ઈશ્વર ! અમને અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ આપો. હવે કોરોનારૂપી અંધકારમાંથી જગત ધીરે ધીરે બહાર આવી રહયુ છે. જનજીવન સામાન્ય બન્યુ છે. વિકટ પરિસ્થિતિનાં વાદળો હવે હટવા માંડયા છે. રોજગાર, ધંધા ધીરે ધીરે એની મૂળ અવસ્થા લેવા માંડયા છે. સરકારશ્રીના આદેશ અનુસાર શાળા, કોલેજો પણ રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓનો સુમધુર કલરવ ફરીથી ગુંજવા લાગ્યો છે.

અલબત, સરકારશ્રીની ગાઈડલાઈનનું ચુસ્ત પણે પાલન કરીને જ આપણે સૌ આગળ વધી રહયા છીએ ત્યારે હજુ પણ થોડી સાવધાની જરૂર વર્તીશુ. સોશીયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનેટાઈઝરને એક ક્ષણ માટે પણ ભૂલશુ નહીં. વિદ્યાર્થી મિત્રો માટે એટલું જ કહેવું છે કે તમે જ ભારતનું ઉજજવળ ભવિષ્ય છો. તમે જ દેશનું સાચું નાણું છો, ઘરેણુ છો. તમારા સહકારથી જ દેશ વિશ્વગુરુ બનવા માટે ધીમાં છતાં મકકમ પગલા ભરીને આગળ વધી રહયો છે. શિક્ષણનાં અલગ અલગ ક્ષેત્રોમાં જઈને તમે જ દેશને સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ અપાવી છે. દેશને તમારી યુવા ચેતના જ વિકાસની કેડી પર ચાલવા પ્રેરણા પુરી પાડે છે. મિત્રો, તમે જ આ ભારત ભૂમિની સમૃધ્ધિ માટેની પથદર્શક દિવાદાંડીઓ છો. રાષ્ટ્રહિત માટે મા ભારતીને તમારી પાસે ઘણી અપેક્ષાઓ છે. મને વિશ્વાસ છે કે તમે આમાં કયાંય ઉણા નહીં જ ઉતરો કારણ કે આપણે સૌ ગળથૂથીમાં જ એક મંત્ર ઘોળીને પી ગયા છીએ કે " **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी** ". અને આ માતૃભૂમિથી મહાન કોઈ હોઈ જ ન શકે. એ વાત આપણે સૌ શ્વાસમાં ભરીને જીવીએ છીએ. આવો મિત્રો, ભારતનાં કણ કણ ને તમારી જવલંત ચેતનાની જરૂર છે. આપણે સિંહ સંતાન છીએ. આત્મનિર્ભર ભારત એ જ હવે આપણું લક્ષ્ય છે. કોરોના જેવી મહામારીની વેકસીન ઘર આંગણે શોધીને આપણે જગતને સ્તબ્ધ કરી દીધુ છે. ટાંચા સાધનો હોવા છતાં આપણે એ સાબિત કરી દીધુ છે કે,

"કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો, અડગ મનનાં મુસાફરને હિમાલય પણ નથી નડતો."

વિજ્ઞાન અને ટેકનોલોજીની ઉચ્ચ સગવડ ધરાવતા વિશ્વનાં ધનાઢય દેશ પણ હજી કોરોનાની રસી બાબતે કોઈ નિર્ણય નથી લઈ શકયા ત્યારે આપણે ત્યાં રસીનું નિર્માણ એટલે જ આત્મનિર્ભરતા તરફનું વામન પગલું. મિત્રો, આપણે હજુ પણ ઘર આંગણે ઘણું કરવાનું બાકી છે. સ્વચ્છતા, મોંઘવારી, નિરક્ષરતા, ભૃણહત્યા, અંધશ્રધ્ધા, બેરોજગારી, વસ્તીવધારો આ બધા જ પ્રશ્નો મા ભારતીને પીડી રહયા છે. કયાંક ને કયાંક આ બધી જ સળગતી સમસ્યાઓ ભારતભૂમિનાં વિકાસનાં રસ્તામાં અવરોધ ઉભો કરી રહી છે. ચાલો, આપણે સૌ સાથે મળીને આ સળગતી સમસ્યાઓમાંથી દેશને મુકિત અપાવીએ. ભારતભૂમિને આપણા બધાની જરૂર છે. આપણા સૌનો એક એક હાથ જગન્નાથ છે. તો હવે પ્રતિક્ષા કોની ? આજે અત્યારથી જ પ્રતિજ્ઞા લઈએ કે હું, તમે અને આપણે સૌ ભારતની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે ગમે તેવી વિકટ સ્થિતિનો પણ મળીને સામનો કરીશુ. અમે અમારી નૈતિક ફરજોનું ચુસ્તપણે પાલન કરીશું. દેશનાં વિકાસમાં અવરોધ ઉભા કરનાર દેશદ્રોહીઓને ખૂલ્લા પાડીશુ. જરૂર પડયે જીવની બાજી લગાડીને પણ મા ભારતીનું દામન સદૈવ ઉજળુ અને નિકલંક રાખીશું અને સૌ સાથે મળીને માતૃભૂમિને વિશ્વાસ અપાવીશુ કે,

તેરા વૈભવ અમર રહે મા હમ દિન ચાર રહે ના રહે.

**ધવલ પટ્ટ,**
**આચાર્ય શ્રી,**
**શ્રી એલ.જી. હરિઆ સ્કુલ, જામનગર**

# ૨૬મી જાન્યુઆરી અને આપણું ભારત

નમસ્કાર, આજે આપણે સૌ જયારે ભારતનો ગણતંત્ર દિવસ ઉજવી રહયા છીએ ત્યારે મારા, તમારા અને આપણા સૌનાં હૈયે હરખની હેલી ઉભરાતી હોય એ સ્વાભાવિક છે. સ્વતંત્રતા પછી દેશને એકસુત્રતામાં બાંધવાનું કામ સરદાર પટેલે કર્યું. એ પણ કંઈ જેવી તેવી બાબત ન કહેવાય. પણ કાયદાઓ અને અનુશાસન વગર તો માણસને પશુવત્ બની જાય એ બાબતે ઘણા વિચાર પછી ૯ ડિસેમ્બર ૧૯૪૭થી જ ભારતનું સંવિધાન બનવાનું કાર્ય પૂરજોશમાં ચાલુ થયુ. જવાહરલાલ નહેરૂ, ડો. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામ પ્રસાદ મુખર્જી, મૌલાના આઝાદ વગેરેનાં વિચારો, સિધ્ધાંતો અને કેટલાય અનુભવોનાં નિચોડ પછી સંવિધાનને આખરી ઓપ અપાયો. બ્રિટીશ વાલીપણા હેઠળ જીવતા દેશને સંપૂર્ણ પ્રજાસતાક બનતા સુધીમાં કેટલીય મુશ્કેલીઓ આવી, પણ ભારત એમાંથી ઉજળુ થઈને બહાર આવ્યુ. ૨૬ જાન્યુઆરી આપણા સૌ માટે નંદોત્સવ જેવો જ આનંદમય દિવસ બની રહયો.

પ્રજાસતાક રાષ્ટ્ર બનતા જ લોકો વડે, લોકો માટે અને લોકોનું જ બનાવેલું લોકતંત્ર ભારતનાં દરેક નાગરિકનાં હૃદયમાં અનેરુ સ્થાન પામ્યું.

મિત્રો, આ બધુ તમને, મને અને આપણા સૌને તૈયાર ભાણે મળ્યું છે પણ આપણા પૂર્વજોએ આપણને આ ઉજ્જવળ ભારત આપવા માટે કેટલીય યાતનાઓ સહી છે, અંગ્રેજોનાં કેટલાય જુલમ, ગુલામી અને જોહુકમીઓને સહન કરી છે. અરે કેટલાય નવલોહિયા, યુવાનોએ હસતા મોઢે ફાંસીનાં ફંદાને ચૂમ્યા છે. અને મા ભારતી માટે પોતાના બલિદાન આપ્યા છે. આ લીલા વધારાયેલ નાળિયેરની શહાદતની ગરિમા જો આપણે નહીં જાળવીએ તો આપણે નગુણા કહેવાઈએ. લોકતંત્રમાં આપણને મળેલાં હકકને ભોગવવાની સાથે કેટલીય નૈતિક ફરજો છે એ પણ, અદા કરવાનું મા ભારતીને વચન આપીએ. દેશમાં ખૂણે ખૂણે ઘર કરી ગયેલ, ભ્રષ્ટાચાર, અંધશ્રધ્ધા, નિરક્ષરતા, ભૃણહત્યા, ગંદકી આ બધા જ પડકારો સામે સજ્જ થઈને આપણે સૌ સ્વચ્છ ભારત, મસ્ત ભારતનું નિર્માણ કરીએ. આઝાદીનાં આટલા વર્ષ પછી પણ આપણે હજી આપણી કેટલીય ખોટી માનસિકતાને પંપાળીને બેઠા છીએ. વિશ્વનો હરણફાળ વિકાસ આપણે વખાણીએ છીએ, પરંતુ ભારત આ પથ પર જો આગળ વધે તો આપણે તરત જ મોઢું બગાડીએ છીએ. દોસ્તો, સફળતા અને સુચારુતાનું અમૃત પીવું હોય તો આ ઝેર જેવા પડકારોને પણ પહોંચી વળવા અને એને લગામ કસવા જરૂર પડયે શંકર પણ થવું પડશે. આ ભારતની ભૂમિ છે, જયાં યુગો યુગોથી ભગવાન કૃષ્ણ અને રામનો મહિમા ગવાયો છે. આ એ ભૂમિ છે જયાં 'અતિથિ દેવો ભવ' ની ભાવના સૌના હદયમાં ધબકે છે, આપણો દેશ આદર અને અન્નક્ષેત્રનો દેશ છે. ભોજન અને ભજન એ આપણી ભાતીગળ સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. મેળાઓ અને તીર્થસ્થાનો એ આ દેશની શાન છે. જયાં ભગવા વસ્ત્રો પહેરીને હરતી ફરતી આધ્યાત્મિકતા વિવેકાનંદરૂપે અવતરે છે તો રામકૃષ્ણ પરમહંસ જેવા સમર્થ ગુરુઓ પણ રાષ્ટ્રનો મહિમા વધારે છે. આ ભારતભૂમિ 'રવિન્દ્ર અને નરેન્દ્ર' નો સુભગ સમન્વય છે.

ચાલો, દેશની જવલંત ચેતનાને સમગ્ર ભારતમાં ગંગાજળની જેમ ફેરવીને દેશની ગરીબી, બેકારી, વસ્તીવધારો, નિરક્ષરતા વગેરે જેવા પાપોને ધોઈને મા ભારતીનો પાલવ સ્વચ્છ કરીએ.

આપણે સૌ એક એવા ભારતનું નિર્માણ કરીએ કે જયાં ફરીથી કૃષ્ણ અવતરે અને મીઠો વાંસળીનાદ ગગન પર વ્યાપે, એક એવું ભારત કે જયાં ફરીથી મહારાણા પ્રતાપ અને શિવાજી જેવા મહાન યોધ્ધાઓ જન્મ ધારણ કરે. અરે! એક એવા ભારતનું નિર્માણ કરીએ જયાં ચારેબાજુ, કોમી એખલાસ, ભાઈચારો અને વિશ્વબંધુત્વની ભાવનાનાં ફૂલથી મા ભારતીનો બાગ શોભતો હોય.

આ બધુ એકલા હાથે નહીં થાય, આમાં 'સૌનો સાથ અને મા ભારતીનો વિકાસ', એ મંત્રનો આપણે જાપ કરવો પડશે. તનતોડ મહેનતરૂપી તપ કરવુ પડશે તો ચાલો દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વને માટે દીવે દીવો સળગાવીએ આવો,

જયોત સે જયોત જગાતે ચલો,
પ્રેમ કી ગંગા બહાતે ચલો.
અસ્તુ!

આલેખન : ઉર્મીલાબેન સવસાણી
આસી. ટીચર,
શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ

## સફળતાની રાહે....

# લીલાવતી નેચરક્યોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર

લીલાવતી નેચરકયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર, લાખાબાવળ છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. ૭ માર્ચ ૨૦૧૯ના રોજ શ્રી પરસોતમભાઈ રૂપાલા, કેન્દ્રિય મંત્રીશ્રીના વરદહસ્તે આ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવેલ. સમયની માંગને ધ્યાને લઈને ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટે શિક્ષણની સાથે સાથે આરોગ્યના ક્ષેત્રમાં પણ પ્રવેશ કરેલ છે. સંસ્થાનું નવુ સોપાન જામનગર જિલ્લાનું સર્વપ્રથમ <u>'લીલાવતી નેચરકયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર'</u> જામનગરથી ૧૨ કિ.મી. દૂર તથા એરપોર્ટ થી ૬ કિ.મી. દુર લાખાબાવળ મુકામે આકાર પામેલ છે.જે અંદાજે ૫ લાખ ચો.ફુટમાં પથરાયેલ છે

આજની ભાગદોડભરી તથા માનસિક તણાવયુકત જીવનમાં લોકોને પોતાના માટે સમય કાઢવો ખૂબ જરૂરી બની જાય છે. જેમ લોકો તન અને મનથી તાજા - માજા રહે તેમ વધુ ને વધુ સારી રીતે કામ કરી શકે. લોકોની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને જુદા જુદા પેકેજ બનાવેલ છે.

નેચરોપેથી એટલે કે કુદરતી ઉપચાર પધ્ધતિ જેમાં કોઈ દવા આપવામાં આવતી નથી પરંતુ દિનચર્યા, આહાર નિયમન અને પંચતત્વોના સંતુલન વડે સ્વાસ્થ્યામૃત પ્રાપ્ત કરવામાં આવે છે. સર્વપ્રથમ પ્રત્યેક વ્યકિતની સમસ્યા, રોગ તેમજ રોગોની ચાલી રહેલ સારવાર, દવાઓ વિગેરેની જાણકારી મેળવી પ્રત્યેક વ્યકિતની પ્રકૃતિ અનુસાર તેની સારવાર,તેના અનુરૂપ દિનચર્યા નિર્ધારિત કરવામાં આવે છે. સેન્ટરમાં બે દિવસથી લઈને એક મહિના સુધીની સારવાર ઉપલબ્ધ છે.

આહાર નિયમન એ નેચરોપેથીનું એક અગત્યનું અંગ છે માટે સેન્ટરમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. સેન્ટરની અંદરજ ઓર્ગેનીક ખેતી વડે તૈયાર કરવામાં આવતી શકય તેટલી શુધ્ધ ખાદ્યસામગ્રીનો ઉપયોગ પણ કરવામાં આવે છે. આ સેન્ટરમાં નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.

- એડમીન બ્લોક : રીસેપ્શન, ૨ કન્સલટેશન રૂમ, એકાઉન્ટ અને એડમીન ઓફીસ, લાયબ્રેરી, મુવી થીયેટર, ગેમઝોન વગેરે.
- ડોરમીટરીઝ રૂમ્સ, ડીલકસ રૂમ્સ, સ્યુટ રૂમ્સ ઉપલબ્ધ છે. (એ.સી./નોન એ.સી.)
- સ્વીમીંગ પુલ : લોકોને રીલેકશેશન તથા થેરાપીના ઉપયોગ માટે સ્વીમીંગ પુલ પણ ઉપલબ્ધ છે.
- યોગા હોલ : સામુહિક યોગા માટે ૨૦૦ વ્યકિતની કેપેસીટી વાળો યોગા હોલ ઉપલબ્ધ છે.
- પીરામીડ : મેડીટેશન માટે પીરામીડ બનાવવામાં આવેલ છે.
- યોગ સ્ટુડીયો : યોગ સ્ટુડીયોમાં પ્રત્યેક વ્યકિતને વ્યકિતગત રીતે યોગ શીખવવામાં આવે છે.

ઉપરાંત સુજોગ થેરાપી, મેગ્નેટ થેરાપી, ચક્ર હીલીંગ, રેકી વિગેરે દ્વારા સારવાર આપવામાં આવે છે.

<u>સેન્ટરમાં નીચે મુજબના રોગો સામે સારવાર આપવામાં આવે છે.</u>

કીડની ડાયાલીસીસ, લકવા, ગઠીયો વા, ડીપ્રેશન, આર્થરાઈટીસ, અસ્થમા, ડાયાબીટીસ, હાયપર ટેન્શન, ની રીપ્લેશમેન્ટ પહેલા વધારે પડતુ વજન, પેટને લગતા રોગો - કબજીયાત, એસીડીટી, જઠરનો સોજો, બહેરાશ, સાઈનસ, સોરયાસીસ, થાઈરોઈડ, માઈગ્રેન, ગેસ-અનિંદ્રા - ચકકર આવવા, કમર, ગરદન - ઘુંટણનો દુ:ખાવો, એલર્જી - અપચો - ડીપ્રેશન, કીડની-લીવર - આંતરડાની બીમારી

<u>નીચે મુજબની વિવિધ થેરાપી નિષ્ણાંતો દ્વારા આપવામાં આવે છે.</u>

પોટલી મસાજ, શિરોધારા, હોટ-સ્ટોન થેરાપી, થાઈ મસાજ, ડીપ-ટીસ્યુ મસાજ, અંડર વોટર મસાજ, સ્પાઈન જેટ થેરાપી, આયુર્વેદિક મસાજ, મડ બાથ, સોના બાથ, સ્ટીમ બાથ, ફુટ મસાજ, પીરામીડ આકારનો ધ્યાન માટેનો સ્પેશીયલ રૂમ, યોગ, સ્ટીમ-સોના-શાવર ત્રણેય એક સાથે એવું અદભૂત મશીન, હાઈડ્રો કોલોન થેરાપી, એકયુપ્રેશર, સ્પાઈન જેટ થેરાપી વગેરે.

continue on page 20

continue from page 19

## સેન્ટરના થેરાપી વિભાગની એક ઝલક.......


સીંગલ સીટર સોના


રેકલાઈનર સ્ટીમ


સ્ટીમ બાથ


ડીલક્ષ હાઈડ્રો બાથ


આર્મ,ફુટ એન્ડ સ્પાઈન જેટ બાથ


જાકુઝી


કમ્બાઈન સ્ટીમ, સોના


સોના બાથ


પોટલી મસાજ


શીરોધારા


વાયબ્રેટર મસાજ


હર્બલ પેક થેરાપી

**સંપર્ક**

**લીલાવતી નેચરક્યોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર**

મુ. લાખાબાવળ, તા. જી. જામનગર - ૩૬૧૦૦૬, ફોન નંબર : ૬૩૫૮૭૬૧૪૫૩, ૯૯૭૮૫૬૧૪૫૩

ઈમેઈલ : info@leelavatinaturecure@gmail.com  વેબસાઈટ : www.leelavatinaturecure.com

**જામનગર સંપર્ક**

**ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ**

હરિઆ સ્કૂલ સંકુલ, ઈન્દીરા ગાંધી માર્ગ, જામનગર - ૩૬૧૦૦૪

ફોન : (૦૨૮૮) ૨૫૬૦૩૪૪ - ૨૫૬૧૪૫૩

આલેખન : શ્રીમતિ બંસરી ભટ્ટ
પી.આર.ઓ., શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ

## જય જય શ્રી આશાપુરા માતાજી

# ।। હાર્દિક સ્મરણાંજલી ।।

## ગામ : જોગવડ



શ્રી હેમરાજ લખધીર ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૦
સ્વર્ગવાસ : ૧૦.૦૬.૧૯૫૮



શ્રીમતી હિરૂબેન હેમરાજ ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૬
સ્વર્ગવાસ : ૦૫.૧૦.૧૯૬૩



શ્રી કરમશી હેમરાજ ગુડકા
જન્મ : ૧૯.૦૩.૧૯૩૦
સ્વર્ગવાસ : ૧૮.૧૧.૨૦૦૪



શ્રીમતી કસ્તુરબેન કરમશી ગુડકા
જન્મ : ૦૮.૦૭.૧૯૩૪
સ્વર્ગવાસ : ૨૬.૦૯.૨૦૧૭



શ્રી વેલજી હેમરાજ ગુડકા
જન્મ : ૧૩.૦૪.૧૯૩૨
સ્વર્ગવાસ : ૨૫.૧૦.૨૦૦૨



માવડી કસ્તુરબેન વેલજી ગુડકા
જન્મ : ૧૨.૦૯.૧૯૩૫
સ્વર્ગવાસ : ૧૬.૧૧.૨૦૧૫



શ્રી હરખચંદ હેમરાજ ગુડકા
જન્મ : ૨૫.૧૧.૧૯૩૪
સ્વર્ગવાસ : ૧૪.૧૨.૨૦૦૦

ધરતી શોભે છે વનરાય થી, વનરાય શોભે છે વૃક્ષો થી.
વૃક્ષો શોભે છે ફૂલો થી, ફૂલો શોભે છે સુગંધ થી
એમ જ અમે શોભીએ છીએ, તમારી સાથેના ઋણાનું બંધનથી.

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા
શ્રીમતી હંસાબેન કાન્તિલાલ ગુડકા
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા
શ્રીમતી હર્ષાબેન અજયકિરણ ગુડકા
શ્રી નયન કાન્તિલાલ ગુડકા
શ્રીમતી નેહલબેન નયન ગુડકા
શ્રેયા અજયકિરણ ગુડકા
કૈરવી અજયકિરણ ગુડકા
રેયાંશ નયન ગુડકા
શનાયા નયન ગુડકા
શ્રીમતી આનંદી અજેય ગોસરાણી


શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા મો.: ૯૮૨૦૦ ૩૫૫૨૬ / ૮૪૪૬૬૨૧૪૧૪
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૯૨૪૮૩ / ૨૪૦૯૩૦૧૦ શ્રી નયન કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૮૧૪૧૪ / ૨૪૦૯૧૪૧૪

ANUPAM INDUSTRIES
House of Aromas
ASHAPURA AROMAS PVT. LTD.
An Anupam Group Enterprise
Unit 22, Champaklal Industrial Estate, Sion (East), Mumbai - 400 022. (INDIA).
Tel.: +91-22-4355 5100 / 9769001414 • Fax : +91-22-2407 6336 • Email : contact@anupamindustries.com • Website : www.anupamindustries.com

## વ્યકિત વિશેષ

આલેખન :- જ્યોતિ દોશી / જામનગર

# પ્રફુલભાઈ ચંદુલાલ છેડા



પુંજાભાઈ છેડા ઢીંચડાવાળાના પૌત્ર પ્રફુલભાઈ બી. કોમ છે. ૧૯૫૨ના ૨૩ ઓગસ્ટના જન્મેલ પ્રફુલભાઈ પ્રીન્ટીંગ પ્રેસ ધરાવે છે અને એલઆઈસીના એજન્ટ તરીકે કાર્યરત છે.પોલીસી વેચનારે, 'સુગર કોટેડ' અને 'આઈસ કોટેડ' રહેવું જ પડે. વ્યવસાયનો આ ગુણ પ્રફુલભાઈમાં નખીશીખ ઉતર્યો છે.

પ્રફુલભાઈ માટે સંસ્થાઓનું કાર્યએ શોખ છે. ક્રિકેટ અને ફુટબોલ તથા હોકી રમવું તેમને ગમે છે. ફરવા જવાનો શોખ ધરાવે છે. અન્યને ફેરવવામાં પણ નીમિત બને છે. ટ્રેકિંગ અને સાહસિક પ્રવાસનું આયોજન કરતી પુત્રી સુજલના ફેમીલી ટ્રેકમાં પ્રફુલભાઈ જોડાય ત્યારે બાળકો અને યુવાનોને તેઓ મિત્ર સરીખા લાગે છે. સાહસિક અને જોખમી તથા પડકારરૂપ પ્રવાસમાં, ખૂબ કૂનેહથી નાના બાળકો પાસે શિસ્તપાલન કરાવવામાં એક શિક્ષક અને વડીલ માફક "બાલસખા" બની જઈને, પ્રફુલભાઈ સફળ રહે છે.

નેતૃત્વના ગુણ જાણે પ્રફુલભાઈમાં જન્મજાત છે. જામનગર ઓશવાળ સ્ટુડન્ટસ યુનિયનના કારોબારી સભ્ય અને ઉપપ્રમુખ તરીકે સેવા આપી છે. અડધી સદીથી સેવાયાત્રા અવિરત ચાલુ જ છે.

હાલારી વિશા ઓશવાળ સમાજની કારોબારીમાં નાની વયે આવેલ પ્રફુલભાઈ છેડા. લાંબો સમય મંત્રી તરીકે કાર્યરત રહયા છે. ૧૯૮૫ થી ૧૯૯૦ અને ૧૯૯૩ થી ૧૯૯૯ સુધીના મંત્રીપદના કાર્યકાળ દરમ્યાન વિશ્વનાં પ્રથમ હાલારીઓ માટેના આવાસનું નિર્માણ થયુ. જામનગર ઓશવાળ આવાસના ખાત મુહૂર્તથી ફ્લેટની સોંપણી સુધી મંત્રીપદે સેવા આપેલ.

અંગ્રેજ વિશ્વવિખ્યાત લેખક એચ.જી વેલ્સએ માનદમંત્રી માટે લખ્યું છે... ઓહ સેક્રેટરી, પુઅર સેક્રેટરી ! મંત્રીએ કાર્યબોજ ઢસળવાનો રહે છે. અપજશ કાયમ માનદમંત્રીના શીરે આવે. સેક્રેટરીના ઢસરડાનો જશ, પ્રમુખને મળે તે સનાતન સત્ય છે પણ આ તો આપણા 'પ્રફુલભાઈ' છે. કાયમ 'પ્રફુલ' જ રહે છે. ન ભાર, ન થાક. ગરમ પણ ન થાય. જશ અને અપયશના ધારાધોરણથી ઉપર !!

પ્રીન્ટીંગ પ્રેસના વ્યવસાયને લઈને જામનગર સીટી કોમર્શીયલ પ્રીન્ટીંગ પ્રેસ એસોસિયેશનમાં ખજાનચી તરીકે કાર્ય કર્યું છે. ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત ઓશવાળ બાલમંદિરમાં માનદમંત્રી તેમજ ઉપપ્રમુખ રહયા છે. બોર્ડિંગ સમિતિમાં સક્રિય હતા.

સંઘ તેમજ સમાજની લગ્ન, સગપણ તેમજ અન્ય ખુશીભેટ સમિતિમાં વરસો સુધી સેવા આપેલ. સંઘની ખુશીભેટ સમિતિમાં બે વરસ કન્વીનર હતા.

ધર્મપત્ની ગીતાબેન પણ જામનગર હા.વિ. ઓશવાળ મહિલા મંડળની સ્થાપનાથી સક્રિય છે. પ્રમુખ પણ હતા.

દંપતી ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટમાં સક્રિય છે. પ્રફુલભાઈ હરિઆ સ્કુલની બોયસ હોસ્ટેલની મેનેજમેન્ટ કમીટી તથા શૈક્ષણિક લોન કમીટીનાં સભ્ય છે. 'ઓશવાળ યુથ ટુ ડે એન્ડ ટુમોરો' નાં તંત્રી મંડળમાં સભ્ય તરીકે કામગીરી બજાવે છે.

જી.આઈ.ડી.સી. જૈન સંઘ તેમજ જી.આઈ.ડી.સી. રેસિડેન્ટ એસોસિએશનના માનદમંત્ર રહેલ તેઓએ તે 'ઈન્ડીઅન પાર્ક" રેસીડન્સ એસોસિયેશનમાં ઘણા વરસો સુધી સેવા આપી છે. પહેલા રહેતા તે : પવનચકકી વિસ્તારના ચંદ્રપ્રભુ એપાર્ટમેન્ટ રેસીડેન્ટ એસોસિએશનમાં, પણ છ વરસ સુધી માનદમંત્રી તરીકે સેવા આપેલ.

જૈન સોશીયલ ગ્રુપ નવાનગર જામનગર દ્વારા આયોજીત એક્સીબીઝન કમ સેલની કમીટીમાં ત્રણ વરસથી સેવા આપે છે.


મૂળ મોટા આંબલાના જામનગરના અમૃતલાલ જીવરાજ જાખરીયાના પુત્રી ગીતાબેન પણ પ્રફુલભાઈ સાથે એલ આઈ સી એજન્ટ તરીકે ૩૨ વરસથી સક્રિય છે. ૨૦ વરસથી એલ આઈ સીમાં ચેરમેન કલબના મેમ્બર છે.

પુત્રી સુજલબેન શીક્ષિકા છે. ભારતભરમાં નેચર કેમ્પનું આયોજન કરે છે.

continue on page 24

Introducer : Jyoti Doshi, Jamnagar

## SPECIAL PERSON



# PRAFUL CHANDULAL CHEDA

Prafulbhai is grandson of Punjabhai Cheda of Dhinchada. He is graduate of Commerce. (B. Com.) Born on 23rd August, 1952. Prafulbhai owns a printing press. He is an active agent of LIC. All agents of LIC to sell policies have to remain ice coated and sugar coated. This nature has become in and out engraved in Prafulbhai.

Social services and work of the institutions is a hobby of Prafulbhai Cheda. He loves to play Cricket, Hockey and Football. He loves travelling. He becomes instrumental and plays a key role in making other travel. Their only daughter Sujal is an organizer of Nature Camps. When Prafulbhai joins the family camps of trekking, all age group find their own friend in him. Prafulbhai has the art and science of commanding discipline in the tiny tots and youth, joining the challenging treks and tough and rough areas, during the adventurous expeditions. Prafulbhai with his friendly approach balances the key role of a teacher and senior. This is a rarely found quality.

Prafulbhai is a born leader. He was an executive committee member and later Vice President of Jamnagar Halari Visha Oshwal's – Students Union. Its an continuous social service approach of half a century.

Prafulbhai has served Halari Visha Oshwal Samaj – Jamnagar at young age. He was Secretary of Jamnagar Samaj from 1985 to 1990 and from 1993 to 1999 in second innings. It was during his tenure as Secretary that Halari Visha Oshwal Samaj of Jamnagar launched the first project of Oshwal residency in the world, in the community and for the gnatijaans upliftment. He was working hard for the success of the "Oshwal Aavash" project of Jamnagar since its starting till the allotment of the flats.

Famous English author H.G. Wells has written a beautiful thought provoking essay, "Oh Secretary, poor secretary" Wells has stated that the Secretary of an institute toils and works the hardest and maximum. He has to forbear the blames of his team. But the fruits of success are enjoyed by the President of the institute. But here is our 'Prafulbhai', who is always 'Praful' – Happy ! He doesn't care for praise or criticism. He remains fresh and clam. He is over and above blames and welcome!!

He was active as treasurer in Jamnagar city, Commercial Printing Press Association.

Prafulbhai was honorary secretary and Vice President of Oshwal Balmandir of Oshwal Sikshan & Rahat Sangh. He has even served the boarding committee.

He has served as Khushi Bhet Samiti's executive Committee's member of Jamnagar Samaj and Sangh. He was the convener of Sanghs Khushi Bhet Committee too.

He was member for 6 years in Sangh's executive committee. He has also served as co-ordinator of Jamnagar Vahivati Committee.

His wife Gitaben is a pioneer of Halari Visha Oshwal Mahila Mandal, Jamnagar. She is the past president of Mahila Mandal.

The couple has been active in Oshwal Education Trust's activities since many years. Prafulbhai is a committee member of Boys Hostel Committee. He is a member of Oshwal Youth Today and Tomorrow editorial team as also member of Education Loan Committee.

The list is long where he has rendered his precious services. He is the secretary of GIDC Jain Sangh and GIDC Resident Association. He had served for long The 'Indian Park' Association where he is currently residing. He had served as Secretary of Chandraprabhu Appartment – his past residence of Pavan Chakki area.

Since three years he is serving in exhibition and sell held by Jain Social Group of Nawanagar. Jamnagar. He

continue on page 24

continue from page 22

કોઈપણ જાતના ભાર અને ભારણ વગર 'હું' પણાથી પર રહીને 'અડધી સદી' ની સેવાયાત્રા પૂર્ણ કરનાર પ્રફુલભાઈ ખૂબ અડગ મનોબળ ધરાવે છે.

મિલનસાર સ્વભાવ છે. આબાલ વૃધ્ધ સૌમાં લોકપ્રિય છે. લોકશાહી સંસ્થાઓમાં સક્રિય રહેવા છતા તેમના કોઈ દુશ્મન નથી પ્રફુલભાઈનો આ ગુણ અભિનંદનીય, અનુમોદનીય અને અનુકરણીય છે.

પ્રફુલભાઈને ઈશ્વર સુસ્વાસ્થ્ય અને દીર્ઘ જીવન બક્ષે અને સેવાયજ્ઞની તેમની ભાવના સતત ચાલુ જ રહે તેવી "ઓશવાળ યુથ ટુડે એન્ડ ટુમોરો" ની શુભકામનાઓ.

continue from page 23

is giving precious services for women empowerment through this project.

His better half Gitaben, daughter of Amrutlal Jivraj Jankharia native of Mota Ambla is an active LIC agent since 32 years. Since 20 years she is the member of LIC's Chairman Club.

Their only daughter Sujalben is a teacher. She is an organizer of Nature Camps throughout India.

Prafulbhai is rendering his humble services to the society. Since half a century without any ego. His will power is strong and creditworthy.

He is a mixing natured personality. All age groups like him.

Inspite of rendering services in democratic institutions of the Oshwal Community he has no enemies. This nature of his needs implementations and is worth imitating.

Oshwal Youth Today and Tomorrow's team prays for his good health and prosperous long life so that he can render more and more service for the betterment and upliftment of the society.

# સંતોમાં સુક્ષ્મ વિવેકદ્રષ્ટિ હોય છે

શ્રીમદ રાજચંદ્રની પ્રતિભા એવી કે તેઓ જે સમયે આવે, ત્યાં સત્સંગનું વાતાવરણ આપોઆપ રચાઈ જાય. એમનું વ્યકિતત્વ એવું કે આસપાસ રહેલા સહુ કોઈ એમની પાસેથી જીવનના અમૃતપાનની અપેક્ષા રાખતા હતા.

વિ.સ. ૧૯૫૪માં શ્રીમદ રાજચંદ્ર ખેડામાં આવ્યા હતા. આ સમયે એમનો ઉતારો રાવબહાદુર નરસીરામને ત્યાં રાખવામાં આવ્યો હતો. રાવબહાદુરનો બંગલો વિશાળ હતો. શ્રીમદ રાજચંદ્રના સત્સંગ માટે આવતા સહુ કોઈ આ બંગલામાં બેસીને એમના ઉપદેશનું શ્રવણ કરતા હતા.

એક દિવસ પંડિત પૂજાભાઈ સોમેશ્વર ભટ્ટ શ્રીમદને મળવા આવ્યા. આ સમયે શ્રીમદ રાજચંદ્ર એક પુસ્તક વાંચતા હતા. એ પુસ્તકમાં ચિત્તની વૃતિઓની શાંતિ વિશે માર્મિક શ્લોક હતો. શ્રીમદ રાજચંદ્રે આ શ્લોક પૂજાભાઈને બતાવ્યો અને એનો ભાવાર્થ કહેતા બોલ્યા,

"મારું ચિત્ત એવું શાંત થઈ જાઓ, મારા ચિત્તની વૃતિઓ એટલે દરજ્જે શાંત થઈ જાઓ કે કોઈ મૃગ પણ એના શીંગ મને ઘસે. એ મને જોઈને નાસી ન જાય."

શ્રીમદ રાજચંદ્ર આ વાતને આનંદભેર સમજાવતા હતા. ચિત્તવૃતિની પ્રશાંતતા કેટલી ગાઢ હોય તે દર્શાવતા હતા. એવામાં રાવબહાદુર નરસીરામ પોતાના બંગલામાં આવ્યા. નરસીરામ પોતાના વેદાંતમાં શ્રધ્ધા ધરાવતા હતા. શ્રીમદ પણ વેદાંત તત્વદર્શનમાં માનતા હશે એમ માનીને એમણે આત્માના અભેદ સબંધી ચર્ચા ઉપાડી અને અભેદતા ઉપર વિવેચન અને વિશ્લેષણ કરવા માંડયું.

શ્રીમદ રાજચંદ્ર તેમની વાત એકાગ્રતાથી સાંભળતા હતા. આસપાસ બેઠેલા સત્સંગીઓને થયું કે શ્રીમદ વેદાંતી નથી, માટે એમની વાતોનો સ્પષ્ટ વિરોધ કરશે. બંને વચ્ચે વાદ-વિવાદ જામશે. પરંતુ એવું કશું બન્યું નહીં. શ્રીમદે રાવબહાદુરની વેદાંતની વિચારધારા સામે કશો વિરોધ ઉઠાવ્યો નહીં. માત્ર તેઓ એમની વાત શાંતિથી સાંભળતા રહયા.

આ સમયે નજીકમાં બેઠેલા શ્રી પૂજાભાઈ શ્રીમદ રાજચંદ્રનો આશય પામી ગયા. શ્રીમદ જેવા આત્મજ્ઞાની પુરુષ ઘણી ચર્ચા અને દલીલો કરી શકયા હોત, પરંતુ તેઓ મૌન રહયા.

**આલેખન : ડો. કુમારપાળ દેસાઈ**
**સૌજન્ય : ગુજરાત સમાચાર**

# CZMG BCA College
# Webinar on "Cyber security awareness"

During this pandemic situation when whole learning process is through online, it is important for every student to know how to protect their identity and credentials online. With the increase of phishing and various other attacks, we played our part in spreading awareness about it by conducting a webinar on Cyber security.

The webinar was held on 23rd January, 2021 and was presented by our ex-student and currently at Bangalore as SLP Coordinator- Amazon **Mr.Parth Bheda**. The webinar covered the topic of "Phishing Attacks", how these attacks are perpetrated, how to identify and take appropriate measures to avoid them.

We are very grateful to Mr.Parth Bheda for presenting in this webinar.We are also grateful to our Principal Mrs.Hetal Savla ma'am for taking such initiation and we are also grateful to the proficient staff of CZMG-BCAfor helping with their valuable input and time.

# NCC
# COMBINED ANNUAL TRAINING CAMP (CATC)



27, Guj. Battalion Jamnagar has organized 6 days Combined Annual Training Camp [CATC] for NCC cadets-[S/W and S/D] with the norms of COVID 19 - as this was the first camp post COVID-19 lockdown, at Shree Satya Sai Vidyalaya Jamnagar during 2nd Feb. to 8th Feb. 39 S/W cadets and CTO Ms.Asmita Zala of **CZMGBCA** have attended this camp.

The camp opening ceremony begun with the address of Col. Commanding Officer Manojkumar Bakshi's opening address. Sir has motivated and welcomed the cadets to the camp. 225 enthusiastic cadets, including 93 girls, from various colleges of Jamnagar have participated this CATC camp.




During the camp cadets were given the training of Drill, shooting, map reading, weapon training, first aid, commands etc..... Apart from that Cultural activities like Group dance, group song, instrumental music, solo performances etc. were also performed.



Camp closing ceremony was followed by cultural performances of the cadets of various college of Jamnagar. Many cadets of **CZMG** have received certificates and trophies for their various performances during the camp. JUO Anjali Pillai of CZMGBCA was the senior of all S/W during the camp.

Though NCC camp life is very tough routine but very enjoyable. One can learn thousands of things by attending this camp. Good for health and the activities bring confidence in you. As a NCC cadet you feel proud to yourself. It gives you the feeling of Army life.

# VIRTUAL INDUSTRIAL VISIT




Shri L G Haria School, Jamnagar always want the students to be updated with the current method of practical teaching and as a part of this industrial visit is conducted every year, During this pandemic we tried the whole new concept and brought the whole industry virtually to students. We organise first time in the history of city "VIRTUAL INDUSTRIAL VISIT" which was conceptualized by the school with the support of Simpolo Ceramics, Morbi. The virtual visit was planned and arranged under the guidance of our Principal Mr.Dhaval Patt. In the virtual visit, Moderator Mr. Raj Shah introduced the members of Simpolo Ceramics, followed by our Principal sir welcoming Mr Kalpesh Chhaya, Mr. Siddharth, Mr. Babar who were the speakers of the visit. This visit gave a glance of the entire industry from the establishment, it's achievements and the future plans. Students had a chance to view the entire production process of Simpolo Ceramics industry virtually. The entire program was a huge success with the help of IT team of Haria School and Simpolo Ceramics. Indeed it was a wonderful experience for all the commerce students and teachers.



## સેમિનાર
## 'આંગણે વાવો શાકભાજી'

નવરંગ નેચર કલબ - રાજકોટ અને શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળાના સંયુકત ઉપક્રમે તા. ૨૬.૧૨.૨૦૨૦ના રોજ 'આંગણે વાવો શાકભાજી' ના સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ સેમિનારમાં ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા કુંવરબાઈ જૈન ધર્મશાળાના ચેરમેન શ્રી રમણીકભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી રસીકભાઈ શાહ, ડો.કલ્પનાબેન ખંઢેરીયા, હરિઆ ગ્રુપઓફ સ્કૂલના નિવૃત ડાયરેકટર સુશ્રી અંજના આશર ઉપસ્થિત રહેલ.



આપણે તંદુરસ્ત રહેવા માટે દરરોજ ૨૫૦ ગ્રામ લીલા શાકભાજી અને ૫૦ ગ્રામ કઠોળ ખાવા જોઈએ. શાકભાજી એ દરરોજની જરૂરિયાત છે. આપણે બજારમાંથી કેમિકલવાળા અને વાસી શાકભાજી લઈએ છીએ. આપણે ઘરના આંગણામાં કે કુંડામાં થોડી મહેનત કરવાથી શાકભાજી વાવી, તાજા ઓર્ગેનીક શાકભાજી મેળવી શકીએ છીએ.

સેમિનારના મુખ્ય વકતા શ્રી વી.ડી.બાલા, પ્રમુખશ્રી, નવરંગ નેચર કલબ, રાજકોટ દ્વારા કુંડાનું કદ, માટીનો પ્રકાર, શાકભાજીના બિયારણ, શાકભાજીના રોપા, વેલા વાળા શાકભાજીની જાતો, કુંડામાં વાવી શકાતા ફુલછોડ અને વેલાઓ, ફુલછોડ અને શાકભાજીમાં રોગો અને તેની કાળજી, દેશી ખાતર, જીવામૃત વગેરે માહિતી આપવામાં આવેલ.

દરેક ફળીયામાંથી કે અગાસીમાંથી દર મહિને રૂા. ૧૦૦૦ નું શાક જો ઉગાડી શકીએ તો આપણા સમયનો સદુપયોગ પણ થાય અને તાજા ઓર્ગેનીક શાકભાજી પણ મળી રહે. આંગણામાં ફુલછોડ અને શાકભાજી કેવી રીતે ઉછેરી શકાય તેની જાણકારી પણ આપવામાં આવેલ.



હરિઆ સ્કૂલના રીટાયર્ડ ડાયરેકટર સુશ્રી અંજના આશર દ્વારા પોતાના ટેરેસ ગાર્ડનના અનુભવો વ્યકત કરેલ તથા શાકભાજી વાવેતર દરમિયાન ધ્યાનમાં રાખવાની નાની નાની બાબતો પર પ્રકાશ પાડેલ.

અંતમાં સેમિનારમાં હાજર રહેલ લોકોએ પણ પોતાના અનુભવો વ્યકત કર્યા.

સેમિનારના બીજા દિવસે ઓર્ગેનીક શાકભાજીના બીજ/રોપાનું વિતરણ શ્રી એમ.પી.શાહ કોમર્સ કોલેજ ખાતેથી કરવામાં આવેલ.

આલેખન : શ્રીમતિ બંસરી ભટ્ટ
પી.આર.ઓ., શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ

# ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘની પ્રવૃતિઓનો માસીક અહેવાલ

## જાન્યુઆરી મહીનાની પ્રવૃતિઓ

- વડવાઓએ વાવેલા શિક્ષણરૂપી બીજથી બોર્ડીગમાં અભ્યાસ કરી આજ વિશ્વમાં પોતાની કુનેહથી આગળ વધીને તેમના સંસ્કારોની સુવાસ ફેલાવતા બોર્ડીગના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેમજ હાલમાં બોર્ડીગ છાત્રાલયમાં અભ્યાસ કરી રહેલા વ્હાલા છાત્રાઓને વિશા ઓશવાળ બોર્ડીગની શુભ શરૂઆતની તા. ૦૩.૦૧.૨૦૨૧નાં રોજ ૮૩મી વર્ષગાંઠ પ્રસંગે ખુબ ખુબ અભિનંદન સાથે સાથે જે વડીલોએ શિક્ષણરૂપી બીજ વાવીને આપણી જ્ઞાતિના હજારો હોશીલા વિદ્યાર્થીઓ શહેરનું સારૂ ભણતર મેળવી શકે તે માટે તેમના ઘડતર માટે પ્લેટફોર્મ પુરૂ પાડવામાં સહભાગી બન્યા તે તમામ વડીલોને કોટિ કોટિ વંદન.
- તા. ૧૨.૦૧.૨૦૨૧ના રોજ સંઘના માનદમંત્રીશ્રી દ્વારા હાયર એજ્યુકેશન લોન મેળવી જે વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ આજ તેમની જોબ અને અન્ય પ્રોફેશન કે બીઝનેસમાં સેટલ થયા છે તેઓને તથા તેમના માતા - પિતાને સંઘમાંથી મેળવેલ લોન પરત જમા કરાવવા નમ્ર અપીલ કરવામાં આવેલ, જેથી લોનની સાયકલ શરૂ રહે અને જરૂરીયાતમંદ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ વધુમાં વધુ લોન આપી શકાય.
- તા. ૧૫.૦૧.૨૦૨૧ના રોજ ગુજરાત રાજયના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી જામનગર મુકામે વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ માટે પધારેલ. કાર્યક્રમ સંઘ સંચાલિત ઓશવાળ સેન્ટરના ગ્રાઉન્ડ નં. ૨માં રાખવામાં આવેલ. સંઘને સ્થાનિક સંચાલકોની મંજુરી મળતા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનું સંઘના ઉપપ્રમુખશ્રી શિરીષ નેમચંદ સાવલા, ટ્રસ્ટીશ્રી ધીરજલાલ જીવરાજ હરિયા, તેમજ ઓશવાળ સેન્ટરના કન્વીનરશ્રી પંકજ કાંતિલાલ માલદે દ્વારા અભિવાદન કરવામાં આવેલ.
- તા. ૧૬.૦૧.૨૦૨૧ના રોજ સંઘના માનનીય પ્રમુખશ્રી મનસુખલાલ મેઘજી દોઢીયા તેમજ સંઘના હોદેદારશ્રીઓ કારોબારી સભ્યશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ મુંબઈથી જામનગર પધારતા સંઘ સંચાલિત જામનગરની તમામ પેટા સમિતિઓ સાથે જ તે સમિતિની પ્રીમાઈસીસમાં જે તે સમિતિ સાથે શુભેચ્છા, પરિચય અને વિચારોની આપ લે કરવા માટે મીટીંગનું આયોજન કરવામાં આવેલ.





- તા. ૧૭.૦૧.૨૦૨૧ના રોજ સંઘના માનનીય પ્રમુખશ્રી મનસુખલાલ મેઘજી દોઢીયાના અધ્યક્ષસ્થાને જામનગર વહીવટ સમિતિના નેજા હેઠળ સંઘ પરિવાર સાથે જામનગરની આપણી હાલારીઓની જાહેર તેમજ પ્રાઈવેટ સંસ્થાઓ સાથે વર્ષ ૨૦૨૦ - ૨૨ માટે નવા વરાયેલા પ્રમુખશ્રી, હોદેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ સાથે શુભેચ્છા મેળાવડો યોજવામાં આવેલ. મેળાવડાની શરૂઆત ઓશવાળ અતિથિગૃહથી વાજતે ગાજતે સામૈયા સાથે કરવામાં આવેલ. ત્યારબાદ બોર્ડીગ છાત્રાલયની બાળાઓ દ્વારા મહેમાનોનું કંકુ અને તિલક સાથે સભા સ્થળમાં સ્વાગત કરવામાં આવેલ. ઓશવાળ સમાજ - જામનગર. શ્રી હાલારી વિશા ઓશવાળ મહાજન, ઓશવાળ સ્ટુડન્ટસ યુનિયન, શ્રી હાલારી વિશા ઓશવાળ મહિલા મંડળ, ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ, શ્રી હાલારી વિશા ઓશવાળ આદીજીન સેવા ટ્રસ્ટ (કસ્તુરધામ પાલીતાણા) ઓશવાળ ચેરીટીઝ (યાત્રિક ગ્રુપ) પાલીતાણા, ઓશવાળ ડોકટર્સ એસોસિએશન, વિગેરે સંસ્થાઓ દ્વારા સંઘના વર્ષ ૨૦૨૦ - ૨૨ માટે નવા વરાયેલા પ્રમુખશ્રીનું સન્માન કરવામાં આવેલ. મેળાવડામાં ખાસ શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ - મુંબઈના પ્રમુખશ્રી મિતેશ મનસુખલાલ દોઢીયા પણ ઉપસ્થિત રહેલ જેમનું સંઘના પ્રમુખશ્રી દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. મેળાવડાના અંતે ઉપસ્થિત દરેકએ સાથે ભોજન લીધેલ.





- તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત ઓશવાળ કલીનીક અને લેબોરેટરી મુકામે પ્રથમ ૧૦૦ વ્યકિતઓ માટે રૂા. ૪૦૦નો બ્લડ ટેસ્ટ (HBA1C TEST - ત્રણ મહિનાનું સુગર લેવલ) વિના મુલ્યે કરવામાં આવેલ.
- તા. ૨૬. ૦૧.૨૦૨૧ના રોજ પ્રજાસતાક દિન નિમિતે ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત શ્રી હાલારી વિશા ઓશવાળ વિદ્યાલય - ભીવંડી મુકામે ધ્વજવંદન શ્રીમતી મીનાબેન ચંદ્રકાંત વેલજી નગરીયા (ભીવંડી સ્કુલ સંચાલન સમિતિના માજી સભ્યશ્રી) ના વરદ હસ્તે, માનસી ભરત ગડા ડીગ્રી કોલેજ ઓફ કોમર્સ મુકામે શ્રી ધીરજલાલ જીવરાજ હરિયા (ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના

continue on page 28

continue from page 27

ઉપપ્રમુખશ્રી)ના વરદહસ્તે, ઓશવાળ ઈંગ્લીશ એકેડમી – જામનગર મુકામે શ્રીમતી શેતલબેન શેઠ (ધ જામનગર મહિલા સહકારી બેંકના ચેરપર્સન) ના વરદહસ્તે તેમજ ઓશવાળ બાલમંદીર અને પ્રાથમિક શાળા – જામનગર મુકામે શ્રી નયનેશ નવીનચંદ્ર શાહ ( એજયુકેશન સમિતિના સભ્ય શ્રી ) ના વરદ હસ્તે કરવામાં આવેલ. દરેક જગ્યાએ ધ્વજવંદન બાદ રવૈયા મુજબના દેશભકિતના કાર્યક્રમો યોજવામાં આવેલ.





- આપણા સમાજના યુવા વર્ગને સ્પોર્ટસ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત ઓશવાળ સ્પોર્ટસ કમિટિ – ભીવંડી – મુંબઈ દ્વારા માનસી ભરત ગડા ડીગ્રી કોલેજમાં નવું સોપાન " ઓશવાળ સ્પોર્ટસ કલબ – ભીવંડી'ની શુભ શરૂઆત તા. ૨૬.૦૧.૨૦૨૧ના રોજ પ્રજાસતાક દિને કરવામાં આવેલ. મહાવીર ચોકથી વિદ્યાલય સુધી ઓશવાળ રેસીડેન્સીના બાળકો દ્વારા બેન્ડ વાજા વગાડી ભવ્ય સામૈયું કરવામાં આવેલ. સ્પોર્ટસ કલબનો શુભારંભ સંઘના માનનીય પ્રમુખશ્રી મનસુખલાલ મેઘજી દોઢીયાના શુભ વરદહસ્તે જીમ રૂમનું ઓપનીંગ કરી કરવામાં આવેલ. કેરમ અને ચેસરૂમનું ઓપનીંગ સંઘના મે. ટ્રસ્ટીશ્રી પ્રવીણ લીલાધર હરિયા તથા ટ્રસ્ટીશ્રીઓ અને સંઘના હોદેદારશ્રીઓના વરદહસ્તે, બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટની પીચનું ઓપનીંગ ભીવંડી વિદ્યાલય સમિતિના કન્વીનરશ્રી ભરત કેશવજી શાહ તથા વિદ્યાલય સમિતિના સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ. સ્પોર્ટસ કલબમાં જીમ, ઈન્ડોર ગેમ્સ જેમ કે ટેબલ ટેનીસ, કેરમ, ચેસ વગેરે, આઉટડોર ગેમ્સ જેમ કે બોકસ ક્રિકેટ, વોલીબોલ વિગેરેની સુવિધાઓ હાલ ઉપોલ્બ્ધ કરવામાં આવેલ છે. આ સાથે આગામી સમયમાં સ્પોર્ટસ કમિટિ દ્વારા અનેક ટુર્નામેન્ટ તથા કોચિંગ કેમ્પના આયોજનો પણ કરવામાં આવશે. સ્પોર્ટસ કમિટિ દ્વારા સંઘની કારોબારી સમિતિ તેમજ શ્રી હાલારી વિશા ઓશવાળ વિદ્યાલય સંચાલન સમિતિએ સ્પોર્ટસના કાર્યોને વેગ આપવા કરેલ પ્રયત્નો બદલ તેમનો ખાસ આભાર વ્યકત કરવામાં આવેલ. ઓપનીંગ બાદ કોલેજ ઓડીટોરીયમમાં અભિવાદન સમારોહ રાખવામાં આવેલ જેમાં ટ્રોફી તેમજ અલ્પાહારના સ્પોન્સરનું સન્માન કરવામાં આવેલ. બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટ માટેની ટ્રોફી શ્રી મયંક ઈન્વેસ્ટમેન્ટ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. આ સમગ્ર પ્રસંગ બાદ આયોજિત અલ્પાહાર શ્રી ચિરાગ એ. શાહ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના માનદમંત્રીશ્રી જીવરાજભાઈ નગરીયા દ્વારા કરવામાં આવેલ.





- ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત સ્પોર્ટસ, આર્ટસ અને કલ્ચર કમિટી દ્વારા તા. ૦૮/૦૧/૨૦૨૧ના રોજ પુરુષો માટે ગેસ વિનાની કૂકિંગ કોમ્પીટીશન (રસોઈ સ્પર્ધા)નું આયોજન કેશવ સ્પોર્ટસ સેન્ટર મુકામે કરવામાં આવેલ. સ્પર્ધાનો શુભારંભ સંઘ સંચાલિત સીનીયર સીટીઝન કેર કમિટીના કન્વીનરશ્રી, હોદેદારશ્રીઓ તથા સભ્યશ્રીઓના વરદહસ્તે કરવામાં આવેલ. સ્પર્ધામાં સિદ્ધ જાખરીયા તથા તેજસ જાખરીયા પ્રથમ સ્થાને આવેલ. મોનીલ શાહ તથા દિવ્યેશ મારૂને દ્વિતીય સ્થાને રહેલ તથા સાગર શાહ અને હાર્દિક મારૂ ત્રીજા સ્થાને આવેલ. આ સ્પર્ધામાં જજ તરીકે શ્રીમતી તન્વીબેન છાયા તથા શ્રીમતી અવનીબેન માંડલિયા (દેવૃતિ બેકર્સ) દ્વારા સફળ પરીક્ષણ પુરૂ પાડવામાં આવેલ હતું. કાર્યક્રમ નિહાળવા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ અને કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ થયેલ.





- ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત સ્પોર્ટસ, આર્ટસ અને કલ્ચર કમિટી દ્વારા તા. ૦૮.૦૧.૨૦૨૧ના રોજ પુરુષો માટે ગેસ

continue on page 29

continue from page 28

વિનાની કુકિંગ કોમ્પીટીશન (રસોઈ સ્પર્ધા)નું આયોજન કેશવ સ્પોર્ટસ સેન્ટર મુકામે કરવામાં આવેલ હતું. સ્પર્ધાનો શુભારંભ સંઘ સંચાલિત સીનીયર સીટીઝન કેર કમિટિના કન્વીનરશ્રી, હોદેદારશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ. સ્પર્ધામાં સિદ્ધ જાખરીયા તથા તેજસ જાખરીયા પ્રથમ સ્થાને આવેલ, મોનીલ શાહ તથા દિવ્યેશ મારૂને દ્વિતિય સ્થાને રહેલ તથા સાગર શાહ અને હાર્દિક મારૂ ત્રીજા સ્થાને આવેલ. આ સ્પર્ધામાં જજ તરીકે શ્રીમતી તન્વીબેન છાયા તથા શ્રીમતી અવનીબેન માંડલીયા (દેવૃતી બેકર્સ) દ્વારા સફળ પરીક્ષણ પુરૂ પાડવામાં આવેલ હતું. કાર્યક્રમ નિહાળવા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ અને કાર્યક્રમની સફળ પૂર્ણાહુતિ થયેલ.

- ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત સ્પોર્ટસ, આર્ટસ અને કલ્ચર કમિટી દ્વારા તા. ૦૯.૦૧.૨૦૨૧ સુધી રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટનો શુભારંભ કેશવ સ્પોર્ટ્સ સેન્ટર સંચાલન સમિતિના કન્વીનરશ્રી, હોદેદારશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ. સ્પર્ધાના ફૂડ સ્પોન્સર તરીકે કેટર કેર (શ્રીમતી કલ્પનાબેન ધીરેન નેમચંદ દોઢીયા) દ્વારા લાભ લેવામાં આવેલ. આ ટુર્નામેન્ટ અલગ અલગ નવ કેટેગરીમાં રમાડવામાં આવેલ જેમાં જુ. સિંગલમાં મનન મારૂ વિજેતા તથા પાર્શ્વ હરણીયા રનર્સ અપ રહેલ, જુનિયર્સ ડબલ્સમાં દેવ માલદે – હર્ષ ગોસરાણી વિજેતા થયેલ તથા પાર્શ્વ હરણીયા – શુભ ગુઢકા રનર્સ અપ રહેલ, સીનીયર સિંગલમાં દીપ દોઢીયા – ચીરાગ હરિયા રનર્સ અપ રહેલ. જુ. ગર્લ્સમાં આર્યાના મારૂ વિજેતા થયેલ તથા દિયા ગોસરાણી રનર્સ અપ રહેલ, સીનીયર ગર્લ્સ સિંગલમાં જયની શાહ વિજેતા થયેલ તથા પંકિત માલદે રનર્સ અપ રહેલ, સીનીયર ગર્લ્સ ડબલમાં જયની શાહ તથા દ્રષ્ટિ નાગડા વિજેતા થયેલ તથા પંકિત શાહ - ધારા દોઢીયા રનર્સ અપ રહેલ, મિકસ ડબલ્સમાં વીર શાહ - હિનલ શાહ વિજેતા રહેલ તથા પ્રશેન શાહ – જાનવી હરિયા રનર્સ અપ રહેલ હતા. આ ટુર્નામેન્ટમાં સંઘના માનનીય પ્રમુખશ્રી મનસુખલાલ મેઘજી દોઢીયા, હોદેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમજ જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલ અને રમતવીરોને પ્રોત્સાહિત કરેલ.





- તા. ૨૧.૦૧.૨૦૨૧ના રોજ સંઘ સંચાલિત સ્પોર્ટ્સ, આર્ટસ અને કલ્ચર સમિતિના નેજા હેઠળ ચાલતી ક્રિકેટ એકેડેમીમાં કોચશ્રી પૂર્વરાજસિંહ જાડેજા હેઠળ કોચિંગ મેળવતા શ્રી દર્શન રોહિત માલદેની અન્ડર ૧૯ ના સિલેકશન માટે ક્રિકેટ બંગલામાં કોચ મહેન્દ્રસિંહ ચૌહાણ હેઠળ તાલીમ મેળવવા પસંદગી કરવામાં આવેલ છે. આપણા સમાજ માટે આ ખુબ જ ગૌરવ ની વાત છે. દર્શન ક્રિકેટ ક્ષેત્રે ખુબજ નામના મેળવે તેવી હાર્દિક શુભેચ્છા.
- ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત સ્પોર્ટસ, આર્ટસ અને કલ્ચર કમિટી દ્વારા પ્રજાસતાક દિન નિમીતે ૨૬.૦૧.૨૦૨૧ ના રોજ કેશવ સ્પોર્ટ્સ સેન્ટરનાં એ.સી. હોલમાં દેશભકિત ગીતની સપર્ધાનું આયોજન તથા રિપબ્લીક ડે થીમ પર પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધાનું ઓપનીંગ સંઘ સંચાલિત શ્રી વિશા ઓશવાળ બોર્ડીંગ તથા કન્યા છાત્રાલય સંચાલન સમિતિના કન્વીનરશ્રી, હોદેદારશ્રીઓ તથા સભ્યશ્રીઓના વરદ હસ્તે કશવામાં આવેલ પોસ્ટર સ્પર્ધા ર કેટેગરીમાં કરવામાં આવેલ. આ સ્પર્ધામાં કેશવ સ્પોર્ટ્સ સેન્ટરના મેમ્બરો, ઓશવાળ સીનીયર સીટીઝનના મેમ્બરો, કન્યા છાત્રાલયની બાળાઓ અને જ્ઞાતિજનોએ સહર્ષ ભાગ લીધેલ. ગીત સ્પર્ધામાં સોલો વિનર તરીકે નિવા ગોસરાણીએ પ્રથમ સ્થાન મેળવેલ, શ્વેતા શાહએ દ્વિતિય સ્થાન મેળવેલ તેમજ ગ્રુપ સ્પર્ધામાં નવીનભાઈ હરિયા તથા સરોજબેન હરિયાએ પ્રથમ સ્થાન મેળવેલ અને હેતલબેન દોઢીયા, મનાલીબેન ખીમસીયા, સોલનીબેન માલદે, જીનાંશીબેન દોઢીયાએ દ્વિતિય સ્થાન મેળવેલ. પોસ્ટર સ્પર્ધામાં ૧૨ વર્ષથી ઉપરનાં નીષ્મા મારૂએ પ્રથમ સ્થાન અને વયુનીક હરિયાએ દ્વિતિય સ્થાન અને ત્રિશા માલદેને ત્રીજું સ્થાન મળેલ. ગીત સ્પર્ધામાં નિર્ણાયક (જજ) તરીકે સુ શ્રી વેણુંબેન પંડયા, તથા શ્રી સાગરભાઈ લાલાણી તેમજ પોસ્ટર સ્પર્ધામાં સુશ્રી ધ્વની શાહએ હાજરી આપી હતી. સર્વે ભાગ લેનારએ કાર્યક્રમને દેશભક્તિમય બનાવેલ.





- ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત સ્પોર્ટસ, આર્ટસ અને કલ્ચર કમિટી દ્વારા તા. ૨૮ અને ૨૯ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ

continue on page 30

continue from page 29

ઓશવાળ સેન્ટર ગ્રાઉન્ડ નં. ૨માં ફૂટબોલ નાઈટ ટુર્નામેન્ટનું ઓપનીંગ ઓશવાળ સેન્ટર સંચાલન સમિતિના કન્વીનરશ્રી, હોદ્દેદારશ્રીઓ, તથા સભ્યશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટ ત્રણ અલગ અલગ કેટેગરીમાં રમાડવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં મેચ રેફરી તરીકે પૃથ્વીરાજસિંહ જેઠવા તથા તેમની ટીમ (NCFC FOOTBALL CLUB) પધારી સફળ પરીક્ષણ પુરૂ પાડેલ. સીનીયર બોયઝમાં હાલાર એફ. સી. ટીમ વિજેતા રહેલ તથા રનર્સ અપ તરીકે સ્કોર્પિયન ટીમ રહેલ. જુનીયર બોયઝમાં રોયલ ટાયગર્સ વિજેતા થયેલ અને રનર્સ અપ તરીકે લીવરપુર એફ. સી. રહેલ. આ ઉપરાંત ગર્લ્સમાં ટીમ દહાહ ચેલેન્જર્સ વિજેતા થયેલ અને ન્યુ ચેલેન્જર્સ ટીમ રનર્સ અપ રહેલ. સંઘ પરિવાર તેમજ જ્ઞાતિજનોએ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહી રમતવીરોને પ્રોત્સાહિત કરેલ.





- ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સંચાલિત સ્પોર્ટ્સ, આર્ટસ અને કલ્ચર કમિટી દ્વારા તા. ૩૧.૦૧.૨૦૨૧નાં રોજ રવિવારના બપોરે ૧.૦૦ વાગ્યાથી સાંજે ૦૬.૦૦ વાગ્યા દરમ્યાન બે કેટેગરીમાં જુનીયર બોયઝ માટે એક્ઝીબીશન મેચનું ઓશવાળ સેન્ટર ગ્રાઉન્ડ નં ૭ મુકામે આયોજન કરવામાં આવેલ.

## શ્રી હાલારી વિશા ઓશવાળ મહાજન (બાવન ગામ) – જામનગર કાર્યવાહ સમિતી – ૨૦૨૦–૨૦૨૨.




શ્રી હાલારી વિશા ઓશવાળ મહાજન – બાવન ગામની માતૃ સંસ્થાની સામાનય સભા યોજેલ જે ખુબજ શાંતિ પુર્ણ વાતાવરણમાં સંપન્ન થયેલ, આ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦-૨૨ માટે (બે વર્ષ) પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીની ચુંટણી યોજવામાં આવેલ. આ ચુંટણી પ્રક્રિયામાં નીચે મુજબના હોદ્દેદારોની વરણી બીન હરીફ થયેલ છે.

૧. પ્રમુખશ્રી ઓતમચંદ રાયશી હરણીયા (મુળગામ નાની રાફુદળ, હાલ જામનગર), ૨. ઉપપ્રમુખશ્રી – જામનગર શ્રી કમલ મનસુખલાલ ગોસરાણી (મુળ ગામ લાખાબાવળ, હાલ જામનગર), ૩. પંચકોશી વિભાગના ઉપપ્રમુખશ્રી ગીરીશ સોમચંદ દોઢિયા (મુળ ગામ તથા હાલ વસવાટ વસઈ), ૪. વચલા પંથકના ઉપપ્રમુખશ્રી સતીષ રમણીકલાલ ખીમસીયા (મુળ ગામ વસઈ, હાલ લાલપુર), ૫. ચોવીસી ના ઉપપ્રમુખશ્રી કેશવજી સોજપાર મારૂ (મુળગામ તથા હાલ વસવાટ વડાલીયા સિંહણ), ૬. માનદમંત્રી શ્રી રોશન સોમચંદ શાહ (મુળ ગામ ચેલા, હાલ જામનગર), ૭. સહ માનદમંત્રીશ્રી ભાવેશ અમૃતલાલ હરિયા (મુળગામ ગોઈંજ, હાલ જામનગર), ૮. ખજાનચી શ્રી રશ્મીકાંત ખીમજી શાહ (મુળગામ લાખાબાવળ, હાલ જામનગર), ૯. કારોબારી સભ્ય શ્રી શૈલેષ કેશવજી શાહ (મુળગામ કાકાભાઈ સિંહણ, હાલ જામનગર), ૧૦. કારોબારી સભ્યશ્રી નીલેશ ઝવેરચંદ કરણીયા (મુળગામ રાસંગપર, હાલ જામનગર) તથા ૧૧. કારોબારી સભ્ય શ્રી મુકેશ પ્રેમચંદ દોઢિયા (મુળગામ આરબલુશ, હાલ જામનગર).

નવ નિયુકત પ્રમુખશ્રી ઓતમચંદ રાયશી હરણીયા દ્વારા સર્વે ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ, પદ છોડી રહેલા પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા પ્રતિનિધિશ્રીઓ તેમજ આમંત્રીતશ્રીઓનો બીન હીરફ ચુંટવા બદલ આભાર વ્યકત કરવામાં આવેલ. તથા સંસ્થાની પ્રગતિમાં હર હંમેશ સૌનો સહકાર આપવા અપીલ કરવામાં આવેલ.

સામાન્ય સભાની આભારવિધિ સંસ્થાના નવ નિયુકત માનદમંત્રીશ્રી રોશન સોમચંદ શાહ દ્વારા કરતા સભાની કાર્યવાહીને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ.

# શ્રધ્ધાંજલી

જીવવું તો જીવવું જગતમાં ખરી તાકાતથી,
મુકિતની મહેકથી મસ્તક સદા ઊંચું ટાંકી,
તારે શી તમા; અન્યના રહેમની કે રોષની !
જીવવા જીંદાદીલી, મરવા મર્દાનગી પ્રાણ જાગો, પ્રાણ જાગો, પ્રાણ મારા જાગોરે.



ઓશવાળ મિત્રો, ચાલો આજે તદન અલગ વિચારી એક અદના માનવીને તેણે કરેલા કાર્યો માટે બિરદાવીએ અને ખરા દિલથી શ્રદ્ધાંજલી અર્પિત કરીએ.

દેવચંદ ગોસર ગડા

દેવચંદભાઈ કોઠારીએ કયારેય તેમની શારીરિક તકલીફની ફરિયાદ નહોતી કરી. એક હાથ ટૂંકો હોવા છતા પણ ઓશવાળ શિક્ષણ અને રાહતસંઘમાં ૫૦ કરતા વધારે વર્ષો સુધી સેવા આપી.

જામનગર બોર્ડિંગના વિદ્યાર્થી હતા. તેમણે મેટ્રીક સુધી અભ્યાસ કર્યો હતો. તેઓ ખીરસરાના વતની હતા. ૨૬ ઓકટોબર, ૧૯૩૨માં સેવક ધુણિયા ખાતે જન્મેલ દેવચંદભાઈ ૮૮ વરસની વયે ડીસેમ્બર ની ચોથી તારીખે ૨૦૨૦ માં જામનગર ખાતે અવસાન પામ્યા.

ખુદની શારીરિક તકલીફ છતાં પિતાના અવસાન બાદ દેવચંદભાઈએ ૧૫ વર્ષની નાની વયે ત્રણ ભાઈઓને છત્રછાયા પૂરી પાડી. દેવચંદભાઈના ભાઈ વેલજીભાઈ લંડન, પ્રેમચંદભાઈ જામનગર અને શાંતિભાઈ સુરત ખાતે રહે છે. તેમને વિનોદભાઈ નામે એક પુત્ર અને સાત પુત્રીઓ છે. મોટા પુત્રી ભાનુબેનને દિક્ષાનો ભાવ થતા, ભાવના સાથે દેવુભાઈએ અનુમતિ આપેલ. પુત્રી મહારાજમાં પિતાનાં ગુણ ઉતર્યા છે. વૈયાવચ્ચ અને તપધર્મના પ્રખર હિમાયતી છે, સમતા અને શાંત પ્રકૃતિ ધરાવે છે.

પુત્રવધૂ પુષ્પાબેન તથા પુત્રએ દેવુભાઈની ઓશવાળ કોલોની, આયંબિલ ભુવન પાસેના હર્ષ એપાર્ટમેન્ટમાં છેલ્લી અવસ્થામાં ખૂબ સારી ચાકરી કરી. દેવચંદભાઈના પત્ની જયાબેન ૮૨ વરસની વયે ૧૬ મહિના પહેલાજ અવસાન પામ્યા.

દેવચંદભાઈએ ખુદની શારીરિક તકલીફ વચ્ચે પણ ત્રણે ભાઈઓ અને સાતે સંતાનોને શ્રેષ્ઠ સંસ્કાર આપ્યા. દિગ્વિજય પ્લોટ છાત્રાલયમાં વસવાટ સંઘની નોકરી દરમ્યાન કર્યો. ધર્મમય સંસ્કાર ખુદને મળ્યા અને સંતાનો તથા ભાઈઓના પરિવારને પણ આપ્યા.

૧૯૫૩ થી ૨૦૦૪ સુધી કેન્યા રીલીફ બોર્ડ અને ત્યારબાદ સંઘની સ્થાપના થતા ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘમાં નિષ્ઠાપૂર્વક કાર્યરત રહયા હતા.

દેવચંદભાઈ પરિવારજનોમાં 'દેવુભાઈ' અને જ્ઞાતિના નેતાઓમાં 'દેવુભાઈ કોઠારી' તરીકે જાણીતા હતા. દેવચંદભાઈમાં સમુદ્ર જેવી વિશાળતા હતી. કોઈ સમિતીની પધ્ધતિની આલોચના, બીજી સમિતીની પાસે કયારેય નહોતા કરતા. ૫૦ વરસમાં અનેક કાર્યકરો બદલાયા છતાં દરેક સાથે સંકલન જાળવી કાર્ય સંભાળ્યું. હિસાબમાં ખુબ ચોકસાઈ રાખતા. કયારેય ઘડિયાળનો કાંટો નથી જોયો. કામ અને ફરજ પૂર્ણ કરવા માટે મોડી રાત સુધી કામ કર્યુ છે. નિવૃત થયા બાદ પણ તેમના બહોળા અનુભવના કારણે સંસ્થાના પદાધિકારીઓ અને કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું છે. ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘે દેવચંદભાઈના મૃત્યુથી 'એન્સાયકલોપીડીયા' ગુમાવેલ છે.

૨૦૦૪નાં ૧૬/૧૭ ઓકટોબરનાં સંઘની મળેલ ૩૩મી વાર્ષિક સામાન્ય સભામાં સંઘ દ્વારા નિવૃતી વેળાએ દેવચંદભાઈનું સમ્માન કરવામાં આવેલ કેટલીક સન્માનીત વ્યકિતઓ એટલી ઉમદા હોય છે કે ... સમ્માનનું પણ સમ્માન વધી જતું હોય છે ! દેવચંદભાઈના સમ્માન માટે ; આ તર્ક યથાયોગ્ય લાગુ પડે છે. દેવચંદભાઈની હિંમત, મનોબળ, નિષ્ઠા, નિયમીતતા, ચોકસાઈ અને ચતુરાઈ સાથે નમ્રતા અને સમતાના ગુણમાંથી થોડું પણ આપણા જીવનમાં ઉતારીએ તોજ તેમને સાચી શ્રધ્ધાંજલી આપી લેખાશે. દેવુભાઈએ ઘડિયાળના કાંટા સામે જોઈને સંઘમાં નોકરી નહોતી કરી. દરરોજનું કાર્ય પૂર્ણ થાય પછીજ તેઓ કાર્યાલયમાંથી ઘરે પરત જતા હતા. તે સમયે કોમ્યુનીકેશનના સાધનો અદ્યતન નહતા. છાત્રાલય અને બોર્ડિંગમાં

continue on page 32

continue from page 31

એક ગામ જેટલી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓની સંખ્યા હતી. કેન્યા રિલીફ બોર્ડ માતૃ સંસ્થા હતી ત્યારે દેવચંદભાઈની કુનેહથીજ તેઓ 'વન મેન આર્મી' બનીને સંસ્થાની જ નહીં; પણ છાત્રો અને છાત્રાઓની પણ ઢાલ બનીને રહયા.

તેમના વહિવટમાં ' વહી' ઓછી અને 'વટ' વધારે નહી પણ નખશીખ માનવતાના દર્શન થયા છે. કાર્યાલયમાં રાહત મેળવવા આવનારની ગરિમા દેવચંદભાઈએ અકબંધ રાખી છે. બિમાર વિદ્યાર્થીઓ માટે કોઠાર ખુલ્લો મુકયો પણ તેમની ચકોર નજર ના કારણે કોઈ ખોટી વ્યકિત લાભ ન મેળવી શકયા. કોઈ બિમાર વિદ્યાર્થી કે ખરા રાહતના જરૂરિયાતમંદ રહી નથી ગયા. તેમના વિરાટ વ્યકિતત્વનાં કારણે દેવુભાઈ વ્યકિત નહી પણ સંસ્થા બની ગયા હતા.

દેવચંદભાઈ કોઠારી ભરતની ઓશવાળોની સર્વોચ્ચ સંસ્થા ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘના કર્મચારી હતા પરંતુ તેમની કાર્યપધ્ધતિનાં કારણે નેતાઓ કરતા પણ સવાયા ઉચ્ચારણો નિવૃતિ વેળાના સમ્માન સમારંભમાં મેળવ્યા હતા. દેવચંદભાઈ કોઠારીએ 'કોઠારીની' ઉપમા મેળવી ; ત્યારે સંસ્થાની તીજોરી કટોકટીમાં હતી, ટાંચા સાધનો હતા. દરેક ટીમ અને પક્ષે તેમના સમતા અને ન્યાયસંપન્ન વહિવટ કર્તા તરીકે લાંબા કાર્યકાળમાં નિહાળ્યા તે અશકયતા લેખતી બાબતને દેવુભાઈ જેવા વિરલા જ શકય બનાવી શકે.

હાલારી વિશા ઓશવાળ સમાજના 'હિર', 'વિર' ; પૂ. ગોસરબાપા અને માતા પૂ. જીવીબેનના ચિરંજીવ દેવુભાઈએ મહાજન સમાજને અદભૂત પ્રદાન કર્યુ છે તો પુત્રી રત્ન પ. પૂ. સાધ્વીજી ભવ્યદર્શના મહારાજ સાહેબને દિક્ષા અર્પીને જૈન શાસનને જયવંતુ કર્યુ છે. દેવુભાઈ આપણી વચ્ચે આજે હયાત નથી પણ તેમની કર્તવ્ય નિષ્ઠા અને કાર્યપધ્ધતિ ના કારણે જીવંત જ છે. જે કુટુંબમાં અને સમાજમાં દેવચંદભાઈ જેવા માનવીઓ જન્મ લે છે તે કુટુંબ અને સમાજને શત શત નમન.

ઓશવાળ ભાઈઓ બહેનો, જો દેવચંદભાઈ જેવી વ્યકિત સમાજ માટે પચાસ વર્ષો સુધી બધા હોદેદારો તથા હાલારીઓ સાથે કોઈપણ જાતના વાદવિવાદ વગર સમગ્ર ઓશવાળ સમાજ અને સંઘના હીતમાં ઉતમ કાર્ય કરી શકતા હોય તો આપણે સૌએ પણ અંદરોઅંદરના મતભેદો ભૂલી માત્ર ઓશવાળ સમાજના હીતમાં જ કાર્યો કરવા જોઈએ કે જેથી ઓશવાળના ભવ્ય ભૂતકાળનો વારસો વર્તમાનમાં જાળવી અને ભવિષ્યમાં તે વધુ ગૌરવવંતુ બને તેવા સહિયારા પ્રયાસો કરીએ.

**માહિતી આપનાર** — **વિનોદ ગડા અને મુકેશ ગડા**

**આલેખન** — **જ્યોતિબેન દોશી**

**વિચાર પ્રેરક** — **ભરતેષ શાહ**


TOTAL HOSPITALITY INC.

something for everyone

0288 2660004 | 5 | 6  93288 88011

G-09, Madhav Plaza, Nr. Lal Bungalow, Opp. SBI,
Jamnagar-361 001 (Gujarat).
www.totalhp.in e-mail : jamtravelport@gmail.com


DOMESTIC PACKAGES


INTERNATIONAL PACKAGES


CAR RENTALS


SPORTS TRAVEL


AIR BOOKING


RAIL BOOKING

assport, Visa Assistance & Forex
- Air Ticketing (Dom. & Int.)
- Railway Booking (GOVT. Authorised)
- Worldwide Hotel Booking
- Sports Travel
- MICE Tourism
- Cruise Packages
- Domestic & International Packages
- Group Departures
- Religious Tour
- Vehicles on Rent

Franchisee of TRAVELPORT
HO.: MUMBAI - 400 053

HEMALI SHAH : +91 98793 00006
PARAS SHAH : +91 96384 44333
CHETAN SHETH: +91 98242 44188

IATA TAAI TAFI

# શ્રી એલ. જી. હરિઆ સ્કુલ દ્વારા સ્ટાફ ગણની પિકનીક



એકધારું જીવન જીવતા જીવતાં આપણી જીવન યાત્રામાં આપણે કંટાળો અને માનસિક થાક અનુભવતા હોઈએ છીએ. અને એમાંય આ તો આખુ વર્ષ સાવ ડામાડોળ સ્થિતિ સાથે રહયુ ત્યારે આવા સમયે શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનાં આચાર્યશ્રી ધવલ પટ્ટ દ્વારા એક ઉજાણીનું આયોજન તા. ૨૯/૧૦/૨૦૨૦ રોજ કરવામાં આવ્યુ હતું. જામનગરથી ૧૨ કિલોમીટરનાં અંતરે લાખાબાવળ પાસે આવેલ લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર એ જામનગરનું ઘરેણું કહી શકાય. આવા સ્થળની પસંદગી થતા જ સ્ટાફગણમાં પિકનીક માટે આનંદનું મોજુ ફરી વળ્યું હતું. કારણકે લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર એટલે મોજ સાથેની માવજત. કુદરતનાં ખોળે સોળેય કળાએ ખીલી ઉઠેલ એના સૌદર્યનાં વખાણ કરવા માટે શબ્દો ન જડે.

સવારે આઠ વાગ્યે જ શાળાએથી સમગ્ર સ્ટાફ બસ દ્વારા લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર તરફ જવા નિકળી પડયો હતો. રસ્તામાં કયાંક અંતાક્ષરી, કયાંક પ્રકૃતિ દર્શન અને કયાંક મીઠી વાતોની આપ - લે કરતા કરતા સૌ ગંતવ્ય સ્થળે પહોંચ્યા. શિયાળાની કાતિલ ઠંડીમાં લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર તરફથી ચા - નાસ્તાની સગવડથી સૌની ઠંડી જાણે અદશ્ય થઈ ગઈ. દરમિયાન સવારનાં આહલાદક વાતાવરણમાં શાળાનાં વ્યાયામ શિક્ષકો શ્રી કપિલ ત્રિવેદી, શ્રી દર્શના તેરૈયા તથા શ્રી નિતેશ કાસુંદ્રા દ્વારા પાવર યોગાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવર યોગાથી ઠંડીમાં ઠુંઠવાયેલા સ્ટાફગણમાં સ્ફૂર્તિ અને ચુસ્તીનો સંચાર થતા જ બધા તરોતાજા બની ગયા હતા. પાવર યોગા પૂર્ણ થયા પછી સૌ લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટરમાં એક એક કક્ષમાં જઈને સૌએ આ કુદરતી ઉપચાર પધ્ધતિ વિશે માહિતી મેળવી હતી. આ બાબતે ત્યાંનાં સ્ટાફનો પણ સૌને ભરપૂર સહયોગ સાંપડયો હતો. શરીરની સ્વસ્થતા માટે લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર માં રહેલા અદ્યતન સાધનો અને મશીનો તથા અલગ અલગ થેરાપીઓની ભરપૂર માહિતી ત્યાંનાં સ્ટાફ દ્વારા સૌને પ્રાપ્ત થઈ હતી.

મુલાકાત બાદ ત્યાંનાં ભવ્ય અને વિશાળ બગીચામાં સ્ટાફગણે રસ્સા ખેંચ, ક્રિકેટ, અંતાક્ષરી જેવી સ્પર્ધાઓમાં ઉમંગ અને ઉત્સાહથી ભાગ લઈને ખૂબ મનોરંજન માણ્યું હતું. ત્યારબાદ બપોરનાં ભોજન સમય થતાં સૌએ મન ભરીને ભોજનની મજા માણી હતી.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ શાહ પણ ભોજનમાં સૌની સાથે જોડાયા હતા તેથી ભોજન વધુ ભાવભર્યું અને મધુર બન્યુ હતું. સૌએ પોતપોતાનાં આત્મીય અને સ્ટાફ ગણ સાથે ફોટા પડાવીને ટેકનોલોજીનો સુચારુ ઉપયોગ કર્યો હતો. ઘર તરફ પાછા વળવાનાં સમયે લાખાબાવળમાં આવેલ જગત જનની શ્રી અંબા મા તથા શ્રી ચંદ્રેશ્વર મહાદેવનાં દર્શન કરીને સૌએ ધન્યતા અનુભવી હતી. માણેલા આનંદની ક્ષણોને વાગોળતા વાગોળતા સૌ બસ દ્વારા શાળાએ પરત આવ્યા અને પોત પોતાનાં ઘર તરફ પ્રયાણ કર્યું.



આમ, આ સમગ્ર ઉજાણી એક અવસર જેવી આસ્વાદય બની રહી.

# અનુદાન આભાર





હાલાર કેશરી પ્રાચીન સાહિત્યોદ્ધારક પરમ પુજય આચાર્યદેવ શ્રીમદ વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં આશીર્વાદ અને પ્રેરણાથી નિર્માણ પામેલ શ્રી જૈન બાલમંદિર - શ્રી જૈન કન્યા વિદ્યાલયમાં સ્વ. ડો. ડી.સી. મહેતા પરિવાર તરફથી શાળાનાં (બાલમંદિર થી ધોરણ ૧૨) ધર્મનાં રૂમ માટે ભગવાનશ્રી મહાવીર સ્વામીની આરસની દર્શનીય પ્રતિમા મળેલ જે વિધિવત ગાદી બનાવી દર્શન અર્થે રૂમમાં પધરાવેલ છે. તેમજ શાળામાં એક રૂમનું અનુદાન પણ મળેલ છે અને આજ રોજ તારીખ ૧૬/૦૨/૨૦૨૧ વસંતપંચમીનાં ડો. ડી.સી. મહેતાની માસિક પુન્ય તિથીએ તેઓનાં પરિવાર દ્વારા શાળાની મુલાકાત લઈ અને શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસના ઉત્કર્ષ માટે એક Microscope નું અનુદાન આપેલ. શુભ આશયથી મળેલ ભેટ બદલ સંસ્થા તથા ટ્રસ્ટી મંડળ, કમીટી મેમ્બર્સ આપશ્રીનો ખુબ - ખુબ આભાર માને છે.

| શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ - જામનગર - કાર્યવાહી સમિતિ સને ૨૦૨૦-૨૨ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | મૂળ ગામ | હોદો |
| ૧. | શ્રી રીતેશ વિજયભાઈ જાખરીયા<br>'વિજય નિકેતન' હુન્નર શાળા કમ્પાઉન્ડ, પ્રેમચંદ શેઠ કોલોની, જામનગર. | ચેલા | પ્રમુખશ્રી |
| ૨. | શ્રી હર્ષિલ છગનલાલ હરિયા<br>૨૦૧, નિત્યચંદ્રદર્શન રેસીડેન્સી, ઓશવાળ કોલોની-૧, જામનગર. | પડાણા | ઉપપ્રમુખશ્રી |
| ૩. | શ્રી વિનોદરાય દેપાર શાહ (ડો. વી. ડી. શાહ),<br>બી-૬, વિઝન ટાવર, સત્યસાંઈ સ્કૂલ સામે, જામનગર | ચંગા | માનદમંત્રીશ્રી |
| ૪. | શ્રી કિશોરકુમાર ખીમજી વિસરીયા (ખારાબેરાજા)<br>ઓશવાળ કોલોની શેરી નં. ૬, રણછોડદાસ આશ્રમ સામે, જામનગર. | ખારાબેરાજા | સહમંત્રીશ્રી |
| ૫. | શ્રી હિતેશ મનસુખલાલ ચંદરીયા,<br>૫૦૧-૫૦૨, મંગલમ રેસીડેન્સી, ૩-કામદાર કોલોની, જામનગર. | રાવલસર | ખજાનચીશ્રી |
| ૬. | શ્રી તેજસ રતિલાલ ખીમસીયા<br>બ્લોક નં. ૧૩/૭૫, લાખોટા મીગ કોલોની, સુમેર કલબ રોડ, જામનગર. | ચેલા | કારોબારી સભ્ય |
| ૭. | શ્રી રશ્મીકાંત ખીમજી શાહ<br>૪૦૨, પુષ્પ રેસીડેન્સી, ૩ - કામદાર કોલોનો, જામનગર | લાખાબાવળ | કારોબારી સભ્ય |
| ૮. | શ્રી શિરીષ નેમચંદ સાવલા<br>કામદાર કોલોની શેરી નં. ૧૧, બજાજ કુટીરની બાજુમાં, જામનગર. | વ. સિંહણ | કારોબારી સભ્ય |
| ૯. | શ્રી પંકજ કાંતિલાલ માલદે<br>સુભાષપરા નં. ૧, ઈદ મસ્જીદ સામે, જામનગર | ચંગા | કારોબારી સભ્ય |
| ૧૦. | શ્રી અતુલ ધનરાજ ગોસરાણી<br>૪૮- દિગ્વીજય પ્લોટ, જામનગર. | લાખાબાવળ | કારોબારી સભ્ય |
| ૧૧. | શ્રી દર્શન રમેશચંદ્ર દોઢિયા<br>૨૦૧, કલ્યાણી એપાર્ટમેન્ટ, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર. | નવાગામ | કારોબારી સભ્ય |
| ૧૨. | શ્રી રજનીકાંત ઝવેરચંદ ગોસરાણી<br>૨૦૩, નીત્યચંદ્ર દર્શન રેસીડેન્સી, ઓશવાળ કોલોની ૧, જામનગર. | રાવલસર | કારોબારી સભ્ય |
| ૧૩. | શ્રી દીપેશ રમણીકલાલ ગોસરાણી<br>૧૦૩, પંચરત્ન એપાર્ટમેન્ટ, હરિયા સ્કૂલ સામે,જામનગર. | ઢીંચડા | કારોબારી સભ્ય |
| ૧૪. | શ્રી પરાગ સુરેશચંદ્ર સુમરીયા<br>નરેન્દ્ર નિવાસ, ૫૫ દિગ્વીજય પ્લોટ, જામનગર. | લાખાબાવળ | કારોબારી સભ્ય |
| ૧૫. | શ્રી ભાવેશ અમૃતલાલ હરિયા<br>એફ-૫૦૨, શાંતિ હાર્મોની, રોજી પેટ્રોલ પંપ સામે, જામનગર. | ગોઈજ | કારોબારી સભ્ય |

# શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં ૭૨માં પ્રજાસતાક દિનની શાનદાર ઉજવણી





સ્વતંત્રતા પછીની ભારતીય પરંપરા મુજબ ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં ભારતનો ૭૨મો પ્રજાસતાક દિન બાઅદબ અને ઉમંગભેર ઉજવવામાં આવ્યો. આ ઉજવણીમાં ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટના ઓનરરી સેક્રટરી શ્રી ચંદુભાઈ શાહ, ટ્રસ્ટીશ્રીઓ શ્રી કેશવજીભાઈ ગોસરાણી, શ્રી ભરતેશભાઈ શાહ તથા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં નેજા હેઠળ ચાલતી વિવિધ સંસ્થાનાં સભ્યશ્રીઓ, શ્રી રસીકભાઈ શાહ, શ્રી કેતનભાઈ વોરા, અતિથિ શ્રી સંજયભાઈ ખંડેલવાલ તથા શ્રી માયાબેન શાહ વગેરે સહર્ષ ઉપસ્થિત રહયા હતા. આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના શિક્ષક શ્રી રાજ શાહે કર્યુ હતું. સ્વાગત પછી શાળાનાં શિક્ષિકા શ્રી શેરોન જયોર્જે પોતાના વકતવ્યમાં દેશભકિતની આહ્લેક સતત ઉજાગર રહે અને દેશની એકતા અને અખંડીતતા જળવાઈ રહે એવી ઈચ્છા વ્યકત કરી હતી. તેણીએ ઉપસ્થિત સહુને દેશનાં વિકાસ તરફ એક ડગલું આગળ વધવા આગ્રહ કર્યો હતો. શાળાના વિદ્યાર્થી શ્રી તેજસ મંગાણીનું વર્ચુઅલ વકતવ્ય આ તકે સૌને સંભળાવવામાં આવ્યું હતું. તેના વકતવ્યમાં તેણે દેશ માટે સૌએ તન મન ધનથી સમર્પિત થવું જોઈએ એવી ટકોર કરી હતી. આ તકે પ્રાથમિક શાળાના સુપરવાઈઝર શ્રી દર્શના જોષી તથા અન્ય શિક્ષકો શ્રી સુચિસ્મિતા દેબ રોય, દિપા ગલૈયા, રોશની મારૂ, પૂજા શાહ તથા શર્મિલા ચટ્ટોપાધ્યાયે દેશ ભકિતનું ઉત્તમ ગીત ગાઈને સૌ ઉપસ્થિત વર્ગને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

કાર્યક્રમ અંતર્ગત ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં ઓનરરી સેક્રેટરી શ્રી ચંદુભાઈ શાહ તથા ટ્રસ્ટીશ્રી કેશવજીભાઈ ગોસરાણી, શ્રી ભરતેશભાઈ શાહે પોતાના વકતવ્યમાં દેશની આઝાદી અને ગરિમાને જાળવી રાખી અખંડ સાર્વભૌમત્વને વરેલી આ વીરભોગ્યા વસુંધરાને સદાય વંદીએ એવી હાકલ કરી હતી. પોતાની વાત દ્વારા સૂર પુરાવતા શાળાના આચાર્ય શ્રી ધવલ પટ્ટે



પણ દેશના શહિદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતા કહયું હતું કે ભારત માત્ર જમીનનો ટુકડો જ નહીં, પણ આપણા સૌનો કાળજાનો કટકો છે એમ સમજીને તેનું ખરા હૃદયથી જતન કરવું જોઈએ. સમગ્ર કાર્યક્રમમાં ઉદબોધક તરીકે શાળાના શિક્ષક શ્રી રાજ શાહે ફરજ બજાવી હતી. સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ દીપા ગલૈયાએ કરી હતી. આમ સમગ્ર કાર્યક્રમ દ્વારા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટે નાગરીકોને સંદેશ આપ્યો હતો કે માતા કરતા પણ સવાઈ માતા એવી ભારતભૂમિને આપણે સૌએ જતન પૂર્વક સંભાળવી જોઈએ કારણકે,

<u>**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि ।**</u>

શુભેચ્છા સહ

**કે. બી. શીપીંગ એન્ડ કાં**

મરીન ફલીટ ઓનર

બારદાનવાલા રોડ, ગ્રેઈન માર્કેટ

જામનગર

ફોનઃ- ઓ.૨૫૫૬૭૨૫/ ૨૬૭૯૬૨૭

મો.:૦૯૮૨૫૨૧૦૭૫૫

ફેકસઃ- (૦૨૮૮) ૨૫૫૬૭૨૫

ઈ-મેઈલ: vijay_sanghavi@yahoo.co.in

# ધી નવાનગર કો-ઓપરેટીવ બેંક લિ.

PROUDLY CO-OPERATIVE

E : mail@nawanagarbank.co.in

www.nawanagarbank.co.in

'નવાનગર બેંક ભવન', પ્રણામી સ્કુલ સામે, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર. ફોન : ૨૫૬૩૯૮૪ - ૮૫



'નાના માણસોની મોટી બેંક'

'સહકારીતાનો વ્યવસાયિક ઉદેશ્ય માનવ સેવા'



## • આધુનીક બેંકીંગ સુવિધાઓ ફ્રી ઓફ ચાર્જ •

- RTGS / NEFT થી ફંડ ટ્રાન્સફર
- E-PAYMENT I.T. / G.S.T.
- SMS ALERT
- RuPay ડેબીટ કાર્ડ
- મોબાઈલ બેન્કીંગ NEFT ફંડ ટ્રાન્સ્ફર સુવિધા સાથે
- ઓનલાઈન શોપીંગ
- મોબાઈલ એપથી વિજ બિલ, ગુજરાત ગેસ બિલ, મોબાઈલ બિલ પેમેન્ટ સુવિધા

## • બેંકની વિશેષ સેવાઓ •

- જામનગર મહાનગર પાલીકાના વેરાઓ ની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી
- GUJARAT GAS — ગુજરાત ગેસના બિલોની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી
- PGVCL — પી.જી.વી.સી.એલ.ના વિજ બિલો બેંકની દરેડ - શરૂ સેક્શન રણજીત સાગર રોડ - ગુલાબનગર ગોકુલનગર શાખાઓમાં ભરવાની સુવિધા

બેંકના એકાઉન્ટમાં રજીસ્ટર્ડ કરેલ મોબાઈલ નંબર પરથી ૭૦૬૯૦ ૭૦૯૦૦ મોબાઈલ નંબર પર મિસ્ડ કોલ કરવાથી ખાતાની બેલેન્સ જાણવાની સુવિધા...

બેંકની ઉપરોક્ત સુવિધાઓ અને સેવાઓનો અવશ્ય લાભ લેવા વિનંતી

# જૈનોની ખુમારીને સલામ

• સ્પષ્ટ લઘુમતીમાં હોવા છતા જૈનો કદી ય સરકાર પાસેથી શોર્ટકટ દ્વારા કશું મેળવી લેવા ઝંખતા નથી!

આપણે સૌ જાણીએ છીએ કે જૈનોની વસ્તી ભારતની કુલ વસ્તીના બે ટકા જેટલી ય નથી. એટલે કે જૈનો લઘુમતીમાં છે. પણ આપણે એ નથી જાણતા કે આટલી લઘુમતીમાં હોવા છતા, જૈનો કેવી રીતે ખુમારીથી ટકી રહ્યા છે. કોઈ જૈન લઘુમતીના લાભ લેવા માટે સરકારને ભીંસમાં લેતો નથી. કોઈ જૈન હાથમાં હથિયાર લઈને હિંસા દ્વારા પોતાનું વર્ચસ્વ જમાવવાની કોશિશ કરતો નથી. કોઈ જૈન કોઈ પણ સ્વરૂપે પોતાના માટે ય કશું ય અનામત હોય એવું ઝંખતા નથી. તો ય જૈનો સદીઓથી વટથી જીવી રહયા છે. જૈન ધર્મે કદી કોઈ અન્ય ધર્મના સિદ્ધાંતોની તફડંચી કરી નથી.

• જૈનો વટલાતા નથી.

કેટલાય હિન્દુઓ સ્વેચ્છાએ પોતાનો ધર્મ છોડીને બીજા ધર્મના શરણે ચાલ્યા ગયા છે. ખાસ કરીને પછાત ગણાતી કોમના હિન્દુઓ સામે ચાલીને ખ્રિસ્તી ધર્મ અપનાવતા જોવા મળ્યા છે. 'મકવાણા' મટીને 'મેકવાન' બન્યા પછી એને ખાસ્સી રાહત થાય છે. પોતે અસ્પૃશ્ય તરીકે ઉપેક્ષા પામતો હતો, હવે એને સૌ પોતાની પાસે બેસાડે છે. કેટલાક લોકો એક કરતા વધુ લગ્ન કરવા માટે સ્વેચ્છાએ મુસ્લિમ ધર્મ અપનાવી ચૂકયા છે. આ ઉપરાંત ઈતિહાસ કહે છે તેમ અનેક મુસ્લિમ રાજાઓએ અન્ય ધર્મના લોકોને બળજબરીથી વટલાવીને મુસ્લિમ બનાવી દીધા હતા. પરંતુ આ રીતે ય કદી કોઈ જૈનને તેઓ વટલાવી નથી શકયા. એનું કારણ એટલું જ છે કે જૈનોને પોતાના ધર્મમાં અને ખુદ પોતાનામાં ભરપુર શ્રદ્ધા છે. શોર્ટકટથી એને કશો લાભ લેવાનું પસંદ નથી. તકલીફો અને ઉપાધિઓ આવે ત્યારે જરાય ડગી જવાનું એને પરવડતું નથી. ઉલટાનું 'આ તો મારા ગયા જન્મના ખરાબ કાર્યોનું જ પરિણામ હશે' એવા સમાધાન સાથે એ તમામ તકલીફો - ઉપાધિઓને સહન કરે છે.

• સાધર્મિક ભકિત

જૈનોની સૌથી મોટી શકિત સાધર્મિક ભકિત છે. પોતાની સહધર્મી જો દુ:ખી હોય તો એને સહાય કરવામાં જૈનો પાછું વળીને જોતા નથી. નાના મોટા જાહેરમાં સમૂહ કાર્યક્રમો વખતે સૌને જમાડવાનો લાભ લેવા જૈનો હંમેશા ઉત્સુક રહે છે. કોઈ જિનાલયની સાલગીરા ઉજવવાની હોય, કોઈ ભગવાન-તીર્થંકરનો બર્થ-ડે ઉજવવાનો હોય, કોઈ તપસ્વી બહુમાનનો વિશાળ કાર્યક્રમ હોય, કોઈ સાધુના પ્રવેશનો અવસર હોય કે સમૂહ લગ્ન જેવો સામાજિક પ્રસંગ હોય ત્યારે એકત્ર થયેલા તમામ જૈનોના ભોજનનો ખર્ચ હંમેશા કોઈને કોઈ દાતા-પરિવાર હોંશે હોંશે ચૂકવે છે - એવી તક જેને મળે એને એ પોતાનું સદ્‌ભાગ્ય સમજે છે.

કેટલાક જૈન તીર્થોમાં આજે ય મફત ભોજન અપાય છે, તો કોઈક તીર્થમાં ટોકનરૂપે સાવ મામૂલી રકમ લઈને યાત્રિકોને સાત્વિક તથા સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવે છે. એવી સંસ્થાઓને માતબર રકમનું દાન આપીને સાધર્મિક ભકિતનો લાભ દાતાઓ લેતા રહે છે. કયારેક તો જમાડયા પછી પાછું સંઘપૂજન કરવામાં આવે અને ભોજન કરનાર દરેક વ્યકિતને એક રૂપિયાથી લઈને પચાસ કે સો રૂપિયાનું ભેટ કવર અપાય છે. આવી સાધર્મિક ભકિત સંગઠન પ્રગટાવે છે. પરસ્પર પ્રત્યે સદ્‌ભાવ છલકાવે છે. એકતા મજબૂત બનાવે છે.

• પાંજરાપોળો ચલાવે છે

તમે ભાગ્યે જ કોઈ જૈનને પશુ પાલનનો વ્યવસાય કરતો જોયો હશે. ગાય, ભેંસ, બકરી જેવા દુધાળા પશુઓ રાખીને જૈનો કારોબાર કરતા નથી. છતાં એવા ઢોર જયારે કતલખાને ધકેલાતા હોય કે ભૂંડી દશામાં રિબાતા હોય ત્યારે એમને પાંજરાપોળમાં લાવીને જતનથી એની સંભાળ લે છે. સેંકડો પાંજરાપોળોમાં હજારો મૂંગા પશુ-પક્ષીઓને આહાર-પાણી અને સલામતી જૈનો દ્વારા અપાય છે. એક વખત કલિકુંડ જવાનું થયેલું ત્યારે ત્યાં જીવદયાનું સૌથી ઉત્કૃષ્ટ કાર્ય કરનાર કુમારપાળ વી. શાહના પ્રયાસ અને પ્રયત્નથી જુદી જુદી પાંજરાપોળમાં લગભગ પંચાવન જેટલી ટ્રકો ભરીને લીલું-સૂકુ ઘાસ મોકલવામાં આવે છે. આ ઉપરાંત પશુઓને રોગ કે બિમારી વખતે મેડિકલ ટ્રીટમેન્ટ પણ અપાય છે. આવી પારદર્શક અને પવિત્ર જીવદયા તો કદાચ પશુ પાલનનો ધંધો કરનારા લોકોમાંય જોવા નથી મળતી.

• સ્થાપત્ય કલા

જૈનોએ ભારતની સ્થાપત્ય કલાને જે પ્રોત્સાહન આપ્યું છે એ વિરલ છે. નાનામાં નાનું દેરાસર હશે તો ય ત્યાં નકશીદાર કોતરણી જોવા મળશે. દેરાસરો બનાવવા જોઈએ કે નહિ એ બાબતે મતભેદ હોઈ શકે. પણ જો મંદિરો બનાવવા જ હોય તો કેવા બનાવવા જોઈએ એનો આદર્શ દેરાસરો પુરો પાડે છે. તમે કોઈ દેરાસરને ગંધાતું નહિ જોયું હોય. જૈન કદી પ્રસાદ ચઢાવતા નથી એટલે દેરાસરમાં રાંધેલી વાનગીઓ લઈ જતા નથી. માત્ર ફળ વગેરેનું નૈવેદ્ય ચઢાવે છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે કોઈ ખાવા-પીવાની ચીજ ઉપર દેરાસરના પ્રતિમાજી ની દૃષ્ટિ પડી જાય (એટલે કે ભગવાનની મૂર્તિ સમક્ષ જે કાંઈ ખાવા-પીવાની ચીજ જાણતા કે અજાણતા આવી જાય) એ ચીજ વાપરી ન શકે. એવી ચીજ કાં તો પૂજારીને આપી દેવાય, કોઈ બિન જૈનને આપી દેવાય કે પછી પશુઓને ખવરાવી દેવાય છે. આ કારણે જૈન મંદિરો હંમેશા સ્વચ્છ હોય છે. પરંતુ મૂળ વાત સ્થાપત્ય કલાની છે. જૈનોએ અનેક

continue on page 38

continue from page 37

શિલ્પીઓને લાઈફ ટાઈમ રોજીરોટી આપી છે. એમની કલાને બિરદાવી છે.

- વેપાર ઉદ્યોગ

જૈનોના લોહીમાં વેપાર-વ્યવસાયના શ્વેતકણો અને રકતકણો ભળેલા હોય છે. વેપારની કુનેહ જૈનો પાસે છે એવી ભાગ્યે જ બીજા કોઈ પાસે જોવા મળશે. નાનકડા ગામમાં કરિયાણાની નાનકડી હાટડી ચલાવતો જૈન હશે કે પછી કોઈ મોટી ઈન્ડસ્ટ્રી સંભાળતો જૈન હશે. અનુભવ ખાતર કયાંક થોડો વખત નોકરી કરશે તોય એનું મન તો પછીથી પોતાનો સ્વતંત્ર કારોબાર કરવા થનગનતું હશે. ઓછી મૂડીથી નાના પાયે વ્યવસાય શરૂ કરીને સૌથી આગળ કઈ રીતે નીકળી જવું એની ફાવટ જૈન વ્યકિતને હોય છે.

- દાન આપવાની દિલેરી

એવું કોઈ ગામ-નગર કે શહેર નહિ જોવા મળે જયાં કોઈ જૈન દાતાના દાનથી દવાખાનું, સ્કૂલ, ધર્મશાળા, પાંજરાપોળ, લાઈબ્રેરી જેવું એકાદ સ્થાન ન હોય, છેવટે પાણીની નાનકડી પરબડી તો હશે જ. જૈનો પોતાના સહધર્મીઓ માટે (જૈનો માટે જ) કોઈ સંસ્થા ઉભી કરવા માટે કે એના નિભાવ માટે બિન જૈન પાસે કદી ફંડ-ફાળો કરવા જતા નથી. પરંતુ સાર્વજનિક સંસ્થાઓ માટે સૌથી વધુ દાન જૈનો તરફથી મળેલું હશે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે ભૂકંપ જેવી હોનારતો વખતે સૌથી વધુ દાન જૈનો તરફથી મળતું હોય છે. જૈનો સરકાર પાસેથી કશો લાભ લેતા નથી, પરંતુ જાત જાતના સૌથી વધુ ટેકસ ભરવામાં અને રાહત કાર્યોમાં જૈનોનો જ સૌથી પ્રબળ ટેકો હોય છે.

દરેક બાબતમાં અપવાદ હોય છે તેમ જૈનો વિશે અહીં જે વાતો લખી છે એમાં ય કયાંક અપવાદ હોય શકે છે. છતાં જૈનો સ્વાવલંબી છે, ખુમારીવાળા છે, સહાય અને સદ્ભાવ બતાવનારા છે. આ કારણે જ લઘુમતીમાં હોવા છતાં જૈનો વટથી-ખુમારીથી ટકી રહયા છે. રાજા-મહારાજાઓના મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપવાથી માંડીને અત્યારે સમાજ સેવામાં વિવિધ સહયોગ આપવા સુધીના કાર્યોમાં જૈનો મોખરે છે. જૈનોનું ભવિષ્ય ઉજ્જવળ છે એમાં બેમત નથી.

**- શ્રી નવિનચંદ્ર સોજપાલ ગોસરાણી-જામનગર**

**સૌજન્ય : મહાવીર શાસન**

## ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત

# સ્પોકન ઈંગ્લીશનાં વર્ગનો શુભારંભ



ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત હરિઆ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોકન ઈંગ્લીશ એન્ડ પર્સનાલીટી ડેવલપમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓ, ગૃહીણીઓ, ધંધાર્થીઓ, નોકરીયાત એમ સમાજનાં બધા વર્ગોને આવરી લેતો સ્પોકન ઈંગ્લીશ માટેનો વર્ગ તા. ૦૧/૦૨/૨૦૨૧ થી શરૂઆત કરવામાં આવેલ છે. હરિઆ ઈન્સ્ટીટયુટ વર્ષ ૨૦૦૦ થી આ વર્ગોનું સંચાલન કરે છે. અને આ વર્ગના ઘણાં તાલીમાર્થીઓ સારી રીતે અંગ્રેજી બોલી શકે છે.

સદર વર્ગનું ઉદઘાટન ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ કે. શાહનાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરી કરાયેલ હતું. તેમણે પ્રાસંગીક પ્રવચનમાં અંગ્રેજી બોલવા ઉપર ભાર મૂકી સ્પોકન ઈંગ્લીશની આજનાં યુગમાં અગત્યતા અંગે પ્રકાશ પાડેલ હતો. આ વર્ગનું સંચાલન અંજના આશર કે જેઓ હરિઆ ગ્રુપ ઓફ સ્કૂલ્સનાં ડાયરેકટર ઓફ એજયુકેશન (નિવૃત) છે તેમના દ્વારા કરવામાં આવશે. તેઓએ આ ચાર માસનાં વર્ગ દરમ્યાન અંગ્રેજી શબ્દભંડોળ, વ્યાકરણ, વાકયરચના, વકતૃત્વ, પર્સનાલીટી ડેવલપમેન્ટ વિગેરે અંગે તાલીમ આપવામાં આવશે તેમ જણાવેલ હતું આ વર્ગમાં ઓડીયો / વિડીયો પ્રેઝન્ટેશનથી અંગ્રેજી ભાષા અંગે સમજણ આપવામાં આવશે. વર્ગનો સમય સાંજે ૫:૩૦ થી ૭:૦૦ સુધીનો સોમવાર થી શુક્રવાર સુધી રહેશે. વર્ગનાં ઉદઘાટન સમારોહમાં શ્રી એલ.જી. હરિઆ સ્કૂલનાં એડમીનીસ્ટ્રેટર શ્રી વ્યોમેશ એમ. વૈદ્ય તેમજ પી.આર.ઓ બંસરી ભટ્ટ ઉપસ્થિત રહેલ હતા. આ વર્ગમાં જોડાવા માટે મોબાઈલ નંબર ૯૩૨૭૫૮૨૮૫૨ નો સંપર્ક કરવા જણાવાયું છે.





# કુંવરપાઠાનો જ્યુસ

આલેખન : અંબાલાલ ઉપાધ્યાય
પૂર્વઅધ્યક્ષ : સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ – હિંમતનગર
સૌજન્ય : ગ્રામ સ્વરાજ

કુંવરપાઠુ પ્રકૃતિનું એક અનમોલ દેણ છે. સ્વાસ્થ્ય માટે ઔષધિનાં રૂપમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. પ્રભાવશાળી પ્રજાતિ મીલર છે. કુંવરપાઠાનો જ્યુસ પીતા રહેવું જોઈએ. સ્વાસ્થ્યની ભાષામાં એન્ટીઓકસીડ કહેવામાં આવે છે. શલ્યજનિત ઓપરેશન પછી ઉત્પન્ન વિકારને દૂર કરે છે. નિશાન તથા દાગ વગર સર્જરી જલદી ઠીક થાય છે.

કુંવરપાઠાથી બનાવેલ જેલ પ્રયોગ ક્ષય કિરણો, નષ્ટ થયેલી ત્વચા પર કરવામાં આવેલ હતો. રોગ પ્રતિરોધક શકિતને હંમેશા માટે ઉત્પન્ન કરે છે. પ્રતિશત કુંવરપાઠા તથા શેષ ખનીજ તેલ મિલાવી તૈયાર કરી જેલને વધારે સોરાયસીસ વાળી જગા ઉપર લગાવી ચાર અઠવાડીયામાં હંમેશા હંમેશા માટે શિકાયત દૂર થઈ જશે. શિકાયત રહે તો કુંવરપાઠાનો તાજો જ્યુસ ૨૦ મિલી પ્રતિદિન લેવો જોઈએ. ભયંકર વિશ્વજન્ય આંતરગાંઠ સુજન થઈ હોય ત્યારે કુંવરપાઠાનો જ્યુસ બે અઠવાડીયા પીવાથી રાહત થાય છે. ગેસ, આફરામાં પણ રાહત થાય છે. કુંવરપાઠાના પ્રયોગ દ્વારા મધુમેહ રોગી લોહીમાં શર્કરા પ્રતિશત ઓછુ કરવામાં આવે છે.

**ગઠીયાજન્ય રોગ કા નાશક :-** આમવાત રોગમાં કુંવરપાઠાનુ સેવનનો પ્રયોગ અત્યંત લાભદાયક મનાય છે. ગઠીયામાં આવેલી સુજનનો નાશ થાય છે. રોજના ચાર ચમ્મચ કુંવરપાઠાનો રસ આપવામાં આવે તો ત્રણ અઠવાડીયામાં ઠીક થવાય છે. સુજનને ઠીક કરી દે છે. સાથે સાથે શરીર રોગ પ્રતિરોગ શકિતને વ્યવસ્થિત કરી દે છે.

**કેન્સર રોગી કુવરપાઠા :-** શોધના અનુસાર કેન્સર ઉત્પન્ન કરવાવાળી દરેક તત્વને કુંવરપાઠાના રસ દ્વારા રોકી શકાય છે.જે રોગીયોને કેન્સર દ્વારા દવાનો અભાવ હોય તેવા વ્યકિતને કુંવરપાઠાનો રસ લેકટીન, ટયુમર, કોશીકાઓને નષ્ટ કરે છે.તેમાં સ્વસ્થ્ય કોશિકાઓના નિર્માણ કરવાની ક્ષમતા હોય છે.

**ફેફસા કેન્સરમાં લાભદાયક :-** કુંવરપાઠાના રસનું પરીક્ષણ ફેફસામાં મોજુદ શ્વાસ નલીકાઓ નવીન કોશીકાઓ જન્મ થાય છે. કેન્સર પીડીત મૃત્યુ પામેલા પુનઃ સ્વસ્થ્ય થઈ જશે. કુંવરપાઠા કેન્સરને રોકવાથી અપાર શકિત રાખે છે.

**ખનીજ લવણ :-** કેલ્શિયમ, સોડીયમ, પોટેશીયમ, મેગનીજ, કોપર જીંક, કોમિયમ તેમજ સેલીનિયમ નામક ખનીજ લવણ મોજુદ રહે છે. જે શરીરમાં ચયાપચય ક્રિયા નિયંત્રીત કરે છે.

**શર્કરા :-** તેમાં શર્કરાની માત્રા આવી જાય છે. રોગ પ્રતિરોધક ક્ષમતાની શીઘ્ર વધારાની હોય છે. પૌધેમાં મ્યુસિલેજ લેયર ઉપર મૌજુદ હોય છે. જેનો પ્રયોગ કરનેવાલા રોગો રોકથામ હોય છે. લેગનીન : પોધેમાં લીગનીન નામનું તત્વ હોય છે. એક એવુ તત્વ છે જે ચહેરા પર પ્રયોગ કરવાથી મોજુદ ગંદકીને સાફ કરવાથી ઓકસીકરણ કરે છે. ત્વચાને બચાવે છે.

**સપોનીન :** વાયરસજન્ય સંક્રમણ, વાયરલ, ફંગસ તેમજ ફફુદ ઉત્પન્ન કરનેવાલા કીટાણું તેમજ ત્વચાની રક્ષા કરે છે. સપોનીન માત્રા એન્ટીસેપ્ટીક કામ કરે છે. લુગદી મોજુદ સપોનીન ત્વચાનું રક્ષણ કરે છે.

**વસીય અલ્મ :** કોલેસ્ટ્રાલ, કેમ્પેસ્ટ્રોલ તેમજ લુપિલ, નામક તત્વ તે પૌધામાં જોવા મળે છે. જે પ્રકૃતિક સ્ટેરોયડસ માને છે. તેનો મુખ્ય પ્રયોગ શરીર તથા સુજનનો નાશ કરવાથી થાય છે. વસીય અલ્મોને ઉપસ્થિતનું કારણ કુંવરપાઠા ત્વચારક્ષક, ચર્મ, વિકાર, વાયુનાશક, નાડીશોધક ગુણ ઉત્પન્ન કરે છે.

**ઔસત ઉમર વધારવાની ક્ષમતા :-** કુંવરપાઠા પ્રાકૃતિક તેમજ આહાર વાલી વનસ્પતિને અસર કરે છે. થોડો સમય લે છે પરંતુ ઈલાજ નિશ્રિતરૂપથી કરે છે. કુંવરપાઠાનો જ્યુસ સિવાય બીજી કોઈ ઔષધિ નથી જેનો નિરંતર ઉપયોગ આપણા શરીરમાં થવો જોઈએ.

**કુવરપાઠાનો સટીક લાભ :-** કુંવરપાઠાના સેવનથી નિમ્ન બીમારીઓમાં લાભ થાય છે. લિવર, કિડની, પીલીયા, હદયરોગ, ગઠીયા, ત્વચા, રોગ, અસ્થમા, ઉચ્ચ રકતચાપ, મધુમેહ, સ્ત્રીરોગ, કેન્સર કી રોકથામ, વિશેષ સહાયક છે. વાયુવિકાર નેત્રરોગ ઠીક કરે છે. બાલને ટુટતા બચાવે છે. વીર્ય તથા યૌન શકિત વધારે છે. મોટાપો ઓછો કરે છે, માનવીની સ્વાભાવિક રોગ પ્રતિરોધક શકિત વધારે છે.

**ત્વચા સમસ્યાઓનુ સંપૂર્ણ સમાધાન :-** પ્રાકૃતિક રૂપથી ત્વચાને નરમ રાખવાથી સહાયક બને છે. ગુઠલી પાણીના યોગથી પત્થર કો ધીસકર લગાવવાથી બિચ્છુ તતૈયા તથા વિશેલી વિશ સમાપ્તિ થાય છે. ઉગ્ર, તૃષ્ણા, શાંત હોય છે. આમ ગુઠલીને ગીરવાથી મહીન ચૂર્ણ મંજન કરવાથી પાયરીયા રોગ તથા દાંત તેમજ મસુડોના રોગો દૂર થાય છે.

**OSHWAL EDUCATION TRUST MANAGED**

## *Shri Gosar Hansraj Gosrani Commerce (Eng. Med)& Shri D. D. Nagda B.B.A. College, Jamnagar*

**Reaccredited Grade 'A' By NAAC**
**(National Award Winning Campus)**

## Rahul Tankariya Jamnagar boy on the Ceremonial Boulevard of Rajpath



To be a part of the ceremonial parade at Rajpath was a dream which came true for Rahul Tankariya, an assuming boy of Jamnagar who silently clutched on to his dream and made it a reality. It is a story of an unhindered goal, overcoming pressures, battling odds and giving up comforts to be selected for that coveted place i.e., to be a part of the contingent that marches on the Rajpath on 26th January Republic Day parade.

Rahul Tankariya a BBA Sem IV student of Shri GHG DDN College Jamnagar is that proud NSS cadet who after two rounds of the selection process first at Ahmedabad and then at Hyderabad, became one of the 10 cadets selected from Gujarat and one of the two cadets to be selected from Saurashtra. He was the only cadet from Gujarat to perform before the PM, at the PM house the traditional garba, another momentous moment. Rahul is the 2nd cadet of Shri GHG DDN college to march down the Rajpath on Republic Day parade, the first one being Abhilash Nambiar in 2003.

Rahul proves the adage that 'opportunities are never lost its just that the other person takes it away'. Rahul used every opportunity that the college offered and achieved his goal. Rahul, believes and lives by the NSS motto "YOU before I".

## Cycle Rally



Giving Republic Day a purpose was the mission of the Management, staff and students of GHG DDN College on 26th Jan 2021.The idea was to propagate National Integrity, Voter Awareness, Fit India and Fuel Conservation. The rally saw the active participation of OET Stalwarts Shri C.R.Shah Honorary Secretary OET, Shri. Bhartesh Shah Trustee, OET Shri. Keshavjibhai Gosrani Chairman, College Management Committee & Trustee, OET, Shri. Bipinbhai Zaveri Management Committee Member Shri. Rasikbhai Shah Management Committee Member Shri. Ashokbhai Shah Management Committee Member, OET, Dr. Ajay Shah Deputy Director, JVIMS College, Ms. Hetal Savla Principal, CZMG BCA College and Mr. Riyaz Pathan Principal, MKMG LLB College. The programme was successfully carried out under the guidance of Dr. Snehal Kotak Palan (Campus Director), Ms. Sandra Moss (Vice –Principal), Ms. Aqsa Khatri (NSS Programme Officer), Ms. Hetal Gandecha (NSS Co-ordinator) and Lt. Prabhanshu Awasthi (Sports Director). Nearly 225 staff and students participated in the rally.



# જામનગર સ્થિત પરમ્ આરાધ્યદેવ ભગવાન શ્રી નેમીનાથજીની મહાપ્રભાવિક પ્રાચિન પ્રતિમાનો મંગળ ઈતિહાસ

સૌજન્ય : સંકલિત

જામનગર જૈન દેરાસરો તેની ભવ્યતાથી સુપ્રસિધ્ધ છે. કાજીના ચકલામાં બે જૈન દેરાસરો આવેલા છે. એક શ્રી ધર્મનાથજીનું તથા બીજું શ્રી નેમીનાથજીનું. શ્રી નેમીનાથજીનું દેરાસર અને તે દેરાસરમાં રહેલી ભગવાન શ્રી નેમીનાથજીની ભવ્ય અને પ્રાચિન પ્રતિમા પોતાનો એક ઈતિહાસ ધરાવે છે.

જામનગરના વેપારી શેઠ મુઠણસિંહને ધંધાર્થે દરિયાઈ સફર ખેડવી પડતી. કોઈવાર સુરત તો કોઈવાર કોડીનાર તો વળી નવખણી,ખંભાત, કલીકટ, કોચીન, દ્વારકા વિ. સ્થળોએ શેઠ દરિયાઈ રસ્તે આવ જા કરતાં હતાં. એકવાર વહાણો ભરી દ્વારકા નગરીમાં વેપાર અર્થે મુકામ કર્યો. વહાણોમાં દ્વારકામાંથી ખરીદ કરેલ રૂ ભર્યુ, શેઠ પોતાના વહાણ ઉપર આવ્યો અને તેના ખલાસીઓને વહાણો ચલાવવા હુકમ કરી પોતે પ્રતિક્રમણ કરવા બેસી ગયા.

ખલાસીઓ ભરતીની રાહ જોવા લાગ્યા તથા વહાણ હંકારવા માટે અનુકૂળતા પ્રાપ્ત થતા તેના લંગરો વિ. ઉપાડી વહાણના ખલાસીઓ જેવું લંગર ખેંચવા લાગ્યા ત્યાં લંગર પાણીમાં કોઈ વસ્તુને ચોંટી રહેલું ખલાસીઓને લાગ્યું. તેથી ખલાસીઓએ તપાસ કરી તો લંગરના એક પાંખીયામાં મુર્તિ જેવું દેખાયું થોડી મુસીબતે લંગર ઉપર આવ્યુ અને ખલાસીઓએ તે મૂર્તિ જે લંગર સાથે ચોંટેલી હતી તે શેઠને બતાવી અંધારૂ થઈ જવાથી શેઠ તે મૂર્તિને બરાબર ઓળખી ન શકયા છતાં મનોમન તેણે વિચાર્યુ કે નકકી કોઈ જિનેશ્વરદેવની આ મૂર્તિ છે. શેઠ અને તેમના ખલાસીઓને આ રીતે મૂર્તિ આવેલી જોઈ ખૂબ જ નવાઈ લાગી. શેઠે પ્રભાતે વહાણ અનુકૂળ સમયે હંકારવા તેમના ખલાસીઓને કહયું અને વહાણમાં આવેલા તેમના આરામગૃહમાં ચાલ્યા ગયા. શેઠને ઉંઘ આવતી ન હતી. તેનું મન મૂર્તિના વિચારોમાં પરોવાઈ ગયું હતું. અને પ્રભાત થવાની રાહ જોવા લાગ્યા.

પ્રભાતના પહેલા કિરણમાં શેઠે તે મૂર્તિને બરોબર નિરખી અને તુરત જ બોલી ઉઠયા કે 'આ મૂર્તિ તો ભગવાનશ્રી નેમિનાથજીની છે' આથી તેઓએ મૂર્તિનું વિધિસર પૂજન કર્યુ અને રૂ ભરેલા વહાણમાં મૂર્તિનું મુખ યોગ્ય દિશામાં રાખી તેઓ જામનગર આવવા રવાના થયા.

વહાણો જામનગરના બંદરે લાંગર્યા, વહાણમાંનું રૂ ઉતારવામાં આવ્યું ત્યારબાદ ખૂબ ધામધૂમ પૂર્વક મૂર્તિને શહેરમાં લાવવામાં આવી.

ભગવાન શ્રી નેમિનાથની આ ભવ્ય મૂર્તિને શેઠે પોતાના ઘરમાં રાખી અને હંમેશા પવિત્ર ભાવનાથી તેની પૂજા ભકિત કરવા લાગ્યા. આમ એક દિવસ તે ભગવાનની મૂર્તિ પુજા કરી રહયા હતા ત્યાં તેમના ભકિતભાવથી ભરપુર હૃદયમાં એક વિચાર જાગ્યો શ્રી વિતરાગ દેવ તરફથી મને મળેલી આ અમુલ્ય પ્રસાદી રૂપ મૂર્તિને મારે શિખરબંધ દેરાસરમાં જ તેની પ્રતિષ્ઠા કરાવવી જોઈએ અને તેના માટે મારે તેવું દેરાસર બંધાવવું જરૂરી છે.

શુભ દિવસે શેઠ તરફથી દેરાસરનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું પણ ત્યાં આગળ દરરોજ ચમત્કાર સર્જાવા લાગ્યો. દિવસ દરમ્યાન જેટલું ચણતર કામ થયું હોય તે રાત્રિના પહેલા જ પહોરમાં જમીન દોસ્ત થઈ જતું પણ બીજે દિવસે જરાપણ કંટાળ્યા વગર મુહણસિંહ શેઠ કડિયા અને સલાટોને ચણતરકામ કરવા આજ્ઞા આપતા જેટલું ચણતર થયું હોય તે રાત્રિ દરમ્યાન કડકભૂસ્સ થઈ જતું. સાતવાર આવી રીતે થવાથી શેઠ જયોતિષીઓ, યોગી - મહારાજો, સંતો અને ફકિરો વિ. ને આમ થવાનું કારણ પૂછવા લાગ્યા અને તેમને જે કંઈ નિરાકરણ બતાવવામાં આવ્યું તે મુજબ કાર્ય કરતાં પણ જે બનતું આવતું હતું તેનુ જ પુનરાવર્તન રાત્રિ દરમ્યાન થતું અને જૈન દેરાસરનું કામકાજ આગળ વધતા અટકતું હતું.

મુહણસિંહ શેઠ આથી ખૂબ વિચારમાં રહેવા લાગ્યા અને દેરાસરનું કાર્ય આગળ કેમ વધે તેના ઉપાયો શોધવા લાગ્યા. ત્યારે જ ત્યાં પધારેલ મહાન તેજસ્વી જ્ઞાની આભાર્ય મહારાજશ્રીને વંદના કરી પોતે શા માટે આવ્યા છે તે તમામ વાત મહારાજશ્રી આગળ રજુ કરી.. વાત સાંભળી.. મહારાજશ્રીએ મધુર વચનોથી શેઠને બીજે દિવસે આવવા જણાવ્યું.. વંદના કરી મુહણસિંહ શેઠે મહારાજશ્રીમાં શ્રધ્ધા મૂકી પોતાના દૈનિક કાર્યમાં જોડાયા.

રાત્રિ દરમ્યાન પૂ. ધર્મમૂર્તિસુરિશ્રરજી મહારાજે (અચલગચ્છની અધિષ્ઠાયિકા) મહાદેવી શ્રી ને વંદના કરી પોતાને યાદ કેમ આ રીતે કર્યા છે તેનું કારણ માંગ્યુ ત્યારે મહારાજશ્રીએ દેવીજીને જણાવ્યું કે 'હે માતાજી આપ સર્વે બિનાથી વાકેફ છો. આપશ્રીની પાસે મુહણશેઠનાં જૈન દેરાસર બાંધવાના મનોરથ કેમ પૂર્ણ થતા નથી ? પૂર્ણ કરવા માટે આપ માર્ગદર્શન આપો' શ્રી મહાકાલી માતાજીએ પૂ. મહારાજશ્રીને આ પ્રમાણે જણાવ્યુ કે

'ભગવાન - શ્રી કૃષ્ણના શાસન દરમ્યાન જે ભગવાન શ્રી નેમિનાથજી સદેહ વિચરતા હતા એ સમય દરમ્યાન વાસુદેવજી તથા (બળદેવજી) બલભદ્ર નામના બે ભાઈઓ હતાં તેમનાં બલભદ્રજી નિયમીત પૂજન વિ. કરતાં અને નિયમિતતા જળવાઈ રહે એ હેતુથી તેઓએ જીવંત સ્વામી એવા શ્રી નેમિનાથજી ભગવાનની મૂર્તિ બનાવરાવી અને પોતાના ઘરમાં ઘરદેરાસર બનાવી તે શ્રી નેમિનાથજીના ગણધર શ્રી વરદત દ્વારા કરાવવામાં આવેલ હતી. આથી ભગવાનની મૂર્તિ મહાપ્રભાવિક અને દિવ્ય ચમત્કારિક બની ગયેલી ઉપરાંત મૂર્તિની આંગી પૂજા વિ. કાર્યો બલભદ્ર નિયમિત કરતા હતા.

continue on page 42

continue from page 41

વર્ષો પછી એક એવા સમયે દ્વારિકામાં કુદરતી તોફાને પોતાનું સ્વરૂપ પ્રગટાવ્યું. સમુદ્રના મોજાઓ આકાશને આંબવા માટે પૂર જોશમાં ઉછળવા લાગ્યા. અગ્નિએ ભયંકર દાવાનળ ધરતી ઉપર સળગાવ્યો. આવી પરિસ્થિતિને લઈને દ્વારકાનો નાશ થયો. નગરીની જગ્યાએ હાથી ડૂબી જાય તેટલું પાણી અને પાણી. એ પાણીના પ્રવાહમાં ભગવાન શ્રી નેમિનાથજીની આ ચમત્કારીક મૂર્તિ પણ ખેંચાવા લાગી અને મૂર્તિ તરત જ સમુદ્ર ના તળીયે પહોંચી જયાં ભગવાનશ્રીની મૂર્તિનું વિધિસર પૂજન શાસનદેવે કર્યું આથી અસામાન્ય મૂર્તિ વધારે શકિતશાળી બની. આવી મહાનતાથી સભર એવી મંગલમૂર્તિ મુહણસિંહ શેઠ પાસે શેઠના પૂનિત કાર્યો અને કર્મથી મળી આવેલ છે. તે મૂર્તિ પ્રથમ થી જ ઘરદેરાસર માટે તૈયાર કરવામાં આવેલી હોય અને ઘરદેરાસરના નિયમોથી તેની પ્રતિષ્ઠા વિધિ મહોત્સવ થયેલો છે તેથી તે મૂર્તિ શિખરબંધ દેરાસરમાં બિરાજમાન નહિ થઈ શકે અને તેને બિરાજમાન (રાખવી હોય) કરવી હોય તો તે બિરાજમાન થશે." આવી હકીકત સંભળાવી તે મહાદેવી અદશ્ય થઈ ગયા.

બીજે દિવસે મુહણસિંહ શેઠ પૂ. મહારાજશ્રી પાસે ગયા. વંદના કરી ઉભા રહયા ત્યાં જ પૂ. મહારાજશ્રીએ તેમને શ્રી મહાકાલી દેવી સાથે થયેલી વાતથી માહિતગાર કર્યા આથી. મુહણસિંહ શેઠ ખૂબ આનંદિત થયા અને પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી શિખર વગરના દેરાસરનું ચણતર કામ શરૂ કરાવ્યું.. જયારે દેરાસર તૈયાર થઈ ગયું ત્યારે પુષ્કળ ધન ખર્ચી વસંત પંચમી (વિ.સે. ૧૬૪૮) ના રોજ ભગવાન શ્રી નેમિનાથજીની મૂર્તિનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવેલ હતો.

આ મહાપ્રભાવિક મંગલ મૂર્તિ આજે પણ દેરાસરમાં બિરાજેલી છે. તેની સાથે જ ભગવાનની નેમિનાથજી અધિષ્ઠાયી શ્રી અંબિકા દેવીની પણ પ્રતિષ્ઠા થયેલ છે. ભગવાનશ્રી જે પત્થર ઉપર બિરાજમાન હતા. તે લાલ કાળા પત્થર પર દેરાસરજીના બહારના રંગમંડપમાં શ્રી પદ્મપ્રભુજીની દેરીમાં સ્થાપિત કરેલ છે.

આવા મહાન ચમત્કારીક ભગવાન શ્રી નેમિનાથજીના દેરાસરનો વહિવટ ખાનગી ટ્રસ્ટીઓ મારફત થતો હતો તે વિ.સં. ૨૦૦૨ થી શેઠ શ્રી રાયશી વર્ધમાન ટ્રસ્ટ હેઠળ ચાલે છે. ભગવાનના જન્મ કલ્યાણને શહેરની જૈન જનતા અને ખાસ કરીને ઓશવાળ જ્ઞાતિ ખુબ જ ધામધુમથી ઉજવે છે. ભવ્યાતિ ભવ્ય અંગરચના કરવામાં આવે છે. આશરે સંવત ૧૯૨૫માં સ્થપાયેલ શ્રી જામનગર જૈન મોહનમંડળ ખુબ જ ઉત્સાહથી સ્નાત્રપંચ કલ્યાણકની અષ્ટપ્રકારી પૂજા તેમજ રાત્રે ભાવના રાખવામાં આવે છે. હાલમાં મંડળીના જુના સભ્યો દેવ થતા નવી હરોળ ઉભી થઈ છે. અને પૂરા ઉત્સાહથી પ્રભુ ભકિતમાં વધારે તલ્લીન બને છે, જે પ્રશંસનીય છે.

---

## મહાસાગરનાં મોતી

સંકલન -વાડીલાલભાઈ દોશી
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ

### મોટા માણસ નહી.મહામાનવ બનીએ....

સંપન્ન લોકો જરૂર કરતાં મોટાં મકાન બનાવડાવે છે. મકાન – બંગલા કિંમતી સામાનથી શણગારવામાં આવે છે. વાહન, નોકર વગેરે જરૂર કરતાં વધારે સંખ્યામાં રાખે છે. પ્રીતિભોજન, જલપાન વગેરે પાછળ કેટલાંય રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે. આ આડંબર મોટાઈની વિડંબના જ રચે છે. લગ્નોમાં પણ એટલા માટે જ બેન્ડબાજાં, દારૂખાનું, સજાવટ પાછળ લાખો રૂપિયા ફૂંકી મારવામાં આવે છે. કૂતરાંથી માંડીને વાઘ પાળવાનો શોખ એટલા માટે કરવામાં આવે છે કે એમનું નામ ચર્ચાનો વિષય બને. ગરીબો દ્વારા અમીરીનું નાટક કેટલું વિચિત્ર લાગે છે. ધોબી પાસેથી ભાડે કપડાં લઈ કોઈની જાનમાં છાતી કાઢીને ચાલવું જાણકારોની દષ્ટિમાં કેટલું હાસ્યાસ્પદ લાગે છે. હજાર, બે હજાર સ્કે. ફૂટનો ફલેટ હોય તો બધાને કહેતાં ફરીએ છીએ પરંતુ ભગવાન પોતાની દુનિયાના સ્કે.ફૂટ બાબત કયારેય બોલતા નથી. હરઘડી આ અભાગી માનવ પોતાના અસલ સ્વરૂપને છુપાવીને બીજાની આંખોમાં ધૂળ નાખીને કેવો સુંદર દેખાવા લાગે તેની જ માથાકૂટમાં લાગ્યો રહે છે.

મહાનતાનો માર્ગ અપનાવવા માટે વિદ્વાન અથવા ધનવાન બનવું જરૂરી નથી. તેના માટે ચતુરાઈ પણ જરૂરી નથી. નરસિંહ મહેતા,જલારામ બાપા, કબીર ખાસ કંઈ ભણેલા ન હતા. ધનવાન પણ ન હતાં. મહાન વ્યકિત કેવળ પ્રેમી હોય છે, સરળ હોય છે, સજ્જન હોય છે. પ્રભુની સમીપ પહોંચવા માટે સૌથી પહેલાં આપણે જીવનમાં નાના બનીએ, એટલા નાના કે સંસારમાં સૌથી નાના. મકાન બનવાનો બીજાંકુરએ નમ્રતા છે. બધા જ મહાપુરુષો વિનમ્રતા, સેવાભાવના અને નિરંહકારિતાને લીધે જ મહાન બન્યા છે. મોટો માણસ એક દિવસ મરી જાય છે. પરંતુ મહાન આત્માઓ કયારે પણ મરતા નથી. શંકરાચાર્ય, બુદ્ધ, મહાવીર, વિવેકાનંદ આજે પણ જીવીત છે, અમર છે, મહાનતાનો આધાર છે... સાદું જીવન તથા ઉચ્ચ વિચાર. ભગવાન ફકત એવા લોકોને જ મદદ કરે છે જેઓ કોઈ મહાન કાર્ય માટે સમર્પિત થઈ જાય છે. ભગવાને સૂર્ય દ્વારા પ્રકાશ, વાદળો દ્વારા જળ તથા પર્યાપ્ત હવા જીવન ચલાવવા માટે દીધા છે. આ એમની મહાનતા છે.

આજે ૧૦૦માંથી ૯૯ વ્યકિત લખપતિ, કરોડપતિ બનવા ઈચ્છે છે.પણ બે, પાંચ વિવેકાનંદ, નાનક, દયાનંદ જેવા બનવા ઈચ્છતું નથી. આપણી ખાણોમાંથી હીરા નીકળવાનાં બંધ થઈ ગયા છે અને કોલસા નીકળી રહયા છે. આજે જરૂર છે મહામાનવોની.

... જયેન્દ્ર ગોકાણી

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

સંચાલિત

# લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર

જામનગર થી ૧૨ કી.મી. દૂર લાખાબાવળ સ્થિત અમારા કુદરતી ઉપચાર કેન્દ્રની મુલાકાત લઈ નીચેના રોગોથી મુક્તિ મેળવો.

- માઈગ્રેન
- સંધિવા
- કમર–ગરદન–ઢીંચણનો દુઃખાવો
- મેદસ્વિતા (વધારે પડતુ વજન)
- સોરાયસીસ
- ડાયાબિટીસ
- બ્લડપ્રેશર
- ચક્કર આવવા
- અપચો
- કબજિયાત
- એલર્જી
- વર્ટીગો
- વેરીકોઝ વેઈન
- અનિંદ્રા
- ડિપ્રેશન
- અસ્થમા
- આર્થરાઈટીસ
- સાઈનસ
- થાઈરોઈડ
- સાયટિકા
- એસીડીટી
- ચામડીના રોગો
- કીડનીને લગતા રોગો
- ગેસ વગેરે.....

**કોઈ પણ જાતની દવા વગર કુદરતી ઉપચાર પદ્ધતિથી રોગને જડમૂળથી દૂર કરવા માટે આજે જ મુલાકાત લો.**

લીલાવતી નેચરક્યોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર
લાખાબાવળ, જામનગર, ગુજરાત.

@leelavatinaturecure @leelavatinaturecure www.leelavatinaturecure.com

info@leelavatinaturecure.com

પૂછપરછ માટે : કોલ અથવા વોટ્સએપ કરો.

+91 9913561453, +91 9978561453 , +91 6358761453

OSHWAL EDUCATION TRUST
managed

# SMT. P. L. HARIA PRE-PRIMARY SCHOOL



**Age 2+**
TODDLER'S DEN
(PLAYHOUSE)

**Age 3+**
WENDY WINGS
(NURSERY)



**Age 4+**
FIRST STEPPER
(L.K.G.)

**Age 5+**
BLOOMING BUDS
(U.K.G.)



# ADMISSIONS OPEN 2021-22

- Activity-based Learning
- **Burdenless & Progressive Curriculum**
- Continuous Evaluation by Integrated activities
- **Experienced & Qualified teachers**
- Practice worksheets & sample papers
- **Student-Teacher ratio as per ECCE guidelines**
- Hands-on Learning
- **Developing Emotional Intelligence and Self-discipline**



***EXCELLENCE IS OUR MOTTO SINCE 1981***



Shri L.G.Haria School  hariaschooljamnagar  Hariaschool.edu.in
8866561453, 0288-2561453  Indira Gandhi Marg,Nr. Janta Fatak Jamnagar